રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો વાર્ષિકોત્સવ
## અને
## સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા : મણકો -૬૩

વક્તા : શ્રી જયભાઈ વસાવડા

વિષય : ‘જીવન જીવવાની કળા’



તારીખ : ૧૮, ડિસેમ્બર ૨૦૨૫

સ્થળ : લોકભારતી

ગુણ નહીં ગુણવત્તા કેળવાય એ જ જીવનની કેળવણી. જે છોડી શકે તે જીવી શકે.

વર્ષ: ૭૯ અંક : ૦૬ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬

# લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરાના વાર્ષિકોત્સવની એક ઝલક



સંચાલન : શ્રી વિશાલભાઈ ભાદાણી



આવકાર પરિચય : શ્રી અરુણભાઈ દવે



સંદેશાવાચન : શ્રી કાંતિભાઈ ગોઠી



અહેવાલ રજૂઆત : શ્રી હસમુખભાઈ દેવમુરારિ



રસતરબોળ શ્રોતાગણ



રસતરબોળ શ્રોતાગણ




વિદ્યાર્થીઓ દ્વારા મૂલ્યવર્ધિત વસ્તુઓની લોકહાટ

# કોડિયું

વર્ષ : ૭૯ | જાન્યુઆરી ૨૦૨૬ | અંક : ૦૬


## અનુક્રમણિકા


૦૧ **શ્રી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા વાર્ષિક નિવેદન** ...૦૬
(તા. ૨૮-૧૨-૨૦૨૪થી તા. ૧૭-૧૨-૨૦૨૫)
હસમુખભાઈ દેવમુરારિ

૦૨ **સંસ્થા સમાચાર** ...૪૫
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

૩૧મી ડિસેમ્બર, પૂજ્ય નાનાદાદાની પુણ્યતિથિ. કેવો સુયોગ છે કે ભારતીય તિથિ પ્રમાણે વર્ષના પ્રથમ દિવસે જન્મ અને અંગ્રેજી કેલેન્ડરના અંતિમ દિવસે વિદાય. આજે ૬૪ વર્ષથી પૂ.નાનાદાદા અને ૨૪ વર્ષથી પૂજ્ય મનુદાદા સદેહે આપણી વચ્ચે નથી, છતાં લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓમાં ભાગ્યે જ એવો દિવસ ગયો હશે કે તેમનું સ્મરણ ન થયું હોય. લોકભારતીને મળેલી દાદાઓની ફોજ એ દક્ષિણામૂર્તિદેવની અમૂલ્ય કૃપા સમાન છે.

સંસ્થાઓના વાર્ષિકોત્સવ વર્ષોથી બધા ઉજવતા આવ્યા છે પણ જીવનમૂલ્યોના સંવર્ધન સાથે ભૂતકાળમાંથી બોધપાઠ લઈને ભવિષ્યનું સર્જનાત્મક-રચનાત્મક આયોજન કરતી સંસ્થાઓ બહુ ઓછી છે.

લોકભારતી કેળવણીની સંસ્થા હોવાથી તેના વિદ્યાવિસ્તરણ અને સંશોધનનાં કામોને સંપૂર્ણ શૈક્ષણિક અભિગમથી આયોજવામાં આવે છે. સમૂહજીવન-છાત્રાલયોમાંથી મળતી જીવન જીવવાની કળા એ લોકભારતીની આગવી ઓળખ છે.

સંસ્કાર વગરનું શિક્ષણ એ ગળપણ વગરના ગોળ જેવું છે. જીવનમૂલ્યોનું આપણા જીવનમાં અતિ અગત્યનું સ્થાન હોવા છતાં એ ક્ષેત્રે સૌથી ઓછું ધ્યાન અપાય છે. કહેવાતો ભૌતિક સુવિધાઓનો સુધારો એ વિનોબાજી સમજાવતા તેમ વાસ્તવમાં કુધારો બની રહ્યો છે. પરિવર્તન એ અનિવાર્ય પ્રક્રિયા ગણાતી હોવા છતાં પરિવર્તન કેવું, કેટલું અને ક્યાં કરવું તેનો વિવેક હોવો જરૂરી છે. આજે શરીરશ્રમ અને સમૂહજીવન કે સંયુક્ત કુટુંબો સંદર્ભે ખૂબ ઉદાસીનતા પ્રવર્તે છે. પરિવારના ગણા-અણગમાથી લઈને દેશ-દેશ વચ્ચે થતાં યુદ્ધોના મૂળમાં આપણા જીવનમાં પ્રવર્તતો અજંપો-અભાવો છે. આ અભાવો-ખાલીપો પૂરવા માટેનું માણસ માટે કોઈ એક માત્ર સક્ષમ સાધન હોય તો તે છે શિક્ષણ. આજે બત્રીસ લક્ષણા માણસો જ્યાં જોવા મળે છે; જ્યાં સંતોષી સમાજ જીવી રહ્યો છે; જ્યાં સત્ય, પ્રેમ, કરુણા, સેવા, મૈત્રીભાવ વગેરે સદ્‌ગુણોસભર જીવન જીવાઈ રહ્યું છે; ત્યાં સંશોધનો કરવામાં આવી રહ્યા છે. આ તમામ સંશોધનોએ પૂરાવા સાથે જણાવ્યું છે કે તેનાં વિવિધ કારણો નથી, એકમાત્ર કારણ છે અને તે છે ત્યાં અપાતી જીવનલક્ષી કેળવણી.

આપણી સંસ્થાઓ આ જ પ્રકારની કેળવણી આપી રહી છે, એથી મોટો ભરોસો શું હોઈ શકે?

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન-ભાવનગર ૧૧૫ વર્ષથી, ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા ૮૭ વર્ષથી અને લોકભારતી ૭૨ વર્ષથી તેના મૂલ્યો સાથે કાર્યરત છે એથી મોટી ઉપલબ્ધિ શું હોઈ શકે?

આપણી સંસ્થાઓમાં પરીક્ષા અને પરિણામ મહત્ત્વનાં નથી, જીવનલક્ષી પ્રક્રિયા અગત્યની છે. એમાંથી મળતો અનુભવ મહત્ત્વનો છે.

આ પ્રક્રિયાને માણવી કેમ તે આજના શિક્ષણજગતને અને ભણતા વિદ્યાર્થીઓને પકડાતું-સમજાતું નથી એ સૌથી મોટી કઠણાઈ છે.

જેમ પાન, કાથો, ચૂનો, મુખવાસ જુદા જુદા હોવા છતાં જ્યારે એક સાથે ચાવવાથી સર્વાંશ લાલ મોઢું થાય છે તેમ આપણી સંસ્થાઓમાં કરાવાતા શરીરશ્રમ, ઉત્પાદકશ્રમ કે અનેકવિધ કરાવાતી સર્જનાત્મક પ્રવૃત્તિઓ આગળ જતાં સર્વાંશે જીવનની લાલી પકડાવી શકે તેમ છે તે કોઈ સમજતું નથી.

લોકભારતીનો વાર્ષિક અહેવાલ જોતા-સમજતા ખ્યાલ આવશે કે જીવનલક્ષી કેળવણી આપતી કેટલી બધી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીલક્ષી થઈ રહી છે. પરિણામે છાત્રોને સંવેદના, સંસ્કૃતિનું પોષણ મળે છે.

નવા વર્ષની પરસ્પરને શુભેચ્છાઓ પાઠવીએ.

— [signature]

## ૦૧ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા : વાર્ષિક નિવેદન
## (તા. ૨૮-૧૨-૨૦૨૪થી તા. ૧૭-૧૨-૨૦૨૫)

**હસમુખભાઈ દેવમુરારિ**

લોકભારતીના વાર્ષિકોત્સવ અને સ્વ.પૂ.નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળાના આ ત્રેસઠમા મણકામાં ઉપસ્થિત મુખ્ય અતિથિશ્રી અને જાણીતા વક્તા અને વિચારક મા.શ્રી જયભાઈ વસાવડા, સંસ્થાના સર્વે વડીલો, અમારા નિમંત્રણને માન આપી પધારેલા સૌ શુભેચ્છકશ્રીઓ, દાતાશ્રીઓ, કાર્યકર મિત્રો અને વહાલા વિદ્યાર્થી બહેનો અને ભાઈઓ.

સૌને સાદર નમસ્કાર...

**-: શ્રદ્ધાંજલિ :-**

લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં પહેલાં બૃહદ લોકભારતી પરિવારમાંથી દિવંગત થયેલ વડીલો, દાતાઓ, શુભેચ્છકો, પૂર્વ કાર્યકરો, પૂર્વ વિદ્યાર્થીઓના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી પૂરા સંસ્થા પરિવાર તરફથી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. પૂર્વ કાર્યકર શ્રી ભરતભાઈ પટેલનાં ધર્મપત્ની પાર્વતીબહેન, લોકભારતીના શુભેચ્છક અને ઇન્કમટેક્સ સલાહકાર શ્રી નવીનભાઈ રાજ્યગુરુ, લોકભારતીના શુભેચ્છક દાતા શ્રી શરદભાઈ પટેલ, લો.ભા.પૂર્વ વિદ્યાર્થી શ્રી સુરેશભાઈ પટેલનાં માતુશ્રી સવિતાબહેન જાસોલિયા, લોકભારતીના શુભેચ્છક અને પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણાનાં માતુશ્રી ચંદ્રાબા, આંબલા મોજીલી શાળાના આચાર્ય શ્રી મહાશંકરભાઈ પંડ્યાનાં માતુશ્રી ઉજમબહેન, લોકભારતીના શુભેચ્છક અને પૂર્વ વિદ્યાર્થી તથા સહકારી આગેવાન શ્રી જયવંતસિંહજી જાડેજા, લોકભારતીના શુભેચ્છક દાતા શ્રી જગદીશભાઈ ત્રિવેદીના પિતાશ્રી, લોકભારતીના પૂર્વ કાર્યકર શ્રી પ્રવીણભાઈ મશરૂવાળા, લોકભારતીના શુભેચ્છક શ્રી કાંતિભાઈ પરસાણાનાં ધર્મપત્ની શ્રી કસુંબાબહેન, લોકભારતીના શુભેચ્છક જસદણના શ્રી અશોકભાઈ મહેતા, સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયનાં શ્રી સંઘમિત્રાબહેન ગાડેકર, પૂ. મોરારિબાપુનાં ધર્મપત્ની શ્રી નર્મદાબા, લોકભારતીના શુભેચ્છક ને ગાંધી આશ્રમ-ઝીલિયાના સંચાલક પદ્મશ્રી શ્રી માલજીભાઈ દેસાઈનાં ધર્મપત્ની સ્વ.શ્રી કેસરબેન, શ્રી નીતિનભાઈ પંચોળીનાં ધર્મપત્ની શ્રી ઇન્દુમતીબહેન, લોકશાળા-આંબલાના પૂર્વ કાર્યકર શ્રી ઘનશ્યામભાઈ ડોડિયાના પિતાશ્રી અંબાલાલભાઈ, લોકશાળા-માલપરાના પૂર્વ કાર્યકર શ્રી કેશુભાઈ મોરડિયા, લોકભારતીના શુભેચ્છક ને ગુજરાત સર્વોદય મંડળના મોભી અને સર્વોદય વિચારક શ્રી રજનીભાઈ દવેનાં ધર્મપત્ની સ્વ.શ્રી કામિનીબેન, લોકશાળા-મણારના પૂર્વ આચાર્ય શ્રી પ્રવીણભાઈ મહેતા, લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના શ્રમસંયોજક શ્રી વિનોદભાઈ પટેલ, લોકભારતી ટ્રસ્ટના કાર્યકર શ્રી જગદીશભાઈ સરવૈયાના પિતાશ્રી કાનજીભાઈ, લોકભારતી અધ્યાપનમંદિરના આચાર્ય શ્રી જગદીશગિરિ ગોસાઈના પિતાશ્રી ઉમેદગિરિબાપુ, આંબલા લોકશાળાના પૂર્વ નિયામકશ્રી લાલજીભાઈ નાકરાણીના દીકરા શ્રી મધુકરભાઈનાં ધર્મપત્ની શ્રી સવિતાબહેન, લો.ભા.ના પૂર્વ વિદ્યાર્થી શ્રી નંદુબહેન અને શ્રી મોહનભાઈ દલસાણિયાના પુત્ર શ્રી રાહુલભાઈ, શ્રી નાનુભાઈ શિરોયાનાં ધર્મપત્ની શ્રી મંગળાબેન શિરોયા અને હમણાં જ લોકસેવા મહાવિદ્યાલયની પ્રથમ વર્ષની એક દીકરી શ્રી તનુશ્રી ઠાકોરનું કુમળી વયે અવસાન થતાં તે સહિતના આપણા બૃહદ પરિવારના દિવંગત આત્માઓને વંદન સાથે આપણા સૌ વતી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**-: નવનિયુક્તોને આવકાર :-**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી જેનિલરાજેબહેન પરમાર | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૨ | શ્રી દીપાલીબહેન હીરાણી | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |

| | | | |
|---|---|---|---|
| ૦૩ | શ્રી અંકિતભાઈ કચ્છી | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૪ | શ્રી રિશીરાજભાઈ યાદવ | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૫ | શ્રી પરેશભાઈ ઝીન્ઝાળા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૬ | શ્રી દીક્ષિતભાઈ પરમાર | વહીવટી કાર્યકર | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૮ | શ્રી રવિભાઈ ચૌહાણ | ગૃહપતિ | ગૃહ અને લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૭ | શ્રી કિરણભાઈ ડેર | ગૃહપતિ | ગૃહ અને રસોડા વ્યવસ્થા |
| ૦૮ | શ્રી દક્ષકુમાર પટેલ | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૯ | શ્રી શ્રદ્ધાબેન વેગડા | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |

**-: સેવાનિવૃત્તો માટે શુભેચ્છાઓ:-**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી વિશાલભાઈ ચૌધરી | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૨ | શ્રી હસમુખભાઈ સુથાર | આચાર્ય | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૩ | શ્રી મનોજભાઈ અગ્રાવત | અધ્યાપક | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૪ | શ્રી અલ્કેશભાઈ ચૌહાણ | અધ્યાપક | લોકસેવા મહાવિદ્યાલય |
| ૦૫ | શ્રી કવિભાઈ વ્યાસ | ડેપ્યૂટી રજિસ્ટ્રાર | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૬ | શ્રી ઉપાસનાબહેન પટેલ | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૭ | શ્રી મેહુલભાઈ ગોહિલ | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૮ | શ્રી આનંદીબહેન જોશી | અધ્યાપક | લો.ભા. યુનિવર્સિટી |
| ૦૯ | શ્રી સરોજબેન ચૌધરી | શ્રેયાન વૈજ્ઞાનિક | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર |

**સંસ્થાના વિભાગોનો વિભાગવાર અહેવાલ આપું તે પહેલાં સમૂહના કેટલાક સમાચારોની એક ઝલક**

- સૌ પ્રથમ એક ખુશી અને ગૌરવના સમાચાર...

લોકભારતીના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી અને આપણા માર્ગદર્શક શ્રી અરુણભાઈ દવેને ફૂલછાબ-રાજકોટ તરફથી પ્રસિદ્ધ એવો સમાજસેવા અંગેનો 'ફૂલછાબ ઍવૉર્ડ' અર્પણ કરી બીજી ઑક્ટોબરના સન્માન કરવામાં આવ્યું. તેવી જ રીતે તેમને વિશ્વકોશ ટ્રસ્ટ-અમદાવાદ તરફથી તારીખ ચોથી ડિસેમ્બરના રોજ 'શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ' અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

- લોકભારતી યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી વિશાલભાઈ ભાદાણીને સરદાર પટેલ યુનિવર્સિટી-વલ્લભવિદ્યાનગર તરફથી 'શ્રેષ્ઠ પૂર્વ વિદ્યાર્થી સન્માન' અને રોયલ રોટરી ક્લબ-ભાવનગર તરફથી 'નેશન બીલ્ડર ઍવૉર્ડ' એનાયત કરવામાં આવ્યો.
- લોકભારતી યુનિવર્સિટીના અધ્યાપક શ્રી સચીનભાઈ ધોકિયાને દિલ્હી મુકામે ICAR તરફથી મીલિયોનર ફાર્મર તરીકેનું સન્માન એનાયત કરવામાં આવ્યું.

આવા ઉચ્ચ કક્ષાના સન્માનો માટે સમગ્ર લોકભારતી પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે ને આ સૌને સાદર અભિનંદન પાઠવે છે.

**હવે આપણા સમૂહના વાર્ષિક સમાચારો...**

- લોકભારતીનો વાર્ષિકોત્સવ અને સ્વ.પૂ. નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાના બાંસઠમા મણકાનો કાર્યક્રમ તા.૨૯મી

ડિસેમ્બરના રોજ સંપન્ન થયો. તેમાં પ્રથમ બેઠકનો પ્રારંભ સંગીતવૃંદના શાંતિપાઠ અને ગીત-ગાનથી થયો. મહેમાનશ્રીની ચંદન-તિલક અને પ્રતીકાત્મક સ્વાગત વિધિ પછી શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમની ભૂમિકા તથા વક્તાશ્રીનો આવકાર અને પરિચય કર્યો, શ્રી કાંતિભાઈ ગોઠીએ શુભેચ્છા સંદેશાઓનું વાચન કર્યું, નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ગત વર્ષનું વાર્ષિક નિવેદન સચિત્ર રજૂ કર્યું. એ પછી આ વ્યાખ્યાનમાળાના વક્તા મા. શ્રી વસંતભાઈ ગઢવીએ 'લોકસાહિત્યમાં જીવનમૂલ્યો' વિષયને કેન્દ્રમાં રાખી વક્તવ્ય રજૂ કર્યું. બપોરના ભોજન પછી બીજી બેઠકમાં ગીત-ગાન પછી વક્તાશ્રીએ વ્યાખ્યાનનો દોર આગળ લંબાવીને આ વ્યાખ્યાનમાળાનું બીજું વ્યાખ્યાન રજૂ કર્યું. તે પછી વક્તાશ્રીને શાલ અર્પણવિધિ ટ્રસ્ટીશ્રી રામચંદ્રભાઈ પંચોળી હસ્તે કરવામાં આવી અને લો.ભા.યુનિ.ના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ 'અર્બન એગ્રી કિટ' શ્રી હસમુખભાઈ પટેલ દ્વારા અર્પણ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ કર્યું. બંને બેઠકોનું સંચાલન અનુક્રમે શ્રી નીતિનભાઈ ભીંગરડિયા અને શ્રી પૂજાબહેન પુરોહિતે કર્યું. ત્યાર બાદ સાયં પ્રાર્થના થઈ અને કાર્યક્રમ સંપન્ન થયો. રાત્રે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો.

● સાવરકુંડલા સ્થિત શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે યોજાતી વિધવિધ સન્માનની પરંપરા મુજબ આ વખતે તા.૧૯મી જાન્યુઆરીના રોજ પૂ. મોરારિબાપુની પાવન ઉપસ્થિતિમાં લોકભારતીને 'લોકસેવક શ્રી લલ્લુભાઈ શેઠ શિક્ષણ સંસ્થા સન્માન' આપવામાં આવ્યું. આ સન્માન સ્વીકારવા મંચ પર આપણા કોઈ હોદ્દેદારોએ જવાને બદલે પાયાના કાર્યકરો એવા શ્રી ભૂપતભાઈ સોલંકી, શ્રી મિલનભાઈ કેરાસિયા અને શ્રી ઘનશ્યામભાઈ ચૌહાણને સન્માન સ્વીકારવા મોકલીને એક નવી પ્રથા પાડી.

● લોકભારતીના વિદ્યાર્થીઓનો અતિપ્રિય એવો કાર્યક્રમ 'સાહસદોડ' તા.૨૧મી જાન્યુઆરીના રોજ લોકભારતીથી વાંકિયા હનુમાન સુધીની યોજાઈ ગયો. સવારે ૦૬-૦૦ કલાકે શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ લીલી ઝંડી ફરકાવીને ધ્યાનમંત્ર ચોકથી સાહસદોડને પ્રારંભ કરાવ્યો. પછી સામૂહિક સંમેલન યોજાયું, જેમાં વાંકિયા હનુમાન આશ્રમના મહંત શ્રી રઘુનંદનબાપુ, સોનગઢ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ શ્રી સોલંકી સાહેબ અને લોકભારતીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા અને સૌએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા, દોડમાં ઝડપથી પહોંચેલ વિદ્યાર્થીઓને પુસ્તક ભેટ આપી સન્માનવામાં આવ્યા. બપોરના ભોજન-પ્રસાદ બાદ આ કાર્યક્રમ પૂરો થયો.

● તા.૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે પરેડના પ્રારંભે શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ સલામી ઝીલી પ્રસ્થાન કરાવ્યું. ધ્વજવંદનના સમયે પરેડ ધ્વજવંદનના મેદાન પર પહોંચી. ભાવનગરના તબીબ અને સ્વચ્છ ભારત મિશનના ભાવનગરના એમ્બેસેડર ડૉ. તેજસભાઈ દોશીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ત્યાર બાદ સારસ્વતભવનમાં સંમેલનમાં ડૉ. તેજસભાઈ દોશીએ 'પર્યાવરણ જતન, સ્વચ્છતા અને પ્લાસ્ટિક મુક્તિ : પ્રજાતંત્રની જરૂરી ફરજ' વિષયને કેન્દ્રમાં રાખી સચિત્ર પ્રેઝન્ટેશન અને વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય સરસ રીતે રજૂ કર્યા. શ્રી નિગમભાઈ શુક્લએ આવકાર અને મહેમાનશ્રીનો પરિચય આપ્યો. શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ આભારદર્શન કર્યું.

● આ વખતની ગાંધીનિર્વાણદિનની ઉજવણીમાં પ્રાતઃ પ્રાર્થના-'મંગળપ્રભાત'માંથી એક વ્રત વિશેનું વાચન શ્રી દિનુભાઈ ચુડાસમાએ કર્યું હતું. પછી ગ્રામસફાઈ કરવા સૌ પહોંચ્યા. બપોર પછીના સંમેલન માટે અનોખી રીતે ઉજવણી કરવા માટે વિદ્યાર્થીઓને અગાઉથી અભિમુખ અને પ્રોત્સાહિત કરવામાં આવેલા તે રીતે 'ગાંધીનિર્વાણદિને ગાંધીનિર્માણ'. વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી-વિચાર અને ગાંધીજીવન શૈલીના જુદા જુદા પંદરેક વિષયો/મુદ્દાઓમાં વિદ્યાર્થીઓએ ગાંધીવિચારનો અભ્યાસ કરીને સ્ક્રીપ્ટ તૈયાર કરી, દિગ્દર્શન અને ફોટોગ્રાફી સહિતની બધી પ્રક્રિયામાંથી પસાર થઈ અને પાંચ મિનિટની દસેક શોર્ટફિલ્મો બનાવી હતી, આ શોર્ટફિલ્મો ગાંધીનિર્વાણદિને આ સંમેલનમાં મોટા સ્ક્રીન પર રજૂ કરવામાં આવી. આ આખો ઉપક્રમ ગાંધીવિચાર ચિંતક શ્રી દક્ષાબહેન પટ્ટણીના પરિવારના સૌજન્યથી પાર પાડવામાં

આવ્યો. શ્રી દક્ષાબહેન પટ્ટણીના પરિવારજનો શ્રી કાલિંદીબેન પટ્ટણી વગેરે પણ સપરિવાર ઉપસ્થિત રહ્યાં. કાર્યક્રમમાં ગાંધીભારતીના સંયોજક શ્રી દિનુભાઈ ચુડાસમાએ રાજીપો વ્યક્ત કર્યો અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ સમાપન કર્યું.

● પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ, શિક્ષણ, સંગીત, સાહિત્ય અને અધ્યાત્મના સેતુ ગણાતા એવા ડૉ. શ્રી કિરણભાઈ લાભશંકર વ્યાસ તેમના આઠેક સાથીદારો સાથે ફ્રાંસથી લોકભારતીની મુલાકાતે તા. ૩૧મી જાન્યુઆરીએ સાંજથી આવ્યા. વિશ્વની અનેક શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલ ૮૧ વર્ષીય કિરણભાઈ વ્યાસને ભારત સરકારે 'પદ્મશ્રી'થી સન્માનિત કરેલ છે. કિરણભાઈ વ્યાસે ફ્રાન્સના અતિ જાણીતા અને ઐતિહાસિક સ્થળ નોરમેન્ડી વિસ્તારમાં 'તપોવન ઓપન યુનિવર્સિટી ઓફ યોગા અને આયુર્વેદા'ની સ્થાપના કરેલી છે. આ જૂથ બે દિવસ લોકભારતીના ભાવાવરણમાં નિજાનંદ માણવા રોકાયું. વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે સંવાદો ગોઠવાયા. લોકભારતી યુનિવર્સિટી અને 'તપોવન ઓપન યુનિવર્સિટી ઓફ યોગા અને આયુર્વેદા' વચ્ચે અરસપરસ શૈક્ષણિક આદાન-પ્રદાન કરવા અંગે સમજુતી કરાર પણ કરવામાં આવ્યો.

● તા.૧૩મી ફેબ્રુઆરીના રોજ લોકભારતીના ટ્રસ્ટીશ્રી અને દાતા શ્રી મધુકરભાઈ પારેખની આગેવાનીમાં પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝના બોર્ડ ઑફ ડિરેક્ટર્સની લોકભારતીની એક મુલાકાત ગોઠવાઈ. બધા મહેમાનોએ સંસ્થાદર્શન અર્થે વિભાગોની મુલાકાત લીધી. શ્રી અરુણભાઈ દવેને ૭૫ વર્ષ થયાં છે તે નિમિત્તે શ્રી મધુકરભાઈ દવેના હસ્તે સૌની ઉપસ્થિતિમાં શ્રી અરુણભાઈ દવેને એક સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવાનો એક નાનકડો ઉપક્રમ પણ યોજાયો, જેમાં શ્રી અરુણભાઈ દવે અંગે લોકભારતીના કાર્યકરોએ તૈયાર કરેલી એક પરિચયાત્મક વીડિયો ક્લિપનો પ્રીમિયર શૉ પણ ગોઠવવામાં આવ્યો. સંસ્થાની પ્રવૃત્તિ, સ્વચ્છતા-સુઘડતાથી સૌ પ્રભાવિત થયા. અહીંથી સૌ માઈધાર કેન્દ્રની મુલાકાતે ગયા.

● જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-જામનગરની 'હું શિક્ષક છું' શીર્ષક હેઠળ એક શિબિર તા.૧૮થી ૨૧ ફેબ્રુઆરીના લોકભારતીમાં યોજાઈ ગઈ, જેનું સંચાલન શ્રી પાર્થેશભાઈ પંડ્યા અને શ્રી અમિતભાઈ શાહે સંભાળ્યું. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-મહેસાણાના શિક્ષકોની લોકભારતી પરિચય મુલાકાત તા.૨૧ ફેબ્રુઆરીના રોજ ગોઠવાઈ, જેમાં તેણે લોકભારતીના બધા વિભાગોની મુલાકાત લીધી, અહીંની શિક્ષણ પ્રણાલિથી માહિતગાર બન્યા ને રાત્રે રાજેન્દ્રહિલ પર આકાશદર્શન કર્યું. વીજાપુર તાલુકાની શાળાઓના જુદી જુદી શાળાઓના પસંદગી પામેલા સાંઈઠેક જેટલા વિદ્યાર્થીઓની લોકભારતી પરિચય મુલાકાત તા.૨૭ ફેબ્રુઆરીના રોજ ગોઠવાઈ, જેમાં તેણે લોકભારતીના વિભાગોની મુલાકાત લીધી, અહીંની શિક્ષણ પ્રણાલિથી માહિતગાર બન્યા ને રાત્રે રાજેન્દ્રહિલ પર આકાશદર્શન કર્યું. તા.૦૧ માર્ચના રોજ નડિયાદની સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજની નેવું જેટલી વિદ્યાર્થિનીઓ અને દસેક જેટલાં અધ્યાપકો-અધ્યાપિકાઓ લોકભારતી પરિચય મુલાકાતે આવ્યા ને લો.ભા.ના વિભાગોની મુલાકાત લઈને લો.ભા.ની કેળવણીથી પરિચિત થયાં. આ સૌને લોકભારતી કેળવણીનો પરિચય અને ભાવાવરણની ખૂબીઓની વાતો શ્રી દિનુભાઈ ચુડાસમાએ કરી હતી.

● તા.૦૮ અને ૦૯ માર્ચના રોજ લોકસેવા મહાવિદ્યાલયની સને ૧૯૮૨-૮૪ની બેચના વિદ્યાર્થીઓનું એક મિલન લોકભારતીના આંગણે યોજાઈ ગયું, જેમાં લગભગ પાંત્રીસેક પૂર્વ વિદ્યાર્થીઓ આવ્યા. સૌએ જૂનાં સંસ્મરણો વાગોળ્યાં ને બીજે દિવસે પૂર્વ અધ્યાપકો, વર્તમાન અધ્યાપકો અને હોદ્દેદારો સાથે બેઠક કરી, જેમાં શ્રી અરુણભાઈ દવેએ સંસ્થાના વર્તમાનને યોગ્ય રીતે રજૂ કર્યો. સંસ્થાના વર્તમાન હોદ્દેદારો/ અધ્યાપકો/ કાર્યકરો ઉપસ્થિત રહ્યા. સૌએ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો.

● તા.૧૩ માર્ચના રોજ હોલિકા દહનનો કાર્યક્રમ સામૂહિક રીતે ગોઠવાયો. સમગ્ર લોકભારતી પરિવાર એકઠો થયો. હોલિકાદહન અને પછી ધાણી-દાળિયા-ખજૂરની પ્રસાદી વિતરણ પછી કાર્યક્રમ પૂરો થયો. બીજે દિવસે સવારે ધૂળેટી નિમિત્તે રસ ધરાવતાં સૌ વિદ્યાર્થીઓ અને કાર્યકરો મેદાનમાં એકઠા થયા અને રંગે રમ્યા. અંતે મુક્ત અભિવ્યક્તિનો એક ટૂંકો કાર્યક્રમ યોજાયો. રાત્રે લોકસાંસ્કૃતિક લોકકલાનો એક કાર્યક્રમ યોજાયો. બોટાદ પાસેના રંગપુર ગામના નવરાત્રિ

મંડળનો મહાભારતના એક કથાનક 'સુરેખા હરણ અને ઘટોત્ધચની માયાજાળ'નો કાર્યક્રમ લોકભારતી રંગમંચ પર યોજાયો. તેમાં સૌ રસપૂર્વક જોડાયા.

● લોકભારતીના AQAC વિભાગના આયોજન તળે તા.૧૩ એપ્રિલ સાંજથી ૧૫ બપોર સુધી સેંજળધામ, તા. સાવરકુંડલા મુકામે લોકભારતી કાર્યકર સજ્જતા શિબિર યોજાઈ ગઈ, જેમાં ચાવીરૂપ વક્તવ્ય શ્રી અરુણભાઈ દવેએ આપ્યું, પૂ. મોરારિબાપુએ પોતાનો રાજીપો અને આશીર્વચન આપ્યા. તજ્જ્ઞ વક્તાઓ તરીકે શ્રી ચંદ્રકાંતભાઈ ભોગાયતા, શ્રી દિલીપભાઈ બારડ અને શ્રી દીપકભાઈ તેરૈયાએ ભિન્ન ભિન્ન બેઠકોમાં માર્ગદર્શન કર્યું. કાર્યકર્તાઓએ પણ અગાઉથી એમને સોંપાયેલ જુદાં જુદાં પુસ્તકો અંગે સ્વાધ્યાય અને આસ્વાદ રજૂ કર્યા. આ શિબિરની સેંજળધામની સમગ્ર સ્થાનિક વ્યવસ્થા શ્રી જયદેવભાઈ માંકડે બહુ ભાવપૂર્વક અને સુચારુ રૂપે સંપન્ન કરી.

● લોકભારતી AQAC વિભાગના આયોજન તળે તા.૨૦થી ૨૯ એપ્રિલ સુધી જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ-ધરમપુરના સહયોગથી ચાલતી ધરમપુર વિસ્તારની ઊંડાણના વિસ્તારમાં કાર્યરત જુદી જુદી પંદરેક આશ્રમશાળાઓનાં ઓગણત્રીશ બાળકોનો અંગ્રેજી અને કૉમ્પ્યૂટર શિક્ષણ અંગેનો દસદિવસીય Skill Development Workshop લોકભારતી મુકામે યોજાઈ ગયો, તેમાં તેના સાતેક કાર્યકરો પણ સાથે આવેલા. કાર્યશાળામાં અંગ્રેજી, કૉમ્પ્યૂટર અને મોજીલી શિક્ષણ પ્રણાલિના ભિન્ન ભિન્ન વર્ગો-તાલીમો-સર્જાનાત્મક પ્રવૃત્તિઓ વગેરેથી સભર કાર્યશાળા યોજાઈ ગઈ. કાર્યશાળાનું સમાપન તા.૨૯ના રોજ શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયું, તેમાં પેન્ટાગોન ચેરિટેબલના શ્રી સુનીલભાઈ દલાલ અને જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ-ધરમપુરના શ્રી દિગંતભાઈ મહેતા વર્ચ્યૂઅલી જોડાયા. બાળકોએ બહુ ભાવપૂર્વક પોતાના અનુભવો-પ્રતિભાવો રજૂ કર્યા. શ્રી કાંતિભાઈ ગોઠીએ આભારદર્શન કર્યું ને છેલ્લે છેલ્લે શ્રી વિશાલભાઈ ભાદાણીએ અભિનયગીત રજૂ કર્યું ને એક રમત રમાડી. સૌ સમૂહભોજન કરી છૂટા પડ્યા.

● લોકભારતીનો આધારસ્થંભ એવો આ વર્ષાઋતુનો પહેલો જ વરસાદ તા.૧૬મી જૂનના રોજ પડી ગયો. બે-ત્રણ કલાકના વરસાદે આપણાં સાતેય તળાવડાં છલકાવી દીધાં ને સમગ્ર લોકભારતી પરિવારમાં ખુશીની લહેર ફેલાવી દીધી. આ હરખને વ્યક્ત કરવા તા.૨૦મીના રોજ સમગ્ર લોકભારતી પરિવારે ચેક ડેમ સાઇટ પર એકઠા થઈ, જળનાં વધામણાં કર્યાં.

● દર્શક ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા અપાતો શિક્ષણ ઍવૉર્ડ આ વર્ષે આપણી માઈધાર સંસ્થાને તા.૨૩મી જૂનના રોજ અપાયો. પૂ. મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં અને દર્શક ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો. કાર્યક્રમમાં લોકભારતીના પૂર્વ કાર્યકરો, પૂર્વ વિદ્યાર્થીઓ, વર્તમાન કાર્યકરો, અનેક શુભેચ્છકો અને આજુબાજુના ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

● લોકભારતીના બધા શૈક્ષણિક વિભાગોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ તા.૦૭મી જુલાઈના રોજ યોજાઈ ગયો. એકી સાથે લગભગ પોણા ત્રણસો જેટલા વિદ્યાર્થીઓ એક જ દિવસે આવ્યા. નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ અને તેને મૂકવા આવેલા વાલીઓ એમ મોટી સંખ્યામાં સૌ આવ્યા. એક અદ્ભુત માહોલ રચાયો.

● તા.૧૦મી જુલાઈના રોજ લોકભારતીના ગુરુપૂર્ણિમા ઉત્સવના મુખ્ય મહેમાન તરીકે લોકભારતીના પૂર્વ અને સન્માનિત વિદ્યાર્થી અને જાણીતા સાહિત્યકાર-કવિ શ્રી મનોહરભાઈ ત્રિવેદીએ, 'આપણા ગુરુઓ' વિશે ભાવપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. મહેમાનશ્રીનો પરિચય શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ અને આભારદર્શન શ્રી જગદીશગિરિ ગોસાઈએ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય રજૂ કર્યા અને સંચાલન પણ એક વિદ્યાર્થીએ કર્યું. દરેક છાત્રાલયનાં પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકર પ્રતિનિધિશ્રીએ દક્ષિણામૂર્તિદેવ સમક્ષ રિક્તપાણિ ઋણદાન કરી ગુરુ પ્રત્યેની પોતાની ભાવનાઓ અર્પણ કરી.

● તા.૦૯ ઑગસ્ટના રોજ રક્ષાબંધનનો કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાયો. પરંપરાગત પ્રણાલિકાઓ મુજબ

રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. મુખ્ય વક્તા તરીકે જાણીતા યૂટ્યૂબર અને નિવૃત્ત અધ્યાપિકા તથા ભાવનગરમાં પેરેન્ટિંગના સક્રિય કર્મશીલ શ્રી છાયાબહેન પારેખે મનનીય વક્તવ્ય આપ્યું. રાત્રે વિદ્યાર્થીઓએ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.

● તા.૧૨ ઑગસ્ટના રોજ સાયં પ્રાર્થના બાદ લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની આમસભા યોજાણી. આ વખતે પ્રશ્નો તો માત્ર ત્રણેક જેટલા જ પૂછવામાં આવેલા, પણ મંત્રીઓની કામગીરીની પ્રસંશા અને ધન્યવાદના લગભગ ત્રણસો-ચારસો પત્રો મળ્યા. આવેલા પ્રશ્નોના મંત્રીઓએ ધીરજપૂર્વક જવાબ આપ્યા. મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહજી ગોહિલે પણ કેળવણીના હેતુસર શૈક્ષણિક અભિગમથી સમગ્ર આમસભાનું સંચાલન કર્યું. વિભાગીય હોદ્દેદારશ્રીઓ, ગૃહપતિશ્રીઓ અને ગૃહમાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા. અંતે નવા મંત્રીમંડળની શપથવિધિ કરવામાં આવી. અને છેલ્લે વડીલની ભૂમિકામાં નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિએ વિદાય થતાં મંત્રીમંડળની કામગીરીને બીરદાવી અને નવનિયુક્ત મંત્રીમંડળને શુભેચ્છાઓ આપી.

● તા.૨૯મી ઑગસ્ટના રોજ પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો બાવીશમો મણકો અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાઈ ગયો. કાર્યક્રમ લોકભારતી સંગીતવૃંદના ગીતથી પ્રારંભ થયો. શ્રી અરુણભાઈ દવેએ મહેમાનોને આવકાર આપ્યો અને કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી. વક્તાશ્રીનો પરિચય લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ આપ્યો. વ્યાખ્યાનમાળાના આ મણકાના મુખ્ય વક્તા ગાંધીવિચારના મર્મજ્ઞ અને જાણીતા લેખક મા. શ્રી રમેશભાઈ સંઘવીએ 'લોકભારતીનો સંદેશ' વિષય ઉપર બહુ સરસ રીતે સૌને રસ પડે તેવું અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. લોકભારતીના ચાર પૂર્વ વિદ્યાર્થીઓ : 'સમાજસેવા' માટે શ્રી અમીરભાઈ ઢબ્બૂ-મહુવા, 'લોકજાગૃતિ' માટે શ્રી વીરજીભાઈ જસાણી-ભાવનગર, 'વિશિષ્ઠ કૌશલ્ય' માટે શ્રી નિખિલભાઈ ત્રિવેદી-અમદાવાદ અને 'ગાંધીવિચાર પ્રસાર-પ્રચાર' માટે શ્રી કાળુભાઈ ડાંગર-દાંડીનું સન્માનપત્ર, સ્મૃતિ-ભેટ અને રૂપિયા એકવીશ હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનું આભારદર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ કર્યું.

● તા. ૦૫ સપ્ટેમ્બરના રોજ પૂ. મૂળશંકરભાઈ મો. ભટ્ટ વ્યાખ્યાનમાળાના ઓગણીશમા મણકાનું વ્યાખ્યાન જાણીતા શિક્ષણવિદ, લેખક અને પ્રાધ્યાપક શ્રી જયેન્દ્રસિંહજી જાદવે 'ઇતર પ્રવૃત્તિ એ અત્તર પ્રવૃત્તિ' વિષય પર ઘણું જ રસપ્રદ રીતે રજૂ કર્યું. વક્તાશ્રીનો પરિચય લોકભારતી પંચાયતીરાજ કેન્દ્રના આચાર્ય શ્રી ગિરીશભાઈ દવેએ આપ્યો. કાર્યક્રમનું સંચાલન ગાંધીભારતીના સંયોજક શ્રી દિનુભાઈ ચુડાસમાએ સરસ રીતે કર્યું. વક્તાશ્રીને સ્મૃતિભેટ અર્પણ કરીને આભારદર્શન શ્રી વિક્રમભાઈ ભટ્ટે કર્યું. અંતમાં શ્રી દર્શનાબહેન ભટ્ટે સુમધુર કંઠે ભજન રજૂ કર્યું હતું.

● વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં છાત્રાલયની ભૂમિકા અતિ મહત્ત્વપૂર્ણ ગણાય છે. આપણા આર્ષદૃષ્ટા પૂર્વસૂરીઓ અને વર્તમાન પથપ્રદર્શનકર્તાઓએ છાત્રાલય અને તેની આનુષાંગિક પ્રવૃત્તિઓ દ્વારા આપવામાં આવતી સંસ્કારાત્મક કેળવણીને હંમેશાં પ્રાધાન્ય આપવા આપણી બધી જ સંસ્થાઓનાં છાત્રાલયોમાં કાર્યરત તમામ કાર્યકરો માટે વિદ્યાર્થીઓના જીવનઘડતર અંગે વિચારવિમર્શ કરવા માટે એકદિવસીય સંવાદ કાર્યક્રમ 'પોષણ અને પ્રસન્નતા : જીવન જીવવાની કળા' વિષય અન્વયે ડૉ. દીપક તેરૈયાના માર્ગદર્શનમાં તા.૧૪ સપ્ટેમ્બરના રોજ ગોઠવાયો. તેમાં પ્રારંભમાં ચાવીરૂપ વક્તવ્ય શ્રી અરુણભાઈ દવે આપ્યું. સમગ્ર આયોજન લોકભારતી શિક્ષણ અને સંવર્ધન એકમ- AQAC દ્વારા શ્રી કાંતિભાઈ ગોઠીની નિગરાનીમાં કરવામાં આવ્યું. આંબલા, મણાર, માઈધાર અને લો.ભા.ના છાત્રાલય સાથે સંકળાયેલા સૌ કાર્યકરો જોડાયા.

● ગાંધીજયંતી નિમિત્તે તા.૦૨ ઑક્ટોબરના રોજ વહેલી સવારે પ્રાતઃ પ્રાર્થના અને એકાદશ વ્રત પૈકીના એક વ્રતનું વાચન યોજાયાં. તા.૦૨ ઑક્ટોબરના રોજ લોકભારતી યુનિવર્સિટીની શૈક્ષણિક ઇમારતો પૈકીની પહેલી ઇમારતની

'અ' પાંખનું લોકાર્પણ પૂ. મોરારિબાપુના હસ્તે દાતાશ્રીઓ શ્રી કિરણભાઈ પટેલ અને શ્રી જતિનભાઈ પટેલ અને અન્ય શુભેચ્છકોની ઉપસ્થિતિમાં યોજાયું.

● લોકભારતી યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ બીજી ઑક્ટોબરના રોજ આયોજિત થયો, જેમાં મુખ્ય અતિથિ તરીકે કર્મશીલ અને પર્યાવરણપ્રેમી પદ્મશ્રી ડૉ. પ્રકાશ આમ્ટેજી તથા અતિથિવિશેષ તરીકે લોકભારતીના શુભેચ્છક અને જેમનાં આશીર્વાદ-હૂંફ લોકભારતીને સતત મળતાં રહે છે તેવા પૂ. મોરારિબાપુ ઉપસ્થિત રહ્યા. કુલ ૧૦૪ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવી. તે પૈકી ચાર વિદ્યાર્થીઓને તેમની અભ્યાસ દરમિયાનની વિશિષ્ટ કામગીરી અને નરવી જીવનશૈલી બદલ સન્માનપત્ર આપવામાં આવ્યાં(સામાન્ય રીતે આવા ઍવૉર્ડ ગુણ આધારિત હોય છે, જ્યારે લોકભારતી યુનિવર્સિટીએ ચીલો ચાતરીને માત્ર ગુણ આધારિત સન્માન નહીં, પણ વિદ્યાર્થીની સમગ્ર જીવનશૈલી-વાણી-વર્તન-આવડત-નિષ્ઠા આધારિત સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યાં). કુલાધિપતિ શ્રી અરુણભાઈ દવેએ અધ્યક્ષીય ઉદ્બોધન અને કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ કુલપતીય વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિશાલભાઈ ભાદાણીએ સંભાળ્યું.

● ઘણા સમયથી આયોજન, તૈયારીઓ અને મથામણ ચાલતી હતી તેવું સમગ્ર લોકભારતીના પૂર્વ અને વર્તમાન કાર્યકરો અને સંતાનોનું એક પરિવાર સાથેનું સ્નેહમિલન તા.૨૪ અને ૨૫ ઑક્ટોબર એમ બે દિવસ માટે લોકભારતી મુકામે બહુ ઉત્સાહ અને ભાવપૂર્વક યોજાઈ ગયું. આ સ્નેહમિલનમાં ત્રણ કે ચાર પેઢી કહી શકાય તેમ લગભગ ત્રણસોથી પણ વધારે સંખ્યામાં સૌ આવ્યા. બે દિવસ દરમિયાન વક્તવ્યો બહુ ઓછાં અને જૂનાં સંસ્મરણો વાગોળવાં, સાથે રહેવું-જમવું-નહાવું-રમવું-ગરબી લેવી-જુદી જુદી અભિવ્યક્તિઓ રજૂ કરવી વગેરે જેવાં કાર્યક્રમો વધુ રાખેલા, એથી સૌએ મશગુલ બનીને આ પળો માણી. સમગ્ર આયોજન પૂર્વ અને નિવૃત્ત કાર્યકરોનાં સંતાનોએ સંભાળેલ, લોકભારતીના વર્તમાન કાર્યકરોએ પણ બહુ જહેમત ઊઠાવી આટલી મોટી સંખ્યાનાં ભોજન-નિવાસ વગેરે બાબતે બરાબરની કાળજી લીધી.

● તા.૧, ૨ નવેમ્બર દરમિયાન ગુજરાતના પ્રસિદ્ધ વાર્તાકારો શ્રી કિરીટ દૂધાત, શ્રી બિંદુબહેન ભટ્ટ, શ્રી નવનીત જાની, શ્રી રામ મોરી, શ્રી સંજયભાઈ ચૌધરી, શ્રી મહેન્દ્રસિંહજી પરમાર વગેરેની ઉપસ્થિતિમાં લોકભારતીને આંગણે એક વાર્તાશિબિર યોજાઈ ગઈ.

● વિદ્યાર્થીઓને ખૂબ મનગમતો કાર્યક્રમ એટલે 'આનંદ બજાર'. તા.૦૬ ડિસે.ના રોજ વિદ્યાર્થી મંત્રીમંડળ દ્વારા 'આનંદબજાર'નું આયોજન થયું. એકવીશ જેટલા ખાણી-પીણીના સ્ટોલ્સ ઊભા થયા. સાંજે ઉદ્ઘાટનવિધિ પછી છેક સાડા સાત-આઠ સુધી ઉત્સાહ અને આનંદના માહોલમાં આખો કાર્યક્રમ સંપન્ન થયો.

**-: સંસ્થાકીય પ્રવૃત્તિઓનો વિભાગવાર અહેવાલ :-**

**-: લોકભારતી અધ્યાપનમંદિર:-**

● કાર્યકર સંખ્યાઃ-

| ક્રમ | શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|---|
| ૦૧ | ૦૫ | ૦૦ | ૦૫ |
| ૦૨ | ૦૧ (ટ્રસ્ટે રોકેલ શિક્ષકો) | ૦૧ | ૦૨ |

● આ શૈક્ષણિક વર્ષે પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની વિગતોઃ

| વર્ષ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૬૩ | ૬૨ | ૧૨૫ |
| દ્વિતીય વર્ષ | ૩૧ | ૬૮ | ૯૯ |
| કુલ | ૯૪ | ૧૩૦ | ૨૨૪ |

## લોકભારતી અધ્યાપનમંદિરમાં યોજાયેલ કાર્યક્રમો

- તા.૨૭ જાન્યુ.થી તા.૦૪ ફેબ્રુઆરી દરમિયાન પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો ઉત્તર ભારતમાં દિલ્લી, હરિદ્વાર, મસૂરી અને આગ્રાનો શૈક્ષણિક ટ્રેન પ્રવાસ યોજાયો. ૫૭ તાલીમાર્થીઓ સાથે શ્રી જગદીશગિરિ ગોસાઈ તથા શ્રી અમિતભાઈ સાસાણી જોડાયા.
- તા.૨૭ ફેબ્રુ.ના રોજ સાંજે સ્વયંપાકનો કાર્યક્રમ યોજાયો, જેમાં સૌએ સાથે મળીને કાઠિયાવાડી ભોજન બનાવવાનો આનંદ માણ્યો અને સમૂહભોજન કરી પરિવારભાવ માણ્યો.
- તા.૧૮ એપ્રિલના રોજ દ્વિતીય વર્ષનો દીક્ષાંત-શુભેચ્છા કાર્યક્રમ ભાવનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાયો. તેમાં વાર્ષિક પ્રવૃત્તિ અંક 'સ્મરણમ મધુરમ'નું વિમોચન કરવામાં આવ્યું.
- ચાલુ વર્ષે ડી.એલ.એડ.(પીટીસી)ના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૫-૨૬ વિકેન્દ્રીકૃત રીતે કરવામાં આવતા આ વર્ષે પ્રવેશ માટે ખૂબ ધસારો રહ્યો. કુલ ૧૨૫ બેઠકો સામે દસ દિવસમાં રેકર્ડબ્રેક ૧૧૪૨ પ્રવેશ અરજીઓ આવી. મેરીટને આધારે ૬૩ ભાઈઓ અને ૬૨ બહેનોને પ્રવેશ મળ્યો.
- તા.૦૮ જુલાઈના રોજ પ્રથમ વર્ષનો સત્રારંભ થતાં શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રામચન્દ્રભાઈ પંચોળી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી કાંતિભાઈ ગોઠીએ તાલીમાર્થીઓને આવકારતાં પ્રાસંગિક વાતો કરી.
- તા.૦૩ ઑગ.ના રોજ અધ્યાપનમંદિરના ૭૮મો સ્થાપના દિવસ હતો. આ દિવસની વિશિષ્ટ રીતે સંસ્થાના માઈધાર કેમ્પસ પર ઉજવણી કરવામાં આવી. અધ્યાપનમંદિર અને માઈધારના સમગ્ર પરિવારની બહોળી ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્થાના વડીલો શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ તેમ જ શ્રી ભાવનાબેન પાઠકે આનંદ વ્યક્ત કરતાં પ્રેરક ઉદ્બોધન કર્યું. તાલીમાર્થીઓએ ગીત દ્વારા યોગની પ્રસ્તુતિ, નાટક, લેઝિમ-નૃત્ય સહિતની કૃતિઓ રજૂ કરી. સાથે જ શેત્રુંજી સિંચાઈ યોજનાની તેમ જ સાબુની ફેક્ટરીની મુલાકાત પણ લીધી.
- તા.૧૩ ઑગ.ના રોજ પ્રકૃતિદર્શનનો કાર્યક્રમ 'ખજાનાની શોધ' યોજાઈ ગયો.
- તા.૧૯ સપ્ટે.ના રોજ દ્વારકાનો ટ્રેઈન પ્રવાસ યોજાઈ ગયો, જેમાં દ્વારકા, બેટ દ્વારકા, ભડકેશ્વર મહાદેવ, નાગેશ્વર જ્યોતિર્લિંગ, ગોપી તળાવ, મોગલધામ ભીમરાણા, રૂક્ષ્મણી મંદિર તેમ જ શિવરાજપુરમાં આવેલ સ્નોપાર્કની મજા માણી. સંયોજક તરીકે શ્રી સંદીપભાઈ ઉંડવિયા અને શ્રી કવિતાબેન વ્યાસએ જવાબદારી વહન કરેલી. ૮૧ તાલીમાર્થીઓ સાથે શ્રી જગદીશગિરિ ગોસાઈ, શ્રી અમિતભાઈ સાસાણી, શ્રી પ્રવીણભાઈ વાઘેલા અને શ્રી અવનિબેન દવે જોડાયાં.
- તા.૧૫ ઑક્ટો.ના તાલીમાર્થીઓના વાલીઓ સાથે શૈક્ષણિક સંગોષ્ઠિ યોજાઈ. બહોળી સંખ્યામાં વાલીઓ કાર્યક્રમમાં સામેલ થયા. શ્રી જગદીશગિરિ ગોસાઈએ પ્રાસ્તાવિક ભૂમિકા રજૂ કરી. શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને મુખ્ય ગૃહપતિ શ્રી જયવંતસિંહ ગોહિલે પ્રાસંગિક વાત કરી.
- તારીખ નવથી બારમી ડિસેમ્બર શ્રી કવિતાબેન વ્યાસ સુરત ડાયેટ આયોજિત મલ્ટીમીડિયા ડિજિટલ બુક સમીક્ષા કાર્યક્રમમાં જઈ આવ્યાં.
- તારીખ પંદરમી ડિસેમ્બરના રોજ સાંજે સ્વયંપાકનો કાર્યક્રમ યોજાયો, જેમાં સૌએ સાથે મળીને કાઠિયાવાડી ભોજન બનાવવાનો આનંદ માણ્યો અને સમૂહભોજન કરી પરિવારભાવ માણ્યો.
- મુલાકાતી અધ્યાપકશ્રીઓ :

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી અવનિબેન દવે | વિજ્ઞાન શિક્ષણ |

| | | |
|---|---|---|
| ૨ | શ્રી અર્ચનાબેન દવે | પર્યાવરણ અને વિજ્ઞાન શિક્ષણ |
| ૩ | શ્રી રમાબેન દેવમુરારિ | સંગીત શિક્ષક |
| ૪ | શ્રી ભૂપેન્દ્રસિંહજી ગોહિલ | ચિત્ર શિક્ષક |
| ૫ | શ્રી પ્રવીણભાઈ વાઘેલા | (ઓફીસ સહાયક) |

**-: લોકસેવા મહાવિદ્યાલય :-**

- સ્ટાફ :-

| અધ્યાપકો | વહીવટી કાર્યકરો | સંસ્થાએ રોકેલ કાર્યકરો | કુલ |
|---|---|---|---|
| ૦૩ | ૦૭ | ૦૪ | ૧૪ |

- વિદ્યાર્થી સંખ્યા (વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રવેશ મેળવેલ):-

| વર્ષ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૩૭ | ૨૫ | ૬૨ |
| દ્વિતીય વર્ષ | ૪૭ | ૧૯ | ૬૬ |
| તૃતીય વર્ષ | ૩૨ | ૨૬ | ૫૮ |
| કુલ | ૧૧૬ | ૭૦ | ૧૮૬ |

- પરીક્ષાઓ:

| સેમેસ્ટર | પરીક્ષા તારીખ | ભાઈઓ | બહેનો | કુલ સંખ્યા | પરિણામ |
|---|---|---|---|---|---|
| સેમ-૨ | ૨૪/૪/૨૦૨૫ | ૪૩ | ૨૭ | ૭૦ | ૧૦૦% |
| સેમ-૪ | ૦૩/૦૪/૨૦૨૫ | ૩૩ | ૨૯ | ૬૨ | ૧૦૦% |
| સેમ-૬ | ૩૧/૦૩/૨૦૨૫ | ૪૯ | ૨૦ | ૬૯ | ૧૦૦% |

**શૈક્ષણિક કાર્યક્રમો**

- તા.૦૨/૦૧થી ૦૭/૦૧ દરમિયાન તૃતીય વર્ષની ગ્રામશિબિર હડમિયા-તા. ઉમરાળા ગામે 'સ્વચ્છ-સ્વસ્થ અને આત્મનિર્ભર ભારત'ના ઉદ્દેશ્ય સાથે યોજાઈ ગઈ. શિબિરના સંયોજક તરીકે શ્રી મનોજભાઈ અગ્રાવત, શ્રી ધીરુભાઈ રાઠોડ અને શ્રી કિશોરભાઈ હીરાણી તથા ગામના સરપંચ શ્રી છગનભાઈ તેમ જ ગામ આગેવાનોના સહકારથી ગ્રામઉત્કર્ષનાં કાર્યો કરવામાં આવ્યાં.
- તા.૧૯/૦૨થી તા.૨૬/૦૨/૨૦૨૫ દરમિયાન પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની વંચિત વિસ્તાર શિબિર પીંડવળ, જિ.વલસાડ મુકામે યોજાઈ ગઈ. શિબિરના કૉ.ઓર્ડીનેટર તરીકે શ્રી વિશાલભાઈ જોષી અને સહાયક તરીકે શ્રી ભાનુપ્રસાદ ટુંડિયા જોડાયા. આ શિબિરમાં બધા દિવસો નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિ શિબિરમાં રોકાયા અને સૌને ઉત્સાહ અને પ્રેરણા આપી.
- તા ૧૩/૦૪/૨૫ના રોજ ટી.વાય. બી.આર.એસ.ના વિદ્યાર્થીઓનો ફોટો ફંક્શન અને શુભેચ્છા કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે અને સૌ હોદ્દેદારોએ વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી શુભેચ્છા પાઠવી. વિદ્યાર્થીઓએ ત્રણ વર્ષના લોકભારતી નિવાસની સ્મૃતિઓ રજૂ કરી.
- તા.૧૫/૪/૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા ચીકુવાડીએ સ્વયંપાકનું આયોજન કરવામાં આવ્યું. લોકસેવાના તમામ કાર્યકરો, સંસ્થાના વડીલો અને વિદ્યાર્થીઓએ સાંજે સાથે ભોજનની તૃપ્તિ કરી.
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૫- ૨૬ના પ્રથમ વર્ષ માટે ગુજરાત રાજ્યના GCAS પોર્ટલ દ્વારા તા.૨૫ મેથી પ્રવેશ

પ્રક્રિયા શરૂ કરવામાં આવી. ગુજરાત રાજયના જુદા જુદા પ્રવેશ તબક્કાના અંતે તા.૨૨ સપ્ટે.ના અંતિમ તબક્કા સુધીમાં કુલ ૮૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો.

● તા.૧૪/૦૬/૨૦૨૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. હસમુખભાઈ સુથાર અને અધ્યાપક ડૉ. મનોજભાઈ અગ્રાવત વયમર્યાદાના કારણે નિવૃત થતાં તેમનો નિવૃત્તિ-શુભેચ્છા કાર્યક્રમ યોજવામાં આવ્યો.

● આ વર્ષથી એન.સી.સી. યુનિટ શરૂ કરવાની મંજૂરી મળતાં, તા.૨૯ જુલાઈના રોજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની શારીરિક ક્ષમતાની ચકાસણી કરી, એન.સી.સી. કેડેટ તરીકેની પસંદગી કરવામાં આવી, જેમાં એન.સી.સી. ઓફિસર, આચાર્ય શ્રી ધીરુભાઈ રાઠોડ અને શ્રી કિશોરભાઈ હીરાણીએ માર્ગદર્શન પૂરું પાડ્યું.

● તા.૧૨/૮/૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓ તથા સમગ્ર કાર્યકરો દ્વારા 'પ્રકૃતિ દર્શન' કાર્યક્રમ 'ખજાનાની શોધ' યોજાઈ ગયો. સવારે ૭-૦૦ વાગ્યે જુદી જુદી ટૂકડીઓ મુજબ જરૂરી સાધન સામગ્રી લઈ વનવિભાગની રાહબરી હેઠળ તેના કર્મચારીઓ સાથે પ્રસ્થાન કરી વનસ્પતિ-પરિચય, પ્રાણી-પક્ષી પરિચયનો આનંદ માણતાં માણતાં મેલડી માતાજીના મંદિરે પહોંચી, સંમેલન રૂપમાં ફેરવાઈને સૌએ પોતાના અનુભવ રજૂ કર્યા. વિદ્યાર્થીઓ, વનકર્મચારીઓ અને સૌ કાર્યકરોએ સાથે ભોજન લઈ લોકભારતી પરત આવી ગયા.

● બીજા વર્ષના વિદ્યાર્થીઓનો રાજસ્થાન પ્રવાસ યોજાયો. ઉદયપુર, જયપુર, અજમેર, હલ્દીઘાટી, ચિત્તોડગઢ, જોધપુર, અંબાજી, મોઢેરા, રાણકી વાવ વગેરે ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી.

● તા.૦૪/૧૦/૨૦૨૫થી તા.૦૬/૧૦/૨૦૨૫ દરમિયાન તૃતીય વર્ષના વિદ્યાર્થીઓની જીવનવિદ્યા શિબિર યોજવામાં આવી. જેના પ્રબોધક તરીકે શ્રી જિજ્ઞેશભાઈ ધરજિયા અને શિબિર સમાપન કાર્યક્રમમાં નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિએ છાત્રાલય એ જીવન જીવવા માટેની જડીબુટ્ટી બની રહે, તેવી પ્રેરણા પૂરી પાડી. આ શિબિરનું સમગ્ર સંકલન શ્રી દિનુભાઈ ચુડાસમાએ કર્યું.

● ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન મહુવા મુકામે યોજાયું, તેમાં અધ્યાપક શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા ગુજરાતી વિષયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને લઈને જઈ આવ્યા.

● વિશ્વગ્રામ આયોજિત નાટ્યશિબિરમાં પહેલા વર્ષનાં પાંચ બહેનોએ ભાગ લીધો.

● તા.૩૧/૧૦/૨૦૨૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના કાર્યકર શ્રી અલ્કેશભાઈ ચૌહાણ વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા. તેમને શુભેચ્છા આપવાનો કાર્યક્રમ ગોઠવાયો, જેમાં સૌ કાર્યકરોએ પોતાના સંસ્મરણો કહ્યા. શ્રી અલ્કેશભાઈને સાકરનો પડો, શાલ અને શ્રીફળ આપી તેમના નિવૃત્તિ જીવનમાં તંદુરસ્તીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

● NSS પ્રવૃત્તિઓ

| તારીખ | પ્રવૃત્તિ | વક્તા | ભાગીદારી |
|---|---|---|---|
| ૫/૦૬/૨૦૨૫ | પર્યાવરણ દિવસ ઉજવણી | - | લોકસેવા |
| ૨/૯ થી ૧૧/૯ | ગાંધી પદયાત્રા – કચ્છ | પદયાત્રીઓ | એસ.વાય. ૧૨ ભાઈઓ |
| ૨૦/૧૧/૨૦૨૫ | વિકસિત ભારત યુવા કનેક્ટ પ્રોગ્રામ | ધ્વનિ રાજયગુરુ | એસ.વાય.નાં ૧૦ બહેનો |

● અધ્યાપકોની વૈધાનિક મંડળોમાં નિમણૂક તથા બહારના સેમિનાર/વર્કશોપમાં ભાગીદારી

● મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા ડૉ. નીતિનભાઈ ભીંગરાડિયાની રૂરલ ફેકલ્ટીના ડીન તરીકે નિમણુંક કરવામાં આવી. તેના અનુસંધાને પરીક્ષા સમિતિ, એકેડેમિક કાઉન્સીલ અને સોશિયલ વર્ક બોર્ડના ચેરમેન તરીકે પણ નિયુક્તિ થઈ.

● ગુરુપૂર્ણિમા કાર્યક્રમ અંતર્ગત શ્રી વિશાલભાઈ જોષી ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલામાં વ્યાખ્યાન આપવા જઈ આવ્યા.

● ગોવિંદગુરુ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવ અંતર્ગ તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજ અધ્યાપકશ્રી વિશાલભાઈ જોષી સાહિત્યિક સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જઈ આવ્યા.

● સૌરાષ્ટ્ર લોકશાળ સંઘ આયોજિત લોકશાળાઓની રેલીમાં શાળા પ્રતિનિધિઓની તાલીમ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા દ્વારા સંપન્ન થઈ.

● ગુજરાતી ભાષા અધ્યાપક સંઘ આયોજિત વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળામાં ઉમાશંકર કૃત 'ઓતરાતી દિવાલો' વિશે સરકારી કૉલેજ તળાજા ખાતે શ્રી નીતિનભાઈ ભીંગારાડિયાએ વક્તવ્ય આપ્યું.

**-: લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન :-**

● કાર્યકરોની સંખ્યા

| ક્રમ | વિગત | બહેનો | ભાઈઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક કાર્યકરો | ૦૩ | ૧૪ | ૧૭ |
| ૨ | બિનશૈક્ષણિક કાર્યકરો | ૦૧ | ૦૫ | ૦૬ |
| | કુલ | | | ૨૩ |

● વિભાગવાર વિદ્યાર્થીઓની સંખ્યા

| ક્રમ | વિભાગ | વર્ષ | બહેનો | ભાઈઓ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બી.એ. | પ્રથમ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૨ | | દ્વિતીય | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૩ | | તૃતીય | ૦૩ | ૦૬ | ૦૯ |
| ૪ | બી.આર.એસ. | પ્રથમ | ૦૩ | ૪૦ | ૪૩ |
| ૫ | | દ્વિતીય | ૦૨ | ૪૫ | ૪૭ |
| ૬ | | તૃતીય | ૦૨ | ૭૨ | ૭૪ |
| ૭ | બી.વૉક. | પ્રથમ | ૦૬ | ૪૪ | ૫૦ |
| ૮ | | દ્વિતીય | ૦૪ | ૨૮ | ૩૨ |
| ૯ | | તૃતીય | ૦૬ | ૩૪ | ૪૦ |
| ૧૦ | બી.બી.એ. | પ્રથમ | ૦૨ | ૦૪ | ૦૬ |
| ૧૧ | પીજી ડીપ્લોમા | પ્રથમ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૨ | ગ્રામબંધુ | ચાલુ વર્ષે | ૦૫ | ૦૪ | ૦૯ |
| ૧૩ | પીએચ.ડી. | પ્રથમ બેચ | ૦૪ | ૦૪ | ૦૮ |
| | કુલ સંખ્યા | | ૪૨ | ૨૮૨ | ૩૨૪ |

**પ્રવૃત્તિઓ**

● ચાલુ વર્ષે S.Y.ના વિદ્યાર્થીઓને પ્રોજેક્ટવર્ક

અનુભવ દ્વારા શિક્ષણની દિશામાં યુનિવર્સિટીએ એક ડગલું આગળ ચાલી અને સંસ્થાના જુદાજુદા વિભાગોમાં ચાલતા વિધવિધ પ્રકારનાં કામોમાં જોડાઈ અને પ્રોજેક્ટવર્ક કર્યા. સંસ્થામાં ચાલતા વિભાગોનાં કુલ ૩૫ કામો ઓળખી, વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક રીતે તેમાં જોડાયા અને અનુભવ મેળવ્યો. આ કામ યુનિવર્સિટીના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓએ

અઠવાડિયે સળંગ એક દિવસ કરી અને સંશોધન માટેના ડેટા એકત્રિત કર્યા. આ કામોની યાદીમાં બ્લોગ બનાવવો, વૃક્ષારોપણ, પરિસરની સુઘડતા, સુંદરતા, મશરૂમ પ્રોડક્શન, સીડ પ્રોડક્શન, પાક-નિંદામણ, કૌતુકાલય, જમીન પરીક્ષણ, ગોબર ક્રાફ્ટ, સેનિટેશન પેડ પ્રોડક્શન વગેરે જેવા અનેક વિષયોનો સમાવેશ થયો.

- **ગ્રામબંધુની વિગત**

| ક્રમ | ગ્રામબંધુનું નામ | ગ્રામબંધુનું વતન | જોડાણ તારીખ |
|---|---|---|---|
| ૧. | અંકિતા યાદવ | બલિયા, UP | સપ્ટેમ્બર ૨૦૨૫ |
| ૨. | નીલ કુસુમ લાકરા | અલીપુરડોર,WB | સપ્ટેમ્બર ૨૦૨૫ |
| ૩. | શ્રી અંકિતકુમાર રાય | બલિયા,UP | સપ્ટેમ્બર ૨૦૨૫ |
| ૪. | શ્રી રવિકુમાર ભારતી | બલિયા,UP | સપ્ટેમ્બર ૨૦૨૫ |

પ્રથમ બૅચના ગ્રામબંધુ શ્રી રાજીવકુમારને ગ્રામબંધુનું પ્રમાણપત્ર દીક્ષાંત સમારોહ ૨૦૨૫માં એનાયત થયું.

- પ્રથમ વર્ષ પ્રવેશના દિવસે વિદ્યાર્થી-વાલી અભિમુખતા મિટિંગ
- વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના વાલીઓ સાથે તા.૧૦/૭/૨૦૨૫ના રોજ સવારે ૧૧-૦૦થી ૧૨-૦૦ અને બપોરે ૦૩-૦૦થી ૦૪-૦૦ એમ એક વાલી મિલન ગોઠવાયું. આ મિલનમાં લોકભારતીમાં નવા દાખલ થનારા સંતાનોની વાલીની અને લોકભારતીના કાર્યકરોની કેળવણી સંદર્ભે સંયુક્ત ભૂમિકા રજૂ કરવામાં આવી. શ્રી વિશાલભાઈ ભાદાણીએ છાત્રાલય, શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ વિદ્યાલય અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ લોકભારતીમાં વિદ્યાર્થીઓના સ્નાતક કાળ દરમિયાન થતા અનુભવો અને સંસ્થાની આચારસંહિતા વિષે વિસ્તૃત વાત વાલીઓ સાથે વિદ્યાર્થીઓની હાજરીમાં કરી.
- **દીક્ષાંત સમારોહ**

ઓક્ટોબર ૨, ૨૦૨૫ના રોજ લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશનનો પ્રથમ દીક્ષાંત સમારોહ યોજાયો. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે પૂજ્ય મોરારિબાપુએ ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા. આદરણીય પ્રકાશ આમ્ટેજીએ દીક્ષાંત પ્રવચન આપ્યું. વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૧૨ વિદ્યાર્થીઓએ સ્નાતકની પદવી પ્રાપ્ત કરી.

દીક્ષાંત સમારોહના ભાગરૂપે સંસ્થાએ ગોલ્ડ મેડલને બદલે લોકભારતીના કર્તવ્ય સ્વરૂપ જીવનમૂલ્યોને ઉજાગર કરતાં નીચેના ચાર પારિતોષિકો આપ્યા.

- શ્રી નાનાભાઈ ભટ્ટ શ્રદ્ધાભારતી પારિતોષિક - શ્રી રાહુલભાઈ રમેશભાઈ ધરાજિયા
- શ્રી મનુભાઈ પંચોળી વિદ્યાભારતી પારિતોષિક - શ્રી કિશનભાઈ ગોબરભાઈ બલિયા
- શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ મૈત્રીભારતી પારિતોષિક - શ્રી અવનીબેન ભૂપતભાઈ અણઘણ
- શ્રી નટવરલાલ બુચ સેવાભારતી પારિતોષિક - શ્રી શાર્દુલભાઈ રઘાભાઈ ભુવા

- **વ્યસન મુક્તિના પ્રયત્નો**

પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વ્યાસન મુક્તિના એક સપ્તાહના રાત્રી પ્રવૃત્તિઓના કાર્યક્રમ યોજાયા. આ રાત્રી પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થી ભાઈઓને શ્રી હરપાલસિંહ વાળા અને શ્રી રામદેવસિંહ ગોહિલે વિવિધ ડોક્યૂમેન્ટરી ફિલ્મો, વીડિયો ક્લિપ્સ અને ચર્ચાઓ કરાવી વ્યસન મુક્તિના પ્રયાસો કર્યા. દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે શ્રી સચીનભાઈ ધોકિયાએ વ્યક્તિગત કાઉન્સેલિંગ સેશન્સ લીધાં. તૃતીય વર્ષના ગૃહપતિ શ્રી મિલનભાઈ કેરસિયા અને શ્રી પ્રિયાંકભાઈ મોઢવાડિયાએ રાત્રી પ્રવૃત્તિ દરમિયાન વિવિધ કાર્યક્રમો કર્યા.

● **કાર્યકરોની સિદ્ધિઓ**

| ક્રમ | નામ | તારીખ | સન્માન | સંસ્થા |
|---|---|---|---|---|
| ૧ | ડૉ. વિશાલભાઈ ભાદાણી | ૨૫/૧/૨૫ | શ્રેષ્ઠ પૂર્વ વિદ્યાર્થી સન્માન | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર |
| ૨ | ડૉ. વિશાલભાઈ ભાદાણી | ૧૦/૯/૨૫ | નેશન બીલ્ડર એવોર્ડ | રોયલ રોટરી ક્લબ, ભાવનગર |
| ૩ | શ્રી સચીનભાઈ ધોકિયા | ૭/૧૨/૨૫ | મીલિયોનેર ફાર્મર એવોર્ડ | ICAR નવી દિલ્હી |

● **પ્રકાશન**

| ક્રમ | નામ | પુસ્તકનું નામ | પ્રકાશક |
|---|---|---|---|
| ૧ | ડૉ. વિશાલભાઈ ભાદાણી | ચપટીક અજવાળું, ૧૫/૬/૨૦૨૫ | આર આર શેઠ, અમદાવાદ ૯૭૮૯૩૬૧૯૭૫૩૨ |
| ૨ | ડૉ. વિશાલભાઈ ભાદાણી | ન્યુરો માર્ગ, ૫/૧૦/૨૦૨૫ | ચામુંડા પ્રિન્ટીંગ પ્રેસ, સોનગઢ ૯૭૮૮૧૯૪૮૨૫૪૪૯ |

● **સાઈકલ પ્રવાસ**

સમગ્ર બીએ અંગ્રેજી વિભાગના વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ કવિતાઓની કેફિયત જાણવા-સમજવા તારીખ ૧૧ અને ૧૨ ઑગસ્ટના બે દિવસનો સાઈકલ પ્રવાસ કર્યો (૩૫ કિલોમીટર). રૂટઃ સણોસરા-કૃષ્ણપરા-રામધારી-ઈશ્વરીયા-આંબલા-અનીડા-નવાગામ-ઢાકણકુંડા-સાંઢીડા-સણોસરા. વિભાગઃ અંગ્રેજી (૧૩ વિદ્યાર્થીઓ, ૨ કાર્યકરો)

● **શૈક્ષણિક પ્રવાસ** આણંદ એગ્રીકલ્ચર યુનિ., આણંદ, ૫/૪/૨૦૨૫, બીવોક નેચરલ ફાર્મિંગ ૪૫ વિદ્યાર્થીઓ

● **યોગ દિવસ** ૨૦ બહેનોએ ૨૧ જૂનના વિશ્વ યોગદિવસ નિમિત્તે યોગદિવસ ઉજવ્યો.

● **રમતમાં સિદ્ધિ :** પશુપાલન વિભાગના વિદ્યાર્થી દીપેશ મનુભાઈ ભાલિયાએ ખેલ મહાકુંભ–૨૦૨૫માં જિલ્લામાં પ્રથમ સ્થાન હાસલ કર્યું છે. દીપેશે કરાટે- ટેકવાન્ડો સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિજય મેળવ્યો છે. ભાવનગર વુશું ચેમ્પિયનશીપ ૨૦૨૫માં સિલ્વર મેડલ હાંસલ કર્યો.

● **એક્ષ્પોઝર વિઝીટ/શૈક્ષણિક પ્રવાસ**

સર્વોત્તમ દૂધ ડેરીની ૦૪ અને ૦૪ એપ્રિલના રોજ મુલાકાત લઈ, રાજપરા ખોડિયાર મંદિરે દર્શન કર્યા. ત્યાંથી સર્વોત્તમ ખાણ દાણ ફેકટરીની મુલાકાત લઈ અને આંબલા દક્ષિણામૂર્તિ સંસ્થાની મુલાકાત લીધી. વિદ્યાર્થીઃ પ્રથમ વર્ષ બીઆરએસ (૬૯ વિદ્યાર્થીઓ)

૧૧/૦૨/૨૦૨૫થી૧૭/૦૨/૨૦૨૫ FYBRSના વિદ્યાર્થીઓ Organic Farming વિષયના અભ્યાસના ભાગરૂપે શ્રી રામ-કૃષ્ણ ટ્રસ્ટ-કુકમા (કચ્છ) મુકામે ત્રણ દિવસ શિબિર અને બે દિવસ સ્થાનિક શૈક્ષણિક પ્રવાસ એમ કુલ પાંચ દિવસનું આયોજન થયું.

સહભાગી વિદ્યાર્થીઓની સંખ્યાઃ ૪૭

● ૨૫/૪/૨૦૨૫ એગ્રોનોમી વિભાગ, ૪૬ વિદ્યાર્થીઓ નિષ્ણાત વ્યાખ્યાન : Seed Industry

● **લોક અર્બન ગાર્ડન કીટ**

● મેજિક સોઇલ : કિચન ગાર્ડન મિશ્રણ : ૪૦% કમ્પોસ્ટ + ૪૦% કોકોપીટ + ૨૦% બગીચાની માટી

ઉપયોગ(Uses) ધાણા, મેથી, પાલક જેવા પાંદડાવાળા શાકભાજી ઉગાડવા માટે.

● વર્મી કમ્પોસ્ટ : ઉપયોગ માટી સાથે મિશ્રણ : ૧ ભાગ વર્મી કમ્પોસ્ટ +૨ ભાગ માટી + ૧ ભાગ કોકોપીટ વાળી

માટી વાવેતર પહેલાં ૧૫-૨૦ દિવસ મિશ્રિત કરવું. છોડની આસપાસ છાંટવું : દરેક છોડને દર ૨૫-૩૦ દિવસે ૧૦૦–૧૫૦ ગ્રામ વર્મી કમ્પોસ્ટ નાખવું. પછી હળવું પાણી આપવું. પાંદડાવાળા શાકભાજી માટે : પાલક, મેથી, ધાણા, લીલા ડુંગળી જેવા શાકમાં ૨-૩ અઠવાડિયા બાદ ફરીથી નાખવું.

● પાવર હાઉસ (વર્મીવૉશ) : ઉપયોગ સ્પ્રે તરીકે : ૧ લિટર પાણીમાં ૫૦ મી.લિ. પાવર હાઉસ મિશ્રિત કરો. પાન અને જમીન પર છાંટવું. માટી સુધારણા માટેઃ ૧ લિટર પાણીમાં ૧૦૦ મી.લિ. પાવર હાઉસ ભેળવીને છોડનાં મૂળ પાસે આપવું.

● ગ્રોમેક્ષ : ફૂલ–ફળ વધારવા માટે દર ૧૫ દિવસે એકવાર છાંટવું.

ઉપયોગઃ

બીજ માવજતમાં – બીજ અંકુરણ અને રોગ નિવારણ માટે.

ફોલિયર સ્પ્રે (છાંટણી) – પાન પરથી સીધો પોષક તત્ત્વો મળે.

ડ્રેંચિંગ (મૂળ પાસે આપવું) – મૂળ વિકાસ અને રોગ નિયંત્રણ માટે.

● ઓર્ગેનિક ગ્રોથ પ્રમોટર - સંપૂર્ણ પણે કુદરતી અને રસાયણ મુક્ત.

● બાહુબલી (કીટક નિયંત્રણ માટે) : ઉપયોગ સ્પ્રે માટે દ્રાવણઃ ૫૦ મી.લિ./લિટર પાણી છાંટણી સમય : ૭-૧૦ દિવસના અંતરે એક વાર ખાસ કરીને સાંજના સમયે છાંટવું. કિચન ગાર્ડનમાં ઉપયોગઃ શાકભાજી, ફૂલ, ફળ અને મસાલા પાકમાં સુરક્ષિત

● **પ્રવૃત્તિઃ**

● ૯/૭/૨૦૨૫, વૃક્ષારોપણ (૧૦૦ વૃક્ષોનું વાવેતર, જતન અને ઉછેર) BRS બાગાયત દ્વિતીય વર્ષ, પાક ઉત્પાદન વિષય દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા પાક કૌતુકાલય બનાવ્યું, જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની રીંગણી જુદી જુદી જાતો (GRB- ૩, ૪, ૫ અને ૭) જાતોની સરખામણી ડુંગળીના પાકમાં પ્લાસ્ટિક મલ્ચિંગ, પાંદડાનું મલ્ચિંગ, ઓપન ફિલ્ડની સરખામણીનો અભ્યાસ.

● યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં નીચેના અભ્યાસક્રમો નવા શરૂ કરવામાં આવ્યા.

| ક્રમ | અભ્યાસક્રમ |
|---|---|
| ૧ | BBA |
| ૨ | BVoc (IT) |
| ૩ | PG Diploma in Seed Science and Technology |

● પ્લેસમેન્ટ વિગતો

૨૦૨૫ વર્ષ દરમિયાન યુનિવર્સિટીના પ્રથમ બેચના વિદ્યાર્થીઓ પૈકી કુલ ૩૪ વિદ્યાર્થીઓનાં પ્લેસમેન્ટ તેમના ત્રીજા વર્ષના પરિણામ પહેલાં થયા છે. તદુપરાંત ૦૩ વિદ્યાર્થીઓને આફ્રિકામાં ખેત નિરીક્ષક તરીકે પસંદગી કરવામાં આવી છે.

## -: પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર :-

● કાર્યકરોની વિગતો

| શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|
| ૦૩ | ૦૧ | ૦૪ |

● આ અહેવાલના સમયગાળા દરમ્યાન નીચે મુજબના પાયાની પૂર્વ સેવા તાલીમ ચલાવવામાં આવ્યા.

| ક્રમ | સમયગાળો | ભાઈઓ | બહેનો |
|---|---|---|---|
| ૧ | ૦૩/૦૨/૨૫થી ૦૩/૦૫/૨૫ | -- | ૩૮ |
| ૨ | ૧૫/૦૫/૨૫થી ૧૨/૦૮/૨૫ | ૪૦ | -- |
| ૩ | ૨૧/૦૮/૨૫થી ૧૮/૧૧/૨૫ | ૩૯ | -- |
| ૪ | ૨૪/૧૧/૨૫થી ૨૧/૦૨/૨૬ | -- | ૨૫ |
| ૫ | કુલ | ૭૯ | ૬૩ |

● તાલીમાર્થીઓ માટે વિકાસ કમિશનરશ્રીના આદેશ અનુસાર આ સમયગાળા દરમ્યાન સીધી ભરતીથી નિમણૂક પામેલ તલાટી-કમ-મંત્રીના પાયાના ચાર તાલીમ વર્ગ ચલાવવામાં આવ્યા, જેમાં ભાઈઓ ૭૯ અને ૬૩ બહેનો કુલ મળી ૧૪૨ તાલીમાર્થીઓને તાલીમ આપવાની કામગીરી કરવામાં આવેલ.

● **સંસ્થાગત મહાનુભવો તથા વિભાગીય વડાઓ–કાર્યકરો**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | શ્રી અરુણભાઈ દવે | મૅનેજીંગ ટ્રસ્ટીશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૦૨ | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | ટ્રસ્ટીશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૦૩ | શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | ટ્રસ્ટીશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૦૪ | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | નિયામકશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૦૫ | શ્રી ભદ્રાયુ વચ્છરાજાની | પૂર્વ કુલપતિશ્રી, લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન |
| ૦૬ | શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા | પૂર્વ રજિસ્ટારશ્રી, લોકભારતી યુનિ.ફોર રુરલ ઈનોવેશન |
| ૦૭ | શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી | કુલપતિશ્રી, લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન |
| ૦૮ | શ્રી વિશાલભાઈ ભાદાણી | ઉપકુલપતિશ્રી, લોકભારતી યુનિ.ફોર રુરલ ઈનોવેશન |
| ૦૯ | શ્રી નિગમભાઈ શુકલ | વરિષ્ઠ વૈજ્ઞાનિક વ અધ્યક્ષ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી |
| ૧૦ | શ્રી જગદીશભાઈ ગોસાઈ | આચાર્યશ્રી, અધ્યાપનમંદિર લોકભારતી |
| ૧૧ | શ્રી અર્ચનાબેન દવે | વિજ્ઞાનભવન, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૧૨ | શ્રી દિનુભાઈ ચુડાસમા | ગાંધીભારતી કેન્દ્ર , લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૧૩ | શ્રી વિક્રમભાઈ દેસાઈ | વૈજ્ઞાનિકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી |
| ૧૪ | શ્રી વિનીતભાઈ સવાણી | વૈજ્ઞાનિકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી |
| ૧૫ | શ્રી લાલજીભાઈ રાઠોડ | ઘઉં સંશોધન વિભાગ , લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૧૬ | શ્રી પ્રવીણભાઈ ઠક્કર | પૂર્વ નિયામકશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ |
| ૧૭ | શ્રી પ્રદીપભાઈ ક્યાડા | વૈજ્ઞાનિકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી |
| ૧૮ | શ્રી વિશાલભાઈ જોષી | અધ્યાપકશ્રી, લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય |

● **સરકારી અધિકારીઓ તથા કર્મચારીઓ**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | શ્રી પ્રવીણભાઈ ચાઉ | નિવૃત્ત તલાટી-કમ-મંત્રી,શ્રી, એડવોકેટ ગઢડા |
| ૦૨ | શ્રી સુરેશભાઇ ભટ્ટ | નિવૃત્ત સર્કલ ઈન્સપેકટરશ્રી, વલ્લભીપુર |
| ૦૩ | શ્રી બટુકસિંહજી ગોહિલ | નિવૃત્ત ગ્રામસેવકશ્રી, ભાવનગર |

| | | |
|---|---|---|
| ૦૪ | શ્રી દિલીપભાઈ મહેતા | સર્કલ ઈન્સપેક્ટરશ્રી, સિહોર |
| ૦૫ | શ્રી યાકુબભાઈ કોઠારિયા | નિવૃત્ત ત.ક.મંત્રી (રાષ્ટ્રીય પ્રવકતા) |
| ૦૬ | શ્રી ખેંગારસિંહ | નિવૃત્ત સર્કલ ઈન્સપેકટર |
| ૦૭ | શ્રી કૃણાલભાઈ લાઠીગરા | જિલ્લા પંચાયત, હિસાબી શાખા ભાવનગર |
| ૦૮ | શ્રી મુકેશભાઈ પંડિત | પૂર્વે સરપંચશ્રી, ઈશ્વરિયા |
| ૧૦ | શ્રી તેજસભાઈ ઠાકર | આચાર્યશ્રી, પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, સાદરા |
| ૧૩ | શ્રી અનિલ કુમાર આર. રાઠોડ | ડી.આર.ડી.એ., ભાવનગર |
| ૧૪ | શ્રી જયંતભાઈ કે સુમરા | ડી.આર.ડી.એ., ભાવનગર |
| ૧૫ | શ્રી હુનાણી આશિયાબહેન | ડૉક્ટરશ્રી, પી.એચ.સી., સણોસરા |
| ૧૬ | શ્રી પંડયા હિતેશભાઈ | નાયબ ચીટનીશ ભાવનગર |
| ૧૭ | શ્રી મધુબહેન | તાલુકા પંચાયત સિહોર |
| ૧૮ | શ્રી મિતેશભાઈ ગૌસ્વામી | પી.એચ.સી. સણોસરા |
| ૧૯ | શ્રી સુશીલભાઈ પંડયા | નિવૃત્ત તલાટી કમ મંત્રી |
| ૨૦ | શ્રી વત્સલભાઈ દવે | ઑડીટરશ્રી, એલ.એફ. કચેરી, ભાવનગર |
| ૨૧ | શ્રી રાજેશભાઈ લાધવા | ના.સમાજ કલ્યાણ અધિકારીશ્રી, ભાવનગર |
| ૨૨ | શ્રી જયેશભાઈ ડાભી | વિસ્તરણ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, સિહોર |
| ૨૩ | શ્રી સખિયા સાહેબ | નિવૃત્ત મામલતદારશ્રી |

**-: શિક્ષણ ગુણવત્તા સંવર્ધન કેન્દ્ર :-**

Academic Quality Assurance Cell(AQAC)

- કાર્યકરોની વિગતો

| શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|
| ૦૩ | ૦૨ | ૦૫ |

● તા.૦૧-૦૧-૨૫થી ૦૫-૦૧-૨૫ આંબલા અને ખડસલી સંસ્થા મુકામે 'શિક્ષણ—સજ્જતા સંગોષ્ઠિ' 'માતૃભાષા ગુજરાતી' વિષય લઈને પાંચ દિવસીય રેલી યોજાય ગઈ, જેમાં ૧૯ સંસ્થાઓએ ભાગ લીધો, જેનું સંચાલન કરવામાં આ વિભાગનો પૂર્ણ સહયોગ અપાયો.

●ધરમપુર ખાતે માનનીય શ્રી સુનિલભાઈ દલાલના અધ્યક્ષસ્થાને તા.૨૧-૦૧-૨૫ના રોજ શ્રી અરુણભાઈ દવે, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી ભૌતિકભાઈ લીંબાણી, શ્રી દિગંતભાઈ મહેતાની ઉપસ્થિતિમાં શિક્ષણ ગુણવત્તા સંવર્ધન એકમ હેઠળ એક બેઠક યોજાઈ.

● તા.૨૬-૦૧-૨૫ના રોજ આનંદધારા-ચાંપરડા ગીરના નેસોમાં વિન્ટર શિબિરનું આયોજન કરેલ, જેમાં તજજ્ઞો તરીકે શ્રી હિતેશભાઈ સોલંકી, શ્રી સિદ્ધાર્થભાઈ અવૈયા, શ્રી અમિતભાઈ રાઠોડ, શ્રી હર્ષભાઈ દવે અને શ્રી મનિષભાઈ બારૈયા રહ્યા.

● તા.૦૧થી ૦૯ માર્ચ લોકભારતી યુનિવર્સિટી અને શિક્ષણ ગુણવત્તા સંવર્ધન એકમ અંતર્ગત ધરમપુરની આશ્રમશાળાના ધોરણ ૦૩થી ૦૮ માટેનો મૂલ્યાંકન સામગ્રી નિર્માણનો એક વર્કશોપ યોજાઈ ગયો.

● તા.૧૯ માર્ચના રોજ કળસાર સંસ્થા ખાતે પ્રાથમિક શાળાના શિક્ષક માટેની ટીચર ઇવોલ્યૂશન બેઠક યોજાઈ.

તેમાં શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી શ્રદ્ધાબેન વ્યાસ અને શ્રી હિતેશભાઈ સોલંકી જોડાયાં.

● તા.૨૯ અને ૩૦ એપ્રિલ NEP આધારિત શિક્ષક સજ્જતા કાર્યક્રમ પંડિત સુખલાલજી લોકવિદ્યાલય-માઈધાર, તા. પાલીતાણામાં યોજાઈ ગયો, જેમાં વક્તા શ્રી મહેન્દ્રભાઈ ચોટલિયા અને શ્રી દિવ્યેશભાઈ પટેલે જૂથ શિક્ષણ અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ, શ્રી જિજ્ઞેશભાઈ ગોહિલે શિક્ષણમાં ICTનો ઉપયોગ, શ્રી વિશાલભાઈ ભાદાણીએ નઈ તાલીમનું નવું ભાવાવરણ વિષે વાતો કરી. જેમાં ૯૨ શિક્ષકોએ ભાગ લીધો.

● તા.૩૦ મેના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા ખાતે ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન બેઠક યોજાઈ, જેમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી નલિનભાઈ પંડિત, શ્રી ટી. એસ. જોશી, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી અન્ય સાથી શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા.

● લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા ખાતે તા.૧૯થી ૨૯ એમ દસ દિવસીય 'સ્કિલ ડેવલોપમેન્ટ વર્કશોપ' અંગ્રેજી અને કૉમ્પ્યૂટર વિષય પર યોજાઈ ગયો. જેમાં જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ-ધરમપુરની અલગ અલગ આશ્રમશાળાઓના ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સમાપન કાર્યક્રમમાં શ્રી સુનિલભાઈ દલાલ મુંબઈથી વર્ચ્યુલી જોડાયા.

●મોજીલું શિક્ષણ અભિયાનની તાલીમ માઈધાર સંસ્થા ખાતે તા.૦૫ અને ૦૬ જૂનના કરવામાં આવી, જેમાં ૨૨ સભ્યોએ ભાગ લીધો. મોજીલું શિક્ષણ અભિયાનની તાલીમ ધરમપુર સંસ્થા ખાતે તા.૦૯થી ૧૧ જૂનના કરવામાં આવી. જેમાં ૧૦૫ સભ્યોએ ભાગીદારી કરી.

● જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ-ધરમપુરની આશ્રમશાળાઓમાં શૈક્ષણિક પડકારોની સમીક્ષા કરવા અને શૈક્ષણિક સુધારાના આયોજન માટે કાર્યવાહી નક્કી કરવા ધરમપુર ખાતે તા.૦૧ જુલાઈના રોજ મિટિંગ યોજાય ગઈ. જેમાં શ્રી સુનિલભાઈ દલાલ, શ્રી રોહિતદાસભાઈ, શ્રી હિતેન્દ્રભાઈ માનસેતા, ડૉ. વિશાલભાઈ ભાદાણી, શ્રી કાંતિભાઈ ગોઠી, ડૉ. દિગંતભાઈ મહેતા અને શ્રી શૈલેષભાઈ ગાવિત જોડાયા.

● કળસાર સંસ્થાના જુદા જુદા શૈક્ષણિક વિભાગોની કેળવણી વિષયક કામગીરી વધુ સુદઢ અને સરળ બને તે અંગેની તા.૨૨ જુલાઈના રોજ એક મિટિંગ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા ખાતે યોજાય ગઈ, જેમાં શ્રી કિરીટભાઈ દોશી, શ્રી અરુણભાઈ દવે, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી હાજર રહ્યા.

● તા.૧૧ અને ૧૨ આનંદધારા-ચાંપરડા-ગીરની ચિખલકુબા, જસાધાર, ઘોડાવડી અને ટીંબરવા નેસમાં બે દિવસીય વિન્ટર શિબિરનું આયોજન કર્યું, જેમાં તજજ્ઞો તરીકે શ્રી હિતેશભાઈ સોલંકી, શ્રી સિદ્ધાર્થભાઈ અવૈયા, શ્રી લાલજીભાઈ ચૌહાણ અને શ્રી હર્ષભાઈ દવે રહ્યા.

**-: ગાંધીભારતી :-**

● તા. ૪-૫/૦૧/૨૦૨૫ના રોજ સાવરકુંડલામાં આવેલ શ્રી એમ.એલ. શેઠ શૈક્ષણિક સંકુલના આચાર્યશ્રી સાથે કુલ ૨૭ શિક્ષકો લોકભારતીની શિક્ષણપ્રણાલિ અને ગાંધીવિચારને સમજવા માટે પધાર્યા હતા. તેમણે સંસ્થામાં રહીને નિરાતે સંસ્થાદર્શન કરીને લોકભારતીની કેળવણી અને ગાંધીવિચાર વિશે સંયોજક શ્રી દિનુભાઈ ચુડાસમાએ સમજાવેલું.

● લોકભારતીના ગાંધીભારતી કેન્દ્ર દ્વારા તા.૧૦-૧૧/૦૧/૨૦૨૫ બે દિવસ માટે શ્રી રાજસોભાગ આશ્રમ-સાયલા પ્રેરિત પ્રેમની પરબ- દ્વારા વ્યકિતત્ત્વ નિર્માણ શિબિર માટે આવેલ.

● તા.૧૮-૧-૨૫ના રોજ શ્રી પી.કે.મહેતા કૉલેજ ઓફ સ્પેશિયલ એજયુકેશનના બે પ્રોફેસર અને ૧૧ વિદ્યાર્થી ભાઈ-બહેન લોકભારતીની કેળવણી સમજવા આવેલ તેમને વિગતે સમજાવી-સંસ્થાદર્શન કરાવેલ.

● તા.૨૨-૧-૨૦૨૫ના રોજ SNDT યુનિવર્સિટી-મુંબઈથી ૪૦ સ્નાતક અને અનુસ્તાનકના વિદ્યાર્થીઓ અને ૩ પ્રોફેસરો લોકભારતીની કેળવણી સમજવા આવેલ તેમને દિનુભાઈએ સવિગત વાતો કરી અને સંસ્થાદર્શન કરાવ્યું.

● તા.૭/૨/૨૫ના રોજ ભાવનગર યુનિ.ના એમ.એડ્. ભવનના છાત્રો અને એક અધ્યાપક બહેન લોકભારતીની કેળવણી સમજવા આવી ગયાં.

● તા.૧૮-૨-૨૦૨૫થી ૨૧-૨-૨૦૨૫ એમ ચાર દિવસ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-જામનગરના ૨૮ તાલીમાર્થીઓને 'હું શિક્ષક છું' શિબિરનું આયોજન થયેલ.

● તા.૨૭-૧-૨૦૨૫ થી ૩૦-૧-૨૦૨૫ એમ ચાર દિવસ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભાવનગરના ૫૦ તાલીમાર્થીઓને 'હું શિક્ષક છું' શિબિરનું આયોજન શ્રી પાર્થેશભાઈ પંડયા- ITOWE Foundaton ના આયોજન તળે ગોઠવાયેલ. લોકભારતીમાં ગાંધીભારતી- દિનુભાઈએ સંકલન કર્યું હતું.

● તા.૨૪/૨/૨૫ના રોજ ગુજરાત યુનિવર્સિટીના ફિલોસોફી ભવનના ૪૦ છાત્રો અને ૬ અધ્યાપકશ્રીઓ લોકભારતી મુલાકાતે આવેલ. તેમને નઈ તાલીમ વિશે વિગતે વાત કરી.

● ગુજરાત યુનિ.ના સ્કૂલ ઓફ ફિલોસોફિના એમ.એ. અને પીએચ.ડીના ૩૫ છાત્રો અને ૫ સ્ટાફ-કર્મચારી એમ ૪૦ લોકો ગાંધીવિચાર સાથે અપાતી લોકભારતી-કેળવણીની ફિલોસોફી સમજવા માટે તા.૨૪/૨/૨૫ના રોજ આવી ગયા, તેમને આ વિચાર અને એનું તત્ત્વજ્ઞાન દિનુભાઈએ સમજાવી સંસ્થાદર્શન કરાવ્યું.

● તા.૨૭-૨૮/૦૪/૨૦૨૫ બે દિવસ માટે નૂતન કેળવણી મંડળ-સાવરકુંડલાની ત્રણ સ્કૂલના ૫૦ શિક્ષકો અને ૧૦ ટ્રસ્ટીમંડળના સદસ્યો આવેલ... તેમને બે દિવસ માટે ટ્રેનિંગ સેશનમાં વિષય

| | | |
|---|---|---|
| 'શિક્ષક ઓછા હોય તોયે શિક્ષણ કેમ આપવું?' | - | શ્રી વિશાલભાઈ ભાદાણી |
| 'વિદ્યાર્થી અભિમુખ શિક્ષણ' | - | શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા |
| 'વર્તમાન શિક્ષણ અને શિક્ષકની સજ્જતા' | - | શ્રી જગદીશભાઈ ગોસ્વામી |
| 'વહીવટકર્તાઓ સાથે શિક્ષકોની વિચારગોષ્ઠિ' | - | શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી. |

સમગ્ર સંકલન : ડૉ. દિનુભાઈ ચુડાસમા

● તા.૮/૦૫/૨૫થી તા.૧૦-૦૫-૨૫ બે દિવસ માટે પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-અમદાવાદ દ્વારા ચાલતા પ્રોજેક્ટ : 'અહિંસાની કેળવણી'નો પ્રેરણા પ્રવાસમાં ૧૪ વ્યકિતઓની એક ટીમ આવેલ. શ્રી અરુણભાઈ દવેએ 'અહિંસાની કેળવણી એટલે શું?' તેમ જ મોજીલા શિક્ષણના લોકદક્ષિણામૂર્તિના અનુભવો ઉપર ટ્રેનિંગમાં સંવાદ-ગોષ્ઠિ કરી.

● તા.૨૨/૭/૨૫ના રોજ નંદકુંવરબા મહાવિદ્યાલય-ભાવનગરથી ૨૯૬ વિદ્યાર્થિની-બહેનો અને ૬ શિક્ષકો લોકભારતીમાં પ્રેરણા પ્રવાસે આવેલ. તેમને નઈ તાલીમ વિશે તેમ જ લોકભારતી પરિચય કરાવ્યો.

● ગાંધીભારતી કેન્દ્ર- સંયોજક ડૉ.દિનુભાઈ ચુડાસમા દ્વારા દર મહીને કોડિયું મેગેઝિન પ્રકાશિત કરવાની કામગીરી સાથે લોકસેવા મહાવિદ્યાલયમાં મદદનીશ અધ્યાપક તરીકે કાર્યરત છે.

### -: કૃષિ વિજ્ઞાન કેન્દ્ર :-

● **વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક**

કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ખેતી વિષયક વિસ્તરણ પ્રવૃતિઓ હાથ ધરવા માટે જિલ્લામાં પ્રવર્તમાન ખેતી વિષયક પ્રશ્નો ઉપર વૈજ્ઞાનિક માર્ગદર્શન તથા પ્રવૃત્તિઓના આયોજન માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની ઉપસ્થિતિમાં અને લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના અધ્યક્ષ સ્થાને તા. ૦૩-૦૩-૨૦૨૫ના રોજ વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અગ્રગણ્ય કૃષિ વૈજ્ઞાનિકો, જિલ્લા પંચાયતના ખેતીવાડી, પશુપાલન, જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમના વિસ્તરણ કાર્યકરો, જિલ્લાના અગ્રણી પ્રગતિશીલ ખેડૂતો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો વગેરે મળીને કુલ ૨૮ સભ્યોએ ભાગ લઈ બેઠકને સફળ બનાવી.

● **અગ્રહરોળ નિર્દશન**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અગ્રહરોળ નિર્દશન માટે વિવિધ ગામોમાં કુલ ૧૨૦ હેકટરમાં ૫૭૦ લાભાર્થી ખેડૂતોને બાજરા, મગફળી, ઘઉં, ચણા, કપાસ તેમજ ચાફકટર, ગ્રબર વીડર, કીચન ગાર્ડન માટે બિયારણ અને પ્રાકૃતિક કૃષિની સામગ્રી તેમજ દૂધાળા પશુઓને વધુ દૂધ ઉત્પાન માટેના પૂરક પોષણ વગેરે ભલામણ થયેલ વસ્તુઓનું વિવિધ ગામોમાં નિદર્શન આપવામાં આવ્યું.

● **ખેત અખતરા**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સંશોધનના ભાગરૂપે તરબુચની ખેતીમાં ખાતર, ડ્રમ રોલરનો મગફળીમાં ઉપયોગ, દૂધાળા પશુઓને સપ્લીમેન્ટ તેમજ ભાવનગર જિલ્લામાં મગફળીની જાત માટેના અલગ અલગ ખેત અખતરા ગોઠવવામાં આવ્યા છે.

● **તાલીમ કાર્યક્રમ**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન ૬૪ જેટલાં ગામોના કુલ ૩૮૦૦ ખેડૂતો, ખેત મહિલાઓ, વિસ્તરણ કાર્યકર્તાઓ વગેરેની વિવિધ વિષયો પર કેમ્પસ ઉપર તથા કેમ્પસ બહાર ૭૨ જેટલી તાલીમ ગોઠવવામાં આવી જે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| તાલીમની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | | કુલ | આવરી લીધેલ ગામો |
|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | | |
| ૭૨ | ૩૦૮૫ | ૭૧૫ | ૩૮૦૦ | ૬૪ |

● **ખેત પરીક્ષણ મુલાકાત**

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન ખેત અખતરા, નિદર્શનોની માહિતી મેળવવા, ખેતી અને પશુપાલનના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે કુલ ૧૧૮ વખત વિવિધ ખેતરોની મુલાકાત લેવામાં આવી અને તે દરમિયાન કુલ ૬૬૫ ખેડૂત ભાઈઓ-બહેનોનો સંપર્ક કરવામાં આવ્યો.

● **વિવિધ વિષયો પર વ્યાખ્યાન**

જિલ્લાની વિવિધ સંસ્થાઓ જેવી કે આત્મા પ્રોજેકટ, કૃષિ મહોત્સવ, ખેતીવાડી ખાતું, પશુપાલન ખાતું, ફાર્મર ટ્રેનિંગ સેન્ટર, બાગાયત વિભાગ વગેરે દ્વારા ગોઠવાતા કાર્યક્રમોમાં તથા કૃષિ મેળામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ વિષયો ઉપર કુલ ૭૯ વ્યાખ્યાનો યોજાયાં.

● **તકનિકી બેઠકો**

ભાવનગર જિલ્લામાં આવેલ વિવિધ સરકારી, અર્ધસરકારી, એન.જી.ઓ. વગેરે સંસ્થાઓ દ્વારા ખેતીવાડીના વિસ્તરણ કાર્યક્રમના આયોજન માટે યોજેલ કુલ ૩૪ બેઠકોમાં ભાગ લઈ વિસ્તરણ કાર્યક્રમોના આયોજનમાં સાથ-સહકાર આપી તકનીકી જ્ઞાન પુરુ પાડ્યું.

● **કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ મુલાકાતીઓ**

વર્ષ દરમ્યાન ખેતીના વિવિધ વિષયો પર ચર્ચા કરવા તથા માર્ગદર્શન મેળવવા કુલ ૧૨૬૪ ખેડૂત ભાઈ-બહેનોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી.

● વર્ષ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા ટેલીફોનિક હેલ્પલાઈનની મદદથી ૧૦૩૧ ખેડૂતોને માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ છે.

● તા.૧૦-૦૨-૨૦૨૫ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કાર્બન ક્રેડિટ ઉપર સંમેલન યોજવામાં આવ્યું જેમાં ૧૬૦ ખેડૂતો ભાઈ-બહેનોએ ભાગ લીધો.

● તા.૨૪-૦૨-૨૦૨૫ના રોજ પીએમ કિસાન સમ્માન નિધિ કાર્યક્રમ સાંસદશ્રી નિમુબહેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને યોજ્યો જેમાં ૧૨૦૦ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.

● તા.૨૯-૦૫-૨૦૨૫થી સતત ૧૫ દિવસ ભાવનગર જિલ્લાના વિવિધ ગામોમાં કૃષિરથની સાથે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન ચલાવ્યું. જેમાં ૩૫૨૩ ખેડૂત ભાઈ-બહેનો સુધી સીધા તેઓના ગામમાં લોકસંપર્ક કરી ખેતી-પશુપાલન અને સરકારી વિવિધ યોજનાઓની માહિતી આપી.

● તા.૧૪-૧૦-૨૦૨૫ના રોજ યોજાયેલ રવિ-કૃષિમેળામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રદર્શન યોજવામાં આવ્યું જેમાં ૧૦૦૮ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.

તદઉપરાંત, કેન્દ્ર દ્વારા વર્ષ દરમિયાન આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (૦૮-૦૩-૨૫), વિશ્વ પર્યાવરણ દિવસ (૦૫-૦૬-૨૫), ગાજરઘાસ સપ્તાહ ઉજવણી (૨૧-૦૮-૨૫), પોષણ માહ ઉજવણી (૧૮-૦૯-૨૫), મહિલા કિસાન દિવસ (૧૫-૧૦-૨૫), સ્વચ્છતા અભિયાનની (૧૭-૦૯-૨૫) ઉજવણી કરવામાં આવી.

● **કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં એકમો**

(૧) નિદર્શન ફાર્મ
(૨) ફાર્મ મશીનરી એકમ
(૩) ટપક સિંચાઈ પદ્ધતિ એકમ
(૪) છતના વરસાદી પાણીના સંગ્રહનું એકમ
(૫) અઝોલા ઉત્પાદન એકમ
(૬) નાડેપ પદ્ધતિ દ્વારા સેન્દ્રિય ખાતર બનાવવાનું એકમ
(૭) પ્લગ નર્સરી એકમ
(૮) કૃષિ તકનીક પ્રદર્શન એકમ
(૯) વર્મી કમ્પોસ્ટ નિદર્શન એકમ
(૧૦) જમીન ચકાસણી એકમ
(૧૧) પોષણ વાટીકા નિદર્શન એકમ

● **પ્લગ નર્સરી એકમ**

વર્ષ દરમિયાન પ્લગ નર્સરી એકમ દ્વારા જિલ્લાના ખેડૂતોને ફળપાકો તેમ જ શાકભાજીના ધરૂવાડિયા માટે નર્સરી શરૂ કરવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. તેમ જ વિવિધ મુલાકાતી ખેડૂતોને નર્સરીની કાર્ય પદ્ધતિ સમજાવવામાં આવી. સંસ્થાના વિદ્યાર્થીઓને નર્સરી દ્વારા રોજગારીની માહિતી મળી શકે તે હેતુથી શ્રમ દરમિયાન વિવિધ વૈજ્ઞાનિક તકનીકો અંગે માર્ગદર્શન તેમ જ ઉત્પાદક શ્રમ ગોઠવવામાં આવ્યો.

નાળીયેરી ૩૦ નંગ, આંબાના રોપા ૩૦૦ નંગ , ચીકુ રોપા ૨૦૦ નંગ, જામફળ રોપા ૫૦ નંગ, લીબું રોપા ૪૦૦ નંગ, સીતાફળ રોપા ૩૦૦ નંગ, દાડમ રોપા ૧૦૦ નંગ, સુશોભનના રોપા ૬૦૦ નંગ, ટમેટીના રોપ ૫,૦૦૦ , મરચી ૧ લાખ ૫૦ હજારરોપા અને રીંગણના રોપ -૨૫૦૦ નું વેચાણ કરવામાં આવેલ.

આ ઉપરાંત મગફળી બિયારણ ૮૦ કિવન્ટલ, ચણા બિયારણ ૧૦૦ કિવન્ટલ તેમ જ ઘઉંનું બિયારણ ૪૪૦ કિવન્ટલનું વેચાણ કરવામાં આવ્યું.

**-: લોકવિજ્ઞાન કેન્દ્ર :-**

લોકવિજ્ઞાન કેંદ્રમાં વર્ષ દરમિયાન વિજ્ઞાનની અને મોજીલા શિક્ષણની અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ છે. જે નીચે મુજબ છે.

● તા.૨૩ અને ૨૪ ડિસેમ્બરના ગીર વિસ્તારમાં કાર્યરત આનંદધારા-ચાંપરડાના આયોજન તળે ભાણિયા નેસ, પાતળા નેસ, ગઢિયા નેસ પ્રાથમિક શાળાઓમાં જઈને અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવી.

● વિક્રમ સારાભાઈ કમ્યૂનિટી સાયન્સ સેન્ટર અમદાવાદના પૂર્વ સેવાકાલીન શિક્ષકોની કાર્યશાળા દ્વારા ૨ દિવસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

● તા.૨૧ ફેબ્રુ.ના રોજ મહેસાણા જિલ્લાના શિક્ષણ અને તાલીમ ભવનના ૫૬ જેટલા શિક્ષકો લોક વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત અને રાત્રીના આકાશદર્શન લાભ લીધો.

● તા.૨૭ એપ્રિલના રોજ મોજીલું શિક્ષણ ટીમે શ્રી બાળ કેળવણી મંદિર બગસરા પ્રેરિત શ્રી લાલચંદભાઈ વોરા બાલભવન બગસરા આયોજિત બે દિવસીય બાળ ગ્રીષ્મ શિબિરમાં સહયોગ કર્યો.

● તા.૦૪ મેના રોજ લોકભારતી મોજીલું શિક્ષણ ટીમે પોલીસ અધિક્ષકની કચેરી-બોટાદ SPC કેડરનાં બાળકોની બાળ ગ્રીષ્મ શિબિરમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવી.

● તા.૧૯ મેથી ૩૦ મે સુધી જશોદા નરોત્તમ પબ્લિક ચેરિટી ટ્રસ્ટ-ધરમપુરના ૩૦ વિદ્યાર્થીઓ અને ૦૭ શિક્ષક મિત્રો લોકભારતીમાં શિબિર અર્થે આવેલા તેણે વિજ્ઞાન કેન્દ્રની સઘળી પ્રવૃત્તિઓ રસથી જોઈ.

● તા.૧૧થી ૧૨ સપ્ટેમ્બર જસાધાર નેસ, ચીખલકુબા નેસ, ઘોડાવાડી નેસ, ટીબરવા નેસ, લોકભારતી મોજીલું શિક્ષણ ટીમે શાળાઓમાં જઈ પ્રવૃત્તિઓ કરાવી.

● તા.૦૭ અને ૦૮ નવેમ્બર બે દિવસ પંડિત સુખલાલજી લોકવિદ્યાલય-માઈધાર ખાતે મોજીલા શિક્ષણની તાલીમ યોજાઈ, તેમાં તાલીમ મેળવી.

● તા.૧૦ નવેમ્બરના રોજ વિજ્ઞાનનગરી-ભાવનગર ખાતે વિજ્ઞાનની તાલીમ યોજાઈ, તેમાં તાલીમ મેળવી.

લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ મુલાકાતીઓની સંખ્યા

| ક્રમ | મહિનો | શાળાઓ | વિદ્યાર્થીઓ | શિક્ષકો | ખેડૂત/અન્ય વ્યક્તિઓ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | જાન્યુઆરી | ૦૫ | ૧૮૦ | ૬૭ | ૨૧૦ | ૪૬૨ |
| ૦૨ | ફેબ્રુઆરી | ૦૭ | ૧૭૦ | ૪૫ | ૩૩૫ | ૫૫૭ |
| ૦૩ | માર્ચ | ૦૬ | ૧૭૫ | ૨૨ | ૨૭૦ | ૪૭૩ |
| ૦૪ | એપ્રિલ | ૦૨ | ૧૧૫ | ૧૧ | ૨૯૦ | ૪૧૮ |
| ૦૫ | મે | ૦૧ | ૬૫ | ૦૭ | ૨૩૦ | ૩૦૩ |
| ૦૬ | જુન | ૦૨ | ૧૨૦ | ૧૩ | ૩૧૦ | ૪૪૫ |
| ૦૭ | જુલાઈ | ૦૩ | ૨૧૭ | ૧૮ | ૩૪૫ | ૫૮૩ |
| ૦૮ | ઓગસ્ટ | ૦૫ | ૫૧૦ | ૩૫ | ૪૦૫ | ૯૫૫ |
| ૦૯ | સપ્ટેમ્બર | ૦૨ | ૧૧૭ | ૧૧ | ૩૭૫ | ૫૦૫ |
| ૧૦ | ઓક્ટોબર | ૦૭ | ૨૩૩ | ૨૪ | ૪૭૦ | ૭૩૪ |
| ૧૧ | નવેમ્બર | ૧૦ | ૭૧૦ | ૪૧ | ૬૦૫ | ૧૩૬૬ |
| | કુલ | ૫૦ | ૨૬૧૨ | ૨૯૪ | ૩૮૪૫ | ૬૮૦૧ |

**-: પંડિત સુખલાલજી લોક વિદ્યાલય-માઈધાર :-**

પંડિત સુખલાલજી લોક વિદ્યાલય માતૃધારા –માઈધાર હવે દશકો પૂરો કરી આગળ ધપી રહ્યું છે !

**આ વર્ષ દરમિયાનના ગૌરવપ્રદ કાર્યક્રમો :-**

● **માઈધાર સંસ્થાને 'દર્શક' ઍવૉર્ડ**

તા.૨૩ જૂનના રોજ 'દર્શક' ફાઉન્ડેશન દ્વારા પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર કેન્દ્રને શિક્ષણ એવોર્ડ અર્પણ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં પૂજ્ય મોરારિબાપુએ આશીર્વાદ આપ્યા અને બાપુએ વિદ્યા, વિનય, ગુણ, નિપુણતા અને શીલ એ શિક્ષણનાં પાંચ તત્ત્વો ગણાવ્યાં. આ કાર્યક્રમમાં શ્રી રઘુવીરભાઈ ચૌધરી, શ્રી મનસુખભાઈ સલ્લા, શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી પ્રકાશભાઈ શાહ, શ્રી પંકજકુમાર શુક્લ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું. શ્રી અરુણભાઈ દવે દ્વારા પ્રતિભાવ આપવામાં આવ્યો તેમ જ શ્રી સંજયભાઈ ચૌધરીએ કાર્યક્રમની ભૂમિકા અને શ્રી અજયભાઈ રાવળે આભારવિધિ કરેલ. શ્રી મહેન્દ્રસિંહજી પરમાર દ્વારા કાર્યક્રમ સંચાલન કરવામાં આવેલ. આ કાર્યક્રમ સમારંભમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી ભદ્રાયુભાઈ વચ્છરાજાની, શ્રી નાનુભાઈ વાઘાણી તેમ જ લોકદક્ષિણામૂર્તિ પરિવારના કાર્યકરો, અન્ય સંસ્થાઓના મહેમાનો અને ગ્રામજનો જોડાયા.

● **વાર્તા શિબિર**

તા.૦૮ અને ૦૯ ફેબ્રુઆરી એમ બે દિવસ 'દર્શક ફાઉન્ડેશન' આયોજિત વાર્તાશિબિર યોજાઈ. જેમાં ૨૧ કવિઓ અને લેખકો સાથેની ટીમ દ્વારા અલગ અલગ કવિઓ દ્વારા લેખિત વાર્તાઓ પર સંવાદ કરવામાં આવ્યા અને સાંજના સમયે લોકવિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ પણ થયો. વિદ્યાર્થીઓને જે પાઠ, કાવ્ય ભણવામાં આવે છે તેના લેખકોને રૂબરૂ મળ્યા અને તેમની સાથે સંવાદ કર્યો.

● **ગાંધી ગુંજન**

● તા.૧૮થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન ગાંધી ગુંજન સપ્તાહ ઉજવાયું. સપ્તાહ દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમો યોજાયાઃ

● ૧૮ સપ્ટે. ગુરુવારના રોજ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો. સંવત પંચાંગ મુજબ રેંટિયાબારસના દિવસે ગાંધીજીનો જન્મદિવસ ગણાય છે. બીજી ઑક્ટોબરના દિવસને 'અહિંસા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે શ્રી ભરતભાઈ દવેએ ગાંધીજીના જીવન પરિચય, તેમના પ્રેરક પ્રસંગો તથા બાળપણ વિષે પ્રાસંગિક વાતો કરી હતી.

● શાળાના આચાર્ય શ્રી નિર્મળભાઈ પરમારે વિદ્યાર્થીજીવનમાં શિસ્ત અને સંયમનું મહત્ત્વ સમજાવ્યું. તેમ જ શ્રી ભાવનાબેન પાઠકે ગાંધીજીના સદગુણો, સારી ટેવો અને વિચારો અંગે માર્ગદર્શન આપ્યું.

● બીજા દિવસે કાર્યકરો અને વિદ્યાર્થીઓએ પોતાની વિવિધ અભિવ્યક્તિઓ રજૂ કરી.

● ત્રીજા દિવસે DIET ભાવનગરના શ્રી સંજયભાઈ તલસાણિયાએ ગાંધીજીના પ્રેરક જીવનપ્રસંગો અને વ્યસનમુક્તિ વિષય પર PPT દ્વારા બાળકોને વ્યસનના ગેરલાભો અંગે ઊંડાણપૂર્વક સમજણ આપી.

● ડૉ. અરુણભાઈ દવેએ ગાંધી ગુંજન ઉજવવાનો હેતુ સમજાવ્યો અને જણાવ્યું કે ગાંધીજીના જીવનના પ્રસંગો જીવનમૂલ્યોના નિર્માણમાં મદદરૂપ થાય છે.

● શૈશવ સંસ્થા ભાવનગરની ટીમે 'ચાલને રમીએ ગાંધી ગાંધી' જેવી રમતો દ્વારા બાળકોમાં આનંદ અને શૈક્ષણિક મોજ ઉત્પન્ન કરી.

● હનુમંત હોસ્પિટલ, મહુવા દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો, જેમાં વિદ્યાર્થીઓની તપાસ તેમ જ આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું.

● એક દિવસ 'ખાદી મેળો' યોજાયો, જેમાં શિક્ષકો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ખાદી કપડાં ખરીદ્યા.

● 'હાલ ને ભેરુ ગામડે' કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૦૯ અને ૧૧ના વિદ્યાર્થીઓની ૦૯ ટુકડીઓ નવ અલગ-અલગ ગામોની શાળાઓમાં જઈને પ્રેરક પ્રસંગો, નાટિકાઓ, ગીતો, કવ્વાલીઓ, વ્યસનમુક્તિ તથા ગાંધી રમતો રજૂ કરી.

● અંતિમ દિવસે વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ અનુભવ વહેંચ્યા. કાર્યક્રમના સફળ સંચાલન માટે શ્રી ભાવનાબેન પાઠક, શ્રી પાતુભાઈ આહિર, શ્રી નિર્મળભાઈ પરમાર, શ્રી એભલભાઈ ભાલિયા તથા શ્રી મનીષભાઈ બારૈયાએ જહેમત ઊઠાવી.

● **વાચન શિબિર**

● શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘ અને લોકવિદ્યાલય માઈધારના સંયુક્ત ઉપક્રમે વાચન શિબિરનું આયોજન તા.૦૪ અને ૦૫ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું, જેમાં શિબિરનો હેતુ વિદ્યાર્થીઓમાં વાંચનનો રસ, સમજ તથા વિચારશક્તિ વિકસાવવાનો હતો. કાર્યક્રમના પ્રારંભે શ્રી જગદીશભાઈ બોરીચાએ શિબિરની ભૂમિકા રજૂ કરી અને વાચનનું માનવજીવનમાં મહત્ત્વ સમજાવ્યું.

● પ્રથમ દિવસે પ્રથમ બેઠકમાં શ્રી જિતુભાઈ ચુડાસમાએ ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓનું રસપૂર્વક રસપાન કરાવ્યું. તેમની લોકસંસ્કૃતિથી જોડાયેલી વાર્તાઓનો ઉલ્લેખ કર્યો. બપોર બાદ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ 'એક સૈનિક' નામની પ્રેરક વાર્તા રજૂ કરી અને વાચનનું મૂલ્ય સમજાવ્યું.

● બીજા દિવસે શ્રી દિનુભાઈ ચુડાસમાએ મહાત્મા ગાંધીજીના અગિયાર વ્રતો વિશે છાત્રોને સરળતાથી સમજાવીને કેવી રીતે લખવું, વાચનરસ કેળવવાની રીતો, પુસ્તકોની પસંદગીના ધોરણો, પુસ્તકોનું જીવનમાં મહત્ત્વ વિશે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. ત્યારબાદ આ. ભાવનાબેન પાઠક દ્વારા આઈ. કે. વીજળીવાળા, જુલે વર્ન, ધ્રુવ ભટ્ટ, મનુભાઈ પંચોલી (દર્શક) અને નાનાભાઈ ભટ્ટ જેવા ખ્યાતનામ સાહિત્યકારોનાં પુસ્તકો પર ચર્ચા કરી. તથા તેમની વાચનયાત્રાની વિગતે વાતો કરી. શિબિર દરમિયાન ૧૮ વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો ખૂબ સુંદર રીતે વ્યક્ત કર્યા અને સાથી કાર્યકરોએ પણ સંતોષ તથા આનંદ વ્યક્ત કર્યો.

● સમગ્ર શિબિરના સંયોજક તરીકે શ્રી નાથીબેન ભમ્મર અને શ્રી પાયલબેન દેસાઈની મહત્ત્વપૂર્ણ કામગીરી રહી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પાતુભાઈ આહીર અને શ્રી નિર્મળભાઈ પરમાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું. અંતે શિબિરનું સમાપન વાચન પ્રત્યેના સંકલ્પ સાથે થયું.

● **વિજ્ઞાન પ્રદર્શન**

બી.આર.સી.ભવન-પાલીતાણા દ્વારા બ્લોક કક્ષાનું ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૫ પંડિત સુખલાલજી લોકવિદ્યાલય આવિષ્કાર- માઈધાર ખાતે તારીખ ૧૪ નવે.ના રોજ યોજાયું. આ પ્રદર્શનમાં પાલીતાણામાં સમાવિષ્ટ પ્રાથમિક શાળાએ ભાગ લીધો. વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ થીમ પર જુદા જુદા ૦૫ ભાગોમાં ધોરણ ૦૬થી ૦૮ના ૧૦૦ બાળ વૈજ્ઞાનિકો અને ૫૦ માર્ગદર્શક શિક્ષકો દ્વારા ૫૦ કૃતિઓની રજૂઆત કરવામાં આવી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ પ્રદર્શન નિહાળ્યું. આ પ્રદર્શનમાં લોકભારતી સંસ્થા સણોસરાના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે, માઈધાર આવિષ્કાર કેન્દ્રના માર્ગદર્શિકા શ્રી ભાવનાબેન પાઠક, ડાયેટ ભાવનગરના વ્યાખ્યાતા અને પાલીતાણાના લાયઝન ઓફિસર શ્રી મુકેશભાઈ ધારૈયા, પાલીતાણાના કેળવણી નિરીક્ષક શ્રી બલભદ્રસિંહ ઝાલા, ભાવનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના કો.સભ્ય શ્રી ધનજીભાઈ બાલધિયા તથા સમગ્ર શિક્ષા અભિયાન-પાલીતાણાનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઇનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક શ્રી નીલેશભાઈ ગઢવીએ કર્યું. સમગ્ર પ્રદર્શનનું આયોજન પાલીતાણાના બી.આર.સી સંયોજક શ્રી ઘનશ્યામભાઈ મોભ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે થયું.

● **રૂપાંતર કાર્યક્રમ**

ગુજરાતના પૂર્વ વરિષ્ઠ પોલીસ અધિકારી અને હાલ ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ પટેલની પ્રેરણાથી રૂપાંતર ફાઉન્ડેશન દ્વારા જુલાઈ-૨૦૨૫થી 'રૂપાંતર' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. બાળકો સારું

શિક્ષણ મેળવે, તેમનું સંસ્કાર ઘડતર થાય, ઉચ્ચ કારકિર્દી બનાવે અને ઉત્તમ નાગરિક અને મનુષ્ય તરીકે તેનું જીવન ઘડતર થાય એ જ આપણાં સૌની નેમ છે. વર્તમાન સમયમાં ઉચ્ચ શિક્ષણની ડિગ્રીઓ સાથે જીવન કૌશલ્યો, વ્યવસાયિક સ્કીલ ડેવલપમેન્ટ અને જીવનમૂલ્યોની કેળવણી અત્યંત આવશ્યક છે. આ તમામ બાબતો અંગે જો બાળકો તેમની તરુણાવસ્થાથી જ જાગૃત બને તો તેમના ભવિષ્ય નિર્માણ માટે સ્વયં સક્રિય બની શકે. તેમાં દર પંદર દિવસે તેમની શાળાના જ તાલીમ પામેલ શિક્ષકો દ્વારા બે કલાકની તાલીમ ધ્યેય નિર્ધારણ, સમય આયોજન, સ્વયં શિસ્ત, વાચન ટેવ, સંવાદની કલા, સ્વજાગૃતિ, આત્મવિશ્વાસ વગેરે જેવા વિષયો પર આપવામાં આવે છે. આવો, આપણે 'રૂપાંતર' કાર્યક્રમમાં આપણા બાળકોને જોડી તેમના વિકાસ અને ભવિષ્ય નિર્માણ માટે સહભાગી થઈએ. આ કાર્યક્રમનાં પાયાનાં તત્ત્વો સ્વેચ્છાએ પ્રતિબદ્ધતા અને યોગદાન છે. આપનાં બાળકના ઉજ્જ્વળ ભવિષ્યની કામના સાથે રૂપાંતર ટીમ વતી શુભકામનાઓ!

- **અજય ખેલાગાર**

માઈધાર કેન્દ્રમાં પીડીલાઇટ સહયોગથી આ વર્ષે વિદ્યાર્થીઓ અને ગ્રામયુવાનો ઉપયોગ કરી શકે તેવું વિશાળ 'અજય ખેલાગાર' તૈયાર કરવામાં આવ્યું. શાળાના વિદ્યાર્થીઓને અલગ અલગ રમતો રમવા માટે મોકળાશ મળી છે.

- હાલમાં આ કેન્દ્રમાં નીચેના વિભાગો કાર્યરત છે.

૧. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર  ૨. મોજીલું શિક્ષણ  ૩. લોકકલ્યાણ વિદ્યાલય  ૪. છાત્રાલય
૫. કૃષિ કેન્દ્ર  ૬. રવિ શાળા  ૭. સ્કિલ ડેવલોપમેન્ટ સેન્ટર  ૮. અહિંસાની કેળવણી

- **આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર**

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી આ પરિસરમાં જૂન-૨૦૧૯થી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રનો શુભારંભ થયો છે. અંતરિયાળ માઈધાર ગામની આસપાસની ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાના ધોરણ ૦૫થી ૦૮ના વિદ્યાર્થીઓ અહીંના આ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં આવીને, આખો દિવસ રોકાઈને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના એકમની પ્રવૃત્તિઓ જાતે કરીને, સમજીને વિજ્ઞાન વિષય ભણે છે. આ વિજ્ઞાન કેન્દ્રમાં અગસ્ત્ય ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તાલીમબદ્ધ તથા યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અનુભવી શિક્ષકો દ્વારા રાજ્ય સરકારના અભ્યાસક્રમ મુજબ ધોરણ ૦૬થી ૦૮ના વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ આધારિત વિજ્ઞાન વિષય શીખવવામાં આવે છે. વર્ષ દરમિયાન પ્રયોગ કરવા આવેલ શાળાની સંખ્યા (એક શાળા વર્ષમાં ચાર વખત આવે છે).

તાલુકા પ્રમાણે શાળાઓની સંખ્યા જાન્યુઆરી- ૨૦૨૫ થી ડીસેમ્બર – ૨૦૨૫

| ક્રમ | તાલુકાનું નામ | શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૦૧ | પાલીતાણા | ૩૬ |
| ૦૨ | તળાજા | ૬૮ |
| ૦૩ | સિહોર | ૨૪ |
| ૦૪ | અન્ય | ૦૭ |
| | કુલ | ૧૩૫ |

- **મોજીલું શિક્ષણ યોજના**

કોઈપણ વિષયને વિદ્યાર્થી જાતે ભણતો અને સમજતો થાય અને એ માહિતી- જ્ઞાનને પોતાના જીવાતા જીવન સાથે સંશોધનાત્મક વલણોથી જોડતો થાય તેવી દૃષ્ટિ કેળવીને શિક્ષણને ગુણવત્તાસભર અને પરિણામલક્ષી કરવાનો સફળ પ્રયોગ—એટલે મોજીલું શિક્ષણ યોજના. આસપાસનાં ૭૯ ગામોની પ્રા.શાળામાં ૦૬થી ૦૮ ધોરણમાં મોજીલું શિક્ષણ યોજના ચાલે છે. જેમાં ચાર કાર્યકરો રોજ અલગ અલગ શાળાઓમાં જઈને પ્રવૃત્તિઓ દ્વારા જે-તે એકમ શીખવે છે. દર મહીને કિટ તૈયાર કરીને તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. મોજીલું શિક્ષણ કાર્યક્રમ નીચેના તાલુકાઓમાં અને

શાળઓમાં ચાલી રહ્યો છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન મોજીલું શિક્ષણ યોજના અંતર્ગત ભાગ લીધેલ શાળાઓની માહિતી નીચે મુજબ છે.

જાન્યુઆરી ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫

વર્ષ દરમિયાન ભાગ લીધેલ શાળાની યાદી

| માસ | શાળા | કુમાર | કન્યા | શિક્ષકો | કુલ |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૫૯ | ૨૩૬૬ | ૨૮૦૭ | ૧૬૨ | ૫૩૩૫ |
| ફેબ્રુઆરી | ૨૫ | ૨૧૭૫ | ૨૭૮૯ | ૦૭૧ | ૫૦૩૫ |
| માર્ચ | ૫૨ | ૧૭૪૧ | ૨૮૬૨ | ૧૫૩ | ૩૭૫૬ |
| એપ્રિલ | ૧૦ | ૦૩૭૯ | ૦૩૪૨ | ૦૨૭ | ૦૭૪૮ |
| મે | ૨૧ | ૦૫૭૦ | ૦૪૮૬ | ૦૬૩ | ૧૧૧૯ |
| જુન | ૪૦ | ૧૬૭૯ | ૧૯૬૨ | ૧૧૮ | ૩૭૫૯ |
| જુલાઇ | ૭૫ | ૨૫૮૧ | ૨૬૫૪ | ૧૯૨ | ૫૪૨૭ |
| ઓગસ્ટ | ૬૭ | ૨૬૪૫ | ૨૬૬૯ | ૧૭૧ | ૫૪૮૫ |
| સપ્ટેમ્બર | ૬૮ | ૨૫૬૭ | ૨૭૮૨ | ૧૭૩ | ૫૫૨૨ |
| ઓક્ટોમ્બર | ૦૪ | ૦૦૯૨ | ૦૧૧૬ | ૦૦૭ | ૨૧૫ |
| નવેમ્બર | ૫૩ | ૨૧૩૭ | ૨૩૭૮ | ૧૫૬ | ૪૬૭૧ |
| ડિસેમ્બર | ૬૯ | ૨૮૪૦ | ૨૮૪૫ | ૧૭૬ | ૫૮૬૧ |
| કુલ | ૫૪૩ | ૨૧૭૭૨ | ૨૩૬૯૨ | ૧૪૬૯ | ૪૬૯૩૩ |

- **લોકકલ્યાણ વિદ્યાલય**

પંડિત સુખલાલજી લોકવિદ્યાલય શરૂ થયું પછી આસપાસના ગામોમાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થવાને પરિણામે લોકોમાં શિક્ષણ મેળવવા માટે જાગૃતિ આવી. કન્યા કેળવણીનું પ્રમાણ પણ વધ્યું. માઈધારમાં ૦૮ ધોરણ સુધીની જ પ્રાથમિક શાળા ચાલે છે. આથી ધોરણ ૦૮ પછી બહાર ભણવા જવાનું હોવાથી દીકરીઓને આગળ ભણવાની તક મળતી નહોતી. આસપાસનાં ગામડાંના લોકોની પ્રબળ માંગ અને જરૂરિયાતના પરિણામે ૨૦૧૬થી લોકકલ્યાણ વિદ્યાલય (૦૯થી ૧૨ માધ્યમિક શાળા) શરૂ કરવામાં આવ્યું છે. આંબલા લોકભારતીના નીવડેલા અસરકારક કાર્યક્રમો અહીં ખપ લાગી રહ્યા છે. આ વિદ્યાલયના અસરકારક કાર્યક્રમો આ મુજબ છે.

લોકકલ્યાણ વિદ્યાલય ધોરણ ૧૨નું પરિણામ ૧૦૦% તથા ધોરણ ૧૦નું પરિણામ ૯૮% આવ્યું.

- **લોકકલ્યાણ વિદ્યાલય વિદ્યાર્થીઓની સંખ્યા**

| ધોરણ | કુમાર | કન્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૦૯ | ૬૯ | ૫૧ | ૧૨૦ |
| ૧૦ | ૭૪ | ૩૬ | ૧૧૦ |
| ૧૧ | ૩૫ | ૨૩ | ૦૫૮ |
| ૧૨ | ૨૮ | ૧૫ | ૦૪૩ |
| કુલ સંખ્યા | ૨૦૬ | ૧૨૫ | ૩૩૧ |

● **પંડિત સુખલાલજી લોકવિદ્યાલય – છાત્રાલય**

| છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની સંખ્યા | કુમાર | કન્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| | ૧૫૯ | ૧૦૨ | ૨૬૧ |

● કૃષિ વિકાસ કેન્દ્ર મણાર સંચાલિત માઈધાર કૃષિકેન્દ્ર

● કૃષિ વિકાસ કેન્દ્ર-માઈધારની શરૂઆત ઓગસ્ટ-૨૦૨૦ના રોજ થયેલ છે. કેન્દ્રમાં તળાજા તાલુકાનાં ૧૫ ગામડાંઓ તથા પાલીતાણા તાલુકાનાં ૧૨ ગામડાંઓમાંથી ૧૫૦૦ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં કુલ ૬૧ ખેડૂત જૂથો બનાવ્યા છે. કેન્દ્રમાં સમાવિષ્ઠ ગામોની યાદી આ પ્રમાણે છેઃ

| તળાજા તાલુકાનાં ગામડાંઓ | |
|---|---|
| ટીમાણા | ભદ્રાવળ-૨ |
| હબુકવડ | ભદ્રાવળ-૩ |
| દાંત્રડ | પીંગળી |
| ટાઢાવડ | બાખલકા |
| ભદ્રાવળ-૧ | શેવાળિયા |
| દિહોર | મોટી માંડવાલી |
| ભેગાળી | નાની માંડવાલી |
| કુંઢેલી | |

| પાલીતાણા તાલુકાનાં ગામડાંઓ | |
|---|---|
| માઈધાર | મેઢા |
| અનીડા | લાપાળિયા |
| માંડવડા-૧ | નાની રાજસ્થળી |
| માંડવડા-૨ | સાંજણાસર |
| લાખાવડ | મોટી પાણિયાળી |
| નાની પાણિયાળી | નાની રાજસ્થળી |

● **કૃષિ વિકાસ કેન્દ્ર**- માઈધારમાં ખેતીવાડી વિભાગમાં કપાસ, મગફળી, ડુંગળી, ઘઉં તથા બાગાયત વિભાગમાં આંબા, જમરૂખ, સીતાફળ, દાડમ જેવા પાકોને આવરી લઈને કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષ દરમિયાન કરવામાં આવેલ કામગીરી આ પ્રમાણે છે.

| | |
|---|---|
| કેન્દ્રની મુલાકાત લીધેલ ખેડૂતોની સંખ્યા | ૧૨૫૦ |
| પ્રાકૃતિક ખેતી તાલીમોની સંખ્યા અને ખેડૂતોની સંખ્યા, | તાલીમોની સંખ્યા – ૦૦૭૪<br>લાભાર્થી સંખ્યા - ૧૮૮૫ |
| નિદર્શન પ્લોટની મુલાકાતમાં લાભાર્થી ખેડૂતોની | ૩૫૦ |
| આઈખેડૂત પોર્ટલમાં રજિસ્ટર ખેડૂતોની સંખ્યા | ૪૯૪ |
| બાગાયતી તથા ખેતીવાડી પાકોમાં લાભાર્થી ખેડૂતોની સંખ્યા | ૨૫૦ |
| બાગાયતી પાકોમાં સેન્ટર પરથી રોપા (કલમનું) કુલ વિતરણ | આંબાની કલમ –૪૦૦,<br>ચીકુ – ૩૦,નાળિયેરી - ૧૫૦,<br>અન્ય વૃક્ષ -૧૯૧૨૩ |
| કેંદ્ર પરથી એગ્રી ઇંપુટ(નીમ ઓઇલ, નીમખોળ, એરંડી ખોળ, સુડોમોનસ વગેરે) ખરીદી કરનાર લાભાર્થીની સંખ્યા | ૧૮૫ |
| પાકસંરક્ષણ તથા પાક ઉત્પાદન તાલીમોમાં લાભ લીધેલ ખેડૂતોની સંખ્યા | તાલીમોની સંખ્યા – ૦૦૭૪<br>લાભાર્થી સંખ્યા- ૧૪૮૦ |
| સુગંધીય પાક કરનાર ખેડૂતો | ૦૩ |
| ઔષધીય વાવેતર કરનાર ખેડૂતો | ૦૧ |

કેન્દ્ર પર ગાય આધારિત ખેતીનું ડેમોન્સ્ટ્રેશન, વર્મીકમ્પોસ્ટ, બાયોગેસ પ્લાન્ટ, જૈવિક દવાઓના નિદર્શન મૂકવામાં

આવ્યા છે. તેમ જ વાડોલિયામા શાકભાજી ઉછેર, ખારેકના રોપા વગેરેનું ડેમોસ્ટ્રેશન કરીને નિદર્શન કરવામાં આવી રહ્યું છે.

● **સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર**

પીડીલાઈટ દ્વારા આ વર્ષે માઈધાર કેન્દ્રમાં સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે, જેમાં બ્યૂટી પાર્લર, સીવણ ક્લાસ અને કમ્પ્યૂટર ક્લાસમાં વિદ્યાર્થીઓ અને આજુબાજુનાં ગામના બહેનો શીખવા માટે આવે છે. NEP અંતર્ગત વિદ્યાર્થીઓમાં અભ્યાસ સાથે સ્કિલ ડેવલપ થાય છે જે તેમને આગળ જતા ખૂબ જ ઉપયોગી થશે.

● **અહિંસાની કેળવણી**

ગાંધી-૧૫૦ના ભાગરૂપે સાબરમતી આશ્રમ-અમદાવાદ, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-અમદાવાદ અને લોકભારતી-સણોસરા દ્વારા માઈધાર કેન્દ્રમાં તળાજા તાલુકાની ૧૦ પ્રાથમિકશાળાઓમાં અહિંસાની કેળવણી પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ ૦૬થી ૦૮નાં બાળકો સાથે વિધવિધ પ્રવૃત્તિઓ દ્વારા ગાંધીજીના વિચારો અને હાલ સતત વાતવાતમાં હિંસા પ્રેરે તેવા શબ્દોથી દૂર કેવી રીતે રહેવું તે અભ્યાસક્રમ સાથે અનુબંધિત કરીને શીખવવામાં આવે છે. અહિંસાની કેળવણી પ્રોજેક્ટ અંતર્ગત સમાવિષ્ટ શાળાઓ અને વિદ્યાર્થીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | શાળાનું નામ | સંખ્યા | | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | ધોરણ-૦૬ | | ધોરણ-૦૭ | | |
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| ૧ | ટીમાણા પ્રા. શાળા | ૧૬ | ૨૬ | ૨૧ | ૨૦ | ૮૩ |
| ૨ | ભદ્રાવળ કેન્દ્રવતી શાળા | ૧૨ | ૧૫ | ૧૧ | ૧૭ | ૫૫ |
| ૩ | માખણિયા પ્રા. શાળા | ૨૬ | ૧૮ | ૧૯ | ૨૧ | ૮૪ |
| ૪ | હમીરપરા પ્રા. શાળા | ૦૮ | ૨૩ | ૧૯ | ૧૯ | ૬૯ |
| ૫ | સમઢીયાળા પ્રા. શાળા | ૦૬ | ૧૦ | ૦૮ | ૦૬ | ૩૦ |
| ૬ | હબુકવડ પ્રા. શાળા | ૧૨ | ૧૭ | ૧૮ | ૨૦ | ૬૭ |
| ૭ | ઘાટરવાળા પ્રા. શાળા | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૬ | ૫૮ |
| ૮ | બાખલકા પ્રા. શાળા | ૧૦ | ૧૨ | ૧૪ | ૧૭ | ૫૩ |
| ૯ | શોભાવડ પ્રા. શાળા | ૨૨ | ૨૨ | ૩૦ | ૩૦ | ૧૦૪ |
| ૧૦ | ઠળિયા પ્રા. શાળા | ૨૬ | ૩૧ | ૧૬ | ૨૮ | ૧૦૧ |
| | કુલ | ૧૫૨ | ૧૮૭ | ૧૭૧ | ૧૯૪ | ૭૦૪ |

**માઈધાર કેન્દ્રમાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓ**

● છાશ વિતરણ કેન્દ્ર

માઈધાર કેમ્પસ દ્વારા જરૂરિયાત ધરાવતાં ૬૦ કુટુંબોને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ-રાજકોટ દ્વારા મફતમાં છાશ કેન્દ્ર દ્વારા છાશ વિતરણ કરવામાં આવે છે. છાશ વિતરણ કાર્યક્રમ દર વર્ષે માર્ચથી જૂન દરમિયાન ચલાવવામાં આવે છે.

● ખેતીવાડી

ચોમાસુ સિઝનમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું. આ વખતે માવઠું રહ્યું, જેના લીધે મગફળીના ઉત્પાદનમાં નુકશાન થયું. શિયાળાની સિઝનમાં લોક-૭૯ ઘઉંની જાતનું બિયારણ વાવવામાં આવેલ છે.

● વાડોલિયું ચાલુ વર્ષે વાડોલિયામાં શાકભાજી ઉત્પાદન સંતોષકારક રહ્યું. રસોડામાં શાકભાજીનો ઉપયોગ અસરકારક રહ્યો. કોબીઝ ૩૦૦ કિ.ગ્રા., ગાજર ૧૫૦૦ કિ.ગ્રા., રીંગણ ૫૪૬૦ કિ.ગ્રા., ટમેટા ૮૫૦ કિ.ગ્રા., કાકડી ૨૧૦

કિ.ગ્રા., મૂળા ૨૪૦ કિ.ગ્રા., દુધી ૮૪૦ કિ.ગ્રા., તુરિયા ૫૬૦ કિ.ગ્રા., કોથમીર ૩૨૦ કિ.ગ્રા., મરચા ૫૦ કિ.ગ્રા.

- સેનેટરીપેડ : માઈધાર કેન્દ્રમાં ફેબ્રુઆરી-૨૦૨૪થી કંચન ફાઉન્ડેશન-અમદાવાદના સહયોગથી સેનેટરી પેડ બનાવવાનું સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે, જેમાં ૦૪ બહેનો કાર્ય કરી રહ્યાં છે. આ વર્ષે ૩૮ હજાર રૂપિયાનું વેચાણ કરવામાં આવ્યું. વિદ્યાર્થિની બહેનો પોતાના માટે જાતે સેનેટરી નેપકિન બનાવીને તેનો ઉપયોગ કરે છે.
- કાર્યકર સજ્જતા અને મુલાકાત
- તા.૦૫ જાન્યુઆરીના રોજ ભૂલકાંઘર પાલીતાણા વાલી સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નિર્મળભાઈ પરમાર અને શ્રી રવીન્દ્રભાઈ પરમાર જઈ આવ્યા.
- ફેબ્રુઆરીમાં અહિંસાની કેળવણી કાર્યક્રમ અંતર્ગત શ્રી દિનુભાઈ ચુડાસમા અને શ્રી રવિભાઈ વેગડ પાંચ દિવસ હળવદ ઓફિસ તાલીમમાં જઈ આવ્યા.
- તા.૨૩થી ૨૭ એપ્રિલમાં ધરમપુર-ખડકી ખાતે ગ્રીષ્મશિબિર માટે મોજીલું શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો જઈ આવ્યા.
- તા.૨૧ જૂનના રોજ અહિંસાની કેળવણી કાર્યક્રમ અંતર્ગત ગાંધી આશ્રમ-અમદાવાદથી શ્રી અતુલભાઈ પંડ્યા, શ્રી કેતનભાઈ રૂપેરા, શ્રી વીણાબહેન ગજ્જરની ટીમે પ્રોજેક્ટ અંતર્ગતની બે શાળાઓની મુલાકાત લીધી. શાળામાં આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. તેમ જ સંસ્થામાં શ્રી અરુણભાઈ દવે, શ્રી ભાવનાબેન પાઠક, શ્રી પાતુભાઈ આહિર અને શ્રી એભલભાઈ ભાલિયા સાથે કાર્યક્રમ અંતર્ગત મિટિંગ કરી.
- તા.૩૦ ઓગસ્ટના રોજ 'અહિંસાની કેળવણી' કાર્યક્રમ અંતર્ગત સાબરમતી આશ્રમમાં સંસ્થા પ્રતિનિધિની મિટિંગમાં શ્રી દિનુભાઈ ચુડાસમા અને શ્રી એભલભાઈ ભાલિયા જઈ આવ્યા.
- તા.૧૪ સપ્ટેમ્બરના રોજ લોકભારતી ખાતે ગૃહપતિઓ-ગૃહમાતાઓ માટેના સેમિનારમાં માઈધાર કેન્દ્રમાં છાત્રાલય સાથે જોડાયેલ કાર્યકરો જઈ આવ્યા.
- તા.૧૫ અને ૧૬ સપ્ટેમ્બર બે દિવસ રૂપાંતર ફાઉન્ડેશન અંતર્ગત ભાવનગર મુકામે રૂપાંતર કાર્યક્રમની તાલીમ યોજાઈ ગઈ, જેમાં શ્રી પાયલબેન દેસાઈ અને શ્રી હસ્તીબેન ઢીલા જઈ આવ્યાં.
- તા.૦૨થી ૧૪ ઓક્ટોબર સુધી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો નવસારી ખારેલ મુકામે તાલીમમાં જઈ આવ્યા.
- તા.૧૮ ઓક્ટોબરના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર-અમરેલી દ્વારા યોજાયેલ બાલશિબિરમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલા શિક્ષણના કાર્યકરો પ્રવૃત્તિઓ કરાવવા માટે જઈ આવ્યા.

પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધારમાં અરુણભાઈ દવેના માર્ગદર્શન નીચે ૨૭ કાર્યકરોની ટીમ આ કેન્દ્રનું પરંપરા મુજબ જતન અને સંવર્ધન કરવા માટે પ્રયાસ કરી રહી છે. વર્ષ દરમિયાન પ્રેરણા-માર્ગદર્શન અને હૂંફ આપનાર સૌનો કૃતજ્ઞતાપૂર્વક વંદન સાથે આભાર.

**-: અહિંસાની કેળવણી પ્રોજેક્ટ :-**

- તા.૨૬ અને તા.૨૭-૧૧-૨૦૨૫ એમ બે દિવસ માટે અહિંસાની કેળવણી પ્રોજેક્ટ અંતર્ગત લોકભારતી સણોસરાથી પ્રોજેક્ટના સંયોજક શ્રી ડૉ. દિનુભાઈ ચુડાસમા માઈધાર આવ્યા. આ બે દિવસ માટે પૂરતો સમય પસંદ કરેલી પ્રોજેક્ટની શાળાઓમાં જઈને ધોરણ છ અને સાતના છાત્રો સાથે સંવાદ કરી માર્ગદર્શન આપ્યું.
- પ્રોજેક્ટના સહ કાર્યકર શ્રી મનીષભાઈ બારૈયા કે જેઓ દરેક શાળાઓમાં જઈને અહિંસાની કેળવણીની પ્રવૃત્તિઓ કરાવે છે. તેમની સાથે જઈને પ્રાથમિક શાળા- બાખલખા, કેન્દ્રવતી શાળા-ભદ્રાવળ, પ્રાથમિક શાળા-હમીરપરા અને

પ્રાથમિક શાળા-સમઢિયાળાની મુલાકાત લીધી. આ શાળાઓમાં જઈને એકએક કલાક અહિંસાની કેળવણી પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ છ અને ધોરણ સાતના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો. અત્યાર સુધી કેટલી પ્રવૃત્તિઓ કરી છે? કઈ કઈ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ સારી રીતે સમજયા? તેમાંથી શું શીખવા મળ્યું? તેની પ્રશ્નોત્તરી કરી. શાળાના આચાર્ય અને શિક્ષકો સાથે સંવાદ-ગોષ્ઠિ કરી. પ્રાથમિક શાળા-ટીમાણા અને પ્રાથમિક શાળા-હબુકવડની મુલાકાત લીધી. અહિંસાની કેળવણી પ્રોજેક્ટ અંતર્ગત શાળાના શિક્ષકો, આચાર્ય અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો. બાળકોને પ્રશ્નોત્તરી દ્વારા હિંસા-અહિંસા કોને કહેવાય? હિંસા શા માટે કરવી ન જોઈએ? અને અત્યાર સુધી અહિંસાની કેળવણી પ્રોજેક્ટની કેટકેટલી પ્રવૃત્તિ તમે કરી અને તેમાંથી શું શીખવા મળ્યું? તેની વિગતે ચર્ચા કરી. તમામ શાળાના વિદ્યાર્થીઓ સાથે ડૉ. દિનુભાઈ ચુડાસમાએ વાર્તાલાપ કર્યો અને વિદ્યાર્થીઓને સરસ માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા.

- આ પ્રોજેક્ટના કાર્યકર શ્રી મનીષભાઈ બારૈયા અને માઈધાર શૈક્ષણિક સંસ્થાના કાર્યકરો શ્રી એભલભાઈ ભાલિયા, શ્રી પાતુભાઈ આહીર, શ્રી ભાવનાબહેન પાઠક સાથે પણ બેસીને આ પ્રોજેક્ટ અંતર્ગત વિચાર-વિમર્શ કર્યો. કેટલાંક સૂચનો અને કરવાં જેવાં કાર્યો વિશે સાથે જ આવેલા લોકભારતીના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવેએ સૌને માર્ગદર્શન આપ્યું.

**-: જળસંચય કાર્યક્રમ :-**

- પાણીના પ્રશ્નને લઈને લોકભારતીએ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સહયોગથી ગુજરાત સરકારના ઇરીગેશન વિભાગ સાથે શરૂ કરેલાં કામો નવમા વર્ષમાં પ્રવેશ્યાં છે, ત્યારે કામનો વ્યાપ અને વિસ્તાર વિસ્તર્યા છે. ભાવનગર જિલ્લાના સિહોર, પાલીતાણા, ગારિયાધાર, ઉમરાળા તાલુકાઓમાં કામનો વ્યાપ વધાર્યો.
- આ યોજનાનાં પાયાના ખ્યાલો ગત વર્ષ દરમ્યાન થયેલ કાર્યોમાં દ્રશ્યમાન થયાં જેમાં

૧. સરકાર દ્વારા ચાલતી યોજનામાં ૫૦% ભાગીદારી કરી ગુણવત્તાસભર કામો કર્યા.

૨. સરકારી કામોમાં લોકોની પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગીદારી વધે તે ઇચ્છનીય છે તે મુજબ લોકફાળાથી કામો કર્યાં.

૩. ગ્રામવિકાસની અન્ય પ્રવૃતિની જેમ આ યોજનાનાં કામોનો વિદ્યાર્થી કેળવણી સાથે અનુબંધ કર્યો.

૪. પાણીસંગ્રહની સાથેસાથે પાણી બચાવવાની પ્રવૃતિને પણ સામેલ કરી.

- **નવા ચેકડેમનું કામ**

| ક્રમ | ગામનું નામ | કામનું નામ | તાલુકો | ક્ષમતા (MCFT) |
|---|---|---|---|---|
| ૧ | અમરગઢ | અમરગઢ ન્યુ ચેકડેમ | સિહોર | ૦.૧૦ |
| ૨ | સણોસરા | સણોસરા ન્યુ ચેકડેમ | સિહોર | ૦.૨૫ |
| ૩ | રતનપર | રતનપર બીગ ન્યુ ચેકડેમ | ઉમરાળા | ૫.૮૦ |
| ૪ | ટાણા | ટાણા ન્યુ ચેકડેમ | સિહોર | ૦.૦૯ |

- **ચેકડેમ ડીપનીંગનું કામ**

| ક્રમ | ગામનું નામ | કામનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | મહાદેવપરા | મહાદેવપરા ચેકડેમ ડીપનીંગ | સિહોર |
| ૨ | સખવદર | સખવદર ચેકડેમ ડીપનીંગ | સિહોર |
| ૩ | સણોસરા | લોકભારતી ચેકડેમ ડીપનીંગ | સિહોર |

- **ચેકડેમ રીપેરીંગનું કામ**

| ક્રમ | ગામનું નામ | કામનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | ટાણા | ટાણા ચેકડેમ જોબ નં-૬૮૩૮ રીપેરીંગ | સિહોર |

| | | | |
|---|---|---|---|
| ૨ | પાંચવડા | પાંચવડા ચેકડેમ રીપેરીંગ | સિહોર |
| ૩ | સણોસરા | સણોસરા ચેકડેમ જોબ નં-૪/૧૪૬૪ રીપેરીંગ | સિહોર |
| ૪ | સણોસરા | લોકભારતી કેમ્પસ ચેકડેમ રીપેરીંગ | સિહોર |
| ૫ | પીપળ | પીપળ ચેકડેમ રીપેરીંગ | વલ્લભીપુર |
| ૬ | પચ્છેગામ | પચ્છેગામ ચેકડેમ રીપેરીંગ | વલ્લભીપુર |
| ૭ | રેવા | રેવા ચેકડેમ-૨ રીપેરીંગ | ઉમરાળા |
| ૮ | રેવા | રેવા ચેકડેમ-૩ રીપેરીંગ | ઉમરાળા |
| ૯ | રંઘોળા | રંઘોળા (દેવળીયા) ચેકડેમ રીપેરીંગ | ઉમરાળા |
| ૧૦ | દરેડ | દરેડ ચેકડેમ રીપેરીંગ | ઉમરાળા |
| ૧૧ | રાજસ્થળી | રાજસ્થળી ચેકડેમ રીપેરીંગ | ઉમરાળા |
| ૧૨ | ઘેટી | ઘેટી ચેકડેમ રીપેરીંગ | પાલીતાણા |
| ૧૩ | સેંજળીયા | સેંજળીયા ચેકડેમ રીપેરીંગ | પાલીતાણા |
| ૧૪ | રતનવાવ | રતનવાવ ચેકડેમ-૨ રીપેરીંગ | ગારીયાધાર |

- **સુજલામ સુફલામ જળ અભિયાન ડી-સીલ્ટીંગનાં કામ**

| ક્રમ | ગામનું નામ | કામનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | અમરગઢ | અમરગઢ ચેકડેમ ડીપનિંગ | સિહોર |
| ૨ | હડમતીયા | હડમતીયા (માનવડ) ચેકડેમ ડીપનીંગ | પાલીતાણા |
| ૩ | જૂના લોઇચડા | જૂના લોઇચડા તળાવ ડીપનિંગ | પાલીતાણા |
| ૪ | નવા લોઇચડા | નવા લોઇચડા તળાવ ડીપનિંગ | પાલીતાણા |
| ૫ | મોટી રાજસ્થળી | મોટી રાજસ્થળી તળાવ ડીપનીંગ | પાલીતાણા |

- **કેનાલનાં કામ**

| ક્રમ | ગામનું નામ | કામનું નામ |
|---|---|---|
| ૧ | વલ્લભીપુર | કાળુભાર કેનાલ ચેઇનેજ ૦ થી ૨૭૮૭ મીટર & માઈનર કેનાલ ૧ થી ૪ |

- **પાણીસંગ્રહનાં થયેલ કામોની વિગત :**

૧. કુલ પાણી સંગ્રહનાં ૨૭ કામ થયાં. જેની પાછળ રૂ. ૩,૬૭,૫૩,૩૫૭/- વપરાયા.

ઉપરોક્ત તમામ કામો સરકારશ્રી તથા ગામ લોકોની જરૂરિયાત મુજબ લોકોના સહકારથી કરવામાં આવ્યા. જેમાં પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ તરફથી નીચે મુજબ સાધન સહાય મળેલ છે.

| ક્રમ | સાધનનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | RCC ROUND TANK(Use for Concrete CUBE curing only) fixed at one place. | ૧ |
| ૨ | GOLGANGA WATER TANK | ૧ |
| ૩ | SYNTEX 5000 LITER WATER TANK | ૧ |
| ૪ | WATER PUMP -MARSHAL- ( For Curing ) ૧ | |
| ૫ | WATER PUMPSET -FIELD MARSHAL, (Dewatering-Diesel Pump) | ૧ |
| ૬ | VARUN MINI ULTRA -Water Pump ૧ | |
| ૭ | JCB with Breaker | ૧ |

| | | |
|---|---|---|
| ૮ | JCB | ૧ |
| ૯ | Tractor | ૩ |
| ૧૦ | Trolly | ૩ |
| ૧૧ | WATER TANKER (attached with Tractor) | ૧ |
| ૧૨ | MIXTURE MACHINE | ૧ |
| ૧૩ | VIBRATOR MOTOR SINGLE PHASE-? HP(Plate type) | ૧ |
| ૧૪ | DIESEL VIBRATOR MACHINE | ૧ |
| ૧૫ | Bar cutting MACHINE(Iron/Rebar cutting Machine) | ૨ |
| ૧૬ | CUBE MOULD | ૩ |
| ૧૭ | FREEMANS RODAMETER WHEELS | ૧ |
| ૧૮ | IRON PLATES (Shuttering Plates) | ૪૭૦ |
| ૧૯ | Teka (Supports for Shuttering) | ૩૫૦ |
| ૨૦ | Patali (Supports for Shuttering) | ૨૦૦ |
| ૨૧ | COMPRESSION MACHINE | ૧ |
| ૨૨ | GENERATOR | ૧ |
| ૨૩ | AUTOMATIC LEVEL | ૧ |
| ૨૪ | LEVELLING STAFF | ૧ |
| ૨૫ | TRIPOD STAND | ૧ |
| ૨૬ | Slump Cone with stamping rod | ૧ |
| ૨૭ | HDPE pipe | ૩૦૦ ફૂટ |
| ૨૮ | HDPE pipe | ૧૫૧ ફૂટ |
| ૨૯ | Needle | ૧ |
| ૩૦ | Digital weighing forks | ૧ |
| ૩૧ | Mini Ultra Water Pump | ૧ |

**- :લોકભારતી ગ્રંથાલયઃ-**

- ગ્રંથાલય એટલે જ્ઞાનનો ભંડાર. કોઈ પણ શાળા કૉલેજ કે વિશ્વવિદ્યાલયની અસલ મૂડી એનું ગ્રંથાલય છે. કોઈ પણ સંસ્થાની ખરી શોભા એનું ગ્રંથાલય છે. 'ગ્રંથાલય એ વિદ્યાલયના હૃદયરૂપ છે'
- સ્થાપનાઃ લોકભારતી ગ્રંથાલયની સ્થાપના ૧૯૫૩માં થઈ હતી.
- શરૂઆતઃ ૧૦ X ૧૦ ના રૂમથી પુસ્તકાલયની શરૂઆત કરવામાં આવી હતી.
- હાલનું મકાનઃ પુસ્તકાલયનું બે માળનું મકાન છે, જે ૮,૨૫૦ ચો.ફૂટ છે અને બાજુમાં સ્વાધ્યાયકક્ષ છે.
- પુસ્તકોની સંખ્યાઃ હાલમાં પુસ્તકાલયમાં છ ભાષાના કુલ ૫૫,૦૦૦ કરતાં પણ વધુ પુસ્તકો ઉપલબ્ધ છે.
- સામયિકોઃ પુસ્તકાલયમાં ૮૪ જેટલાં સામયિકો આવે છે. ૫,૫૦૦થી પણ વધુ સામયિક ફાઈલોનું સંગ્રહ છે.

હાલમાં ગ્રંથાલય પાસે નીચેના કોઠામાં દર્શાવ્યાં મુજબનાં પુસ્તકો છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગુજરાતી | ૨૦,૫૧૭ | હિન્દી | ૫,૭૧૭ | અંગ્રેજી | ૧૩,૨૮૭ |
| સંસ્કૃત | ૧૪૪ | બંગાળી | ૧૩૨ | મરાઠી | ૨૫૬ |

સંદર્ભ ગ્રંથ ૭૨૦

કુલ પુસ્તકો ૪૦,૭૭૩

● સામયિક ફાઈલો

| | | |
|---|---|---|
| ગુજરાતી ૨,૩૪૪ | હિન્દી ૧,૦૮૦ | અંગ્રેજી ૨,૫૨૯ |
| કુલ ફાઈલો ૫,૯૫૩ | | |

● યુ.જી.સી. વિભાગનો છેલ્લો બૂક નંબર : ૭,૫૧૪

● કેન્દ્ર સરકારના બૂકનો છેલ્લો નંબર : ૭૮૦

| કુલ પુસ્તકો | કુલ સામયિક ફાઈલો | કેન્દ્ર સરકાર બૂક | યુ.જી.સી. બૂક | કુલ પુસ્તકો |
|---|---|---|---|---|
| ૪૦,૭૭૩ | ૫,૯૫૩ | ૭૮૦ | ૭,૫૧૪ | ૫૫,૦૨૦ |

● સામયિકો

| | | |
|---|---|---|
| ગુજરાતી ૬૫ | હિન્દી ૧૧ | અંગ્રેજી ૮ |
| કુલ આવતા સામયિકો (Periodicals) ૮૪ | | |

● વપરાશ અને પ્રવૃત્તિઓની વિગતો

| વિગત | સંખ્યા |
|---|---|
| વર્ષ દરમ્યાન આવેલ વિદ્યાર્થી વાચકની સંખ્યા | ૧,૭૪૫ |
| વર્ષ દરમ્યાન આવેલ કાર્યકર વાચકની સંખ્યા | ૧૩ |
| વર્ષ દરમ્યાન ઇશ્યુ થયેલ પુસ્તકોની સંખ્યા | ૨,૨૪૫ |
| વર્ષ દરમ્યાન મળેલ ભેટ પુસ્તકોની સંખ્યા | ૧૧૦ |

● અખબારની યાદી (૧) સૌરાષ્ટ્ર સમાચાર (૨) ગુજરાત સમાચાર (૩) સંદેશ (૪) ફૂલછાબ

● માળખાગત સુવિધાઓ અને ટૅક્નૉલૉજી

● ગ્રંથાલયમાં ઈન્ટેરનેટની સુવિધા ઉપલબ્ધ છે.

● ગ્રંથાલયમાં ૫૦ ટેબલ તથા ૧૦૦થી વધુ ખુરશીઓ વિદ્યાર્થીઓ વાચન માટે રાખવામાં આવેલ છે.

● ઓફિસના કામ માટે એક કૉમ્પ્યૂટરની સુવિધા છે.

● વિદ્યાર્થીના ઉપયોગ માટે એક કૉમ્પ્યૂટરની સુવિધા છે, જેમાં ઇન્ટેરનેટની સુવિધા જોડાયેલ છે.

● ગ્રંથાલયમાં ૦૭ સીસીટીવી કેમેરાની સુવિધા છે.

● વિદ્યાર્થી વાચન માટે બનાવેલ સમાચાર પત્ર ખંડમાં એક સીસીટીવી કેમેરાના જોડાણની સુવિધા કરાયેલ છે.

● ગ્રંથાલય માં ૦૬ અગ્નિશામક બોટલની સુવિધા ઉપલબ્ધ છે.

● ઓનલાઈન પુસ્તકો ની યાદી SOUL 2.0: Stats-of-the-art integrated library management software. ૨.૦ નામના સોફ્ટવેરનો ઉપયોગ થાય છે.

**- : ઉત્સવ વિભાગ : -**

● વર્ષ દરમિયાન યોજાયેલા મહત્ત્વના કાર્યક્રમો

| ક્રમ | તારીખ | કાર્યક્રમ | વક્તાનું નામ |
|---|---|---|---|
| ૦૧ | ૨૯-૧૨-૨૪ | વાર્ષિકોત્સવ | શ્રી વસંતભાઈ ગઢવી |
| ૦૨ | ૨૧-૦૧-૨૫ | સાહસદોડ | વાંકિયા હનુમાન-આંબલા સુધી |
| ૦૩ | ૨૬-૦૧-૨૫ | પ્રજાસત્તાક દિન | ડૉ. તેજસભાઈ દોશી |

| | | | |
|---|---|---|---|
| ૦૪ | ૩૦-૦૧-૨૫ | ગાંધી નિર્વાણ દિન | વિદ્યાર્થીઓ નિર્મિત જુદી જુદી શોર્ટ ફિલ્મ દર્શન |
| ૦૫ | ૩૧-૦૧-૨૫ | તપોવન ઑપન યુનિવર્સિટી ઑફ યોગા એન્ડ આયુર્વેદા-નોર્મન્ડી-ફ્રાંસ અંગેની વાતો | પદ્મશ્રી કિરણભાઈ વ્યાસ અને તેના ફ્રેન્ચ મિત્રો |
| ૦૬ | ૧૩-૦૨-૨૫ | પીડીલાઇટના ડિરેક્ટર્સની મુલાકાત | શ્રી મધુકરભાઈ પારેખ અને અન્યો |
| ૦૭ | ૦૮-૦૩-૨૫ | લો.સે. મહાવિદ્યાલયની વિદ્યાર્થીઓનું એક મિલન | સને ૧૯૮૨-૮૪ની બેચના પૂર્વ વિદ્યાર્થીઓ |
| ૦૮ | ૧૩-૦૩-૨૫ | હોલિકાદહન કાર્યક્રમ | સમૂહમાં |
| ૦૯ | ૧૪-૦૩-૨૫ | દિવસે રંગોત્સવ | રાત્રે લોકસાંસ્કૃતિક લોકકલાનો કાર્યક્રમ 'સુરેખાહરણ અને ઘટોત્કચની માયાજાળ' |
| ૧૦ | ૧૬-૦૬-૨૫ | નીરનાં વધામણાં | ચેકડેમની સાઇટ પર સમૂહમાં |
| ૧૧ | ૦૭-૦૭-૨૫ | નવા વિદ્યાર્થીઓને આવકારવાનો કાર્યક્રમ | પ્રવેશોત્સવ |
| ૧૨ | ૧૦-૦૭-૨૫ | ગુરુપૂર્ણિમા | શ્રી મનોહરભાઈ ત્રિવેદી |
| ૧૩ | ૦૯-૦૮-૨૫ | રક્ષાબંધન | શ્રીમતી છાયાબેન પારેખ |
| ૧૪ | ૧૨-૦૮-૨૫ | વિદ્યાર્થી મંત્રીમંડળની આમસભા | વિદ્યાર્થીઓ સમૂહમાં |
| ૧૫ | ૧૫-૦૮-૨૫ | સ્વાતંત્ર્યદિવસ | શ્રી રામચંદ્રભાઈ પંચોળીના હસ્તે ધ્વજવંદન |
| ૧૬ | ૧૬-૦૮-૨૫ | જન્માષ્ટમી | રાત્રે કૃષ્ણ જન્મોત્સવ |
| ૧૭ | ૨૯-૦૮-૨૫ | દર્શક વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ | શ્રી રમેશભાઈ સંઘવી |
| ૧૮ | ૦૫-૦૯-૨૫ | મૂ. મો. ભટ્ટ વ્યાખ્યાનમાળા | શ્રી જયેન્દ્રસિંહજી જાદવ |
| ૧૯ | ૦૨-૧૦-૨૫ | ગાંધીજયંતી અને લોકભારતી યુનિ.નો દીક્ષાંત કાર્યક્રમ | પૂ. મોરારિબાપુ અને પદ્મશ્રી ડૉ. પ્રકાશ આમ્ટેજી |
| ૨૦ | ૨૪-૧૦-૨૫ | લોકભારતી કાર્યકરોનાં સંતાનો આયોજિત પરિવારમિલન | |
| ૨૧ | ૦૬-૧૨-૨૫ | આનંદબજાર | જુદા જુદા ૨૧ સ્ટોલમાં વિધવિધ વાનગીઓ |

- **સમૂહ ફિલ્મદર્શન**

| ક્રમ | તારીખ | ફિલ્મનું નામ |
|---|---|---|
| ૧ | ૨૬/૦૧/૨૦૨૫ | ઉરી-ધ સર્જીકલ સ્ટ્રાઈક |
| ૨ | ૧૨/૦૭/૨૦૨૫ | લાપતા લેડીઝ |

- **સમૂહ ગરબી**

| ક્રમ | તારીખ | | ક્રમ | તારીખ | |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૫/૦૧/૨૦૨૫ | સમૂહ ગરબી | ૨ | ૨૦/૦૩/૨૦૨૫ | સમૂહ ગરબી |
| ૩ | ૧૨/૦૪/૨૦૨૫ | સમૂહ ગરબી | ૪ | ૨૬/૦૭/૨૦૨૫ | સમૂહ ગરબી |
| ૫ | ૦૮/૧૧/૨૦૨૫ | સમૂહ ગરબી | ૬ | ૧૩/૧૨/૨૦૨૫ | સમૂહ ગરબી |

## - : કૃષિ સંશોધન વિભાગઃ-

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના મુખ્ય ત્રણ હેતુઓ છે. શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ .આ ત્રણ પૈકી સંશોધનનો હેતુ આ વિભાગ દ્વારા મહદ્દ અંશે સિદ્ધ કરવામાં આવે છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ તેના નામ પ્રમાણે ગામડામાં આવેલી વિદ્યાપીઠ છે. અને ગામડાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેથી ખેતી વ્યવસાય ને અનુરૂપ સંશોધન થવું જોઈએ તો ખેતી વ્યવસાયના પાકો પૈકી ઘઉં અને સોયાબીન પાક ઉપર સંશોધન થાય છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ રાષ્ટ્રીય સ્તરે તેની આગવી શિક્ષણ પદ્ધતિ ને કારણે પ્રસિધ્ધ છે. તેવી જ રીતે સંશોધન ક્ષેત્રે પણ સારી એવી પ્રસિધ્ધ છે.

સંશોધન ૭૦% થી ૮૦% કામ લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓં કરે છે. આ કારણે વિદ્યાર્થીઓમાં જ્ઞાનવૃદ્ધિ, આવડત, જવાબદારી, શિસ્ત, વ્યક્તિ-વિકાસ, અને ચોકસાઈ જેવાં કૌશલ્યોનો વિકાસ થાય છે. તેથી વિદ્યાર્થીને કારણે સંશોધનનું કામ વ્યવસ્થિત, સરળ અને ચોકસાઈથી થાય છે.

- **ઘઉં :** આ વર્ષે કૃષિ સંશોધન કેન્દ્ર લોકભારતીએ લોક-૭૯ જાત વિકસાવી અને Breeder Seed વેચાણ માટે માન્યતા મળી.
- આ વર્ષે કુલ ત્રણ પ્રકારના પ્રયોગો (જાતોની સરખામણીના) હતા.

લોકલ ટ્રાયલ – ૯૫ જાતો રાજ્ય કક્ષાના ટ્રાયલ - ૯૬ જાતો રાષ્ટ્રીય કક્ષાના ટ્રાયલ -૩૭ જાતો

- આ વર્ષે જુદી જુદી નર્સરીઓમાં બહારથી ૩૦૫ જેટલી જાતો વાવવામાં આવી.

૧. NGSN- ૧૦૦ વેરાયટી ૨. SSN ૨૩૧ વેરાયટી

- ટ્રાયલો-( National & State )

૧. NGSN - ૧૨ વેરાયટી-કરનાલથી
૨. SSN - ૨૫ વેરાયટી-કરનાલથી
૩. LST-RI-TS - - ૦૫ વેરાયટી- વિજાપુર થી -૩ પિયત
૪. SST-RI-LS - ૧૩ વેરાયટી વિજાપુર થી -૩ પિયત
૫. LST-IR-TS - ૨૦ વેરાયટી વિજાપુર થી
૬. SST-IR-TS - ૨૪ વેરાયટી વિજાપુર થી
૭. LST-IR-LS - ૧૩ વેરાયટી વિજાપુર થી
૮. SST-IR-LS - ૨૧ વેરાયટી વિજાપુર થી

- ટ્રાયલો- R & D ARC, Lokbharti

૧. IYT-TS - ૧૫ વેરાયટી સ્થાનિક
૨. AYT-TS - ૧૧ વેરાયટી સ્થાનિક
૩. IYT-LS – ૧૩ વેરાયટી સ્થાનિક
૪. Agro-LS –૨૮ વેરાયટી સ્થાનિક
૫. Agro RI ૨૮ વેરાયટી સ્થાનિક

**નોધઃ**- દિવસે-દિવસે વરસાદનું પ્રમાણ ઓંછુ થવાથી અને પાણીની મુશ્કેલીને ધ્યાનમાં રાખી ઓંછા પીયતે પાકતી વેરાયટી ઉપર ધ્યાન આપવામાં આવે છે. અને તેની વેરાયટી બનાવ્યાની મહેનત કરવામાં આપે છે.

- જમ્પ્લાઝમ (પેઢી)

૧. F-૧= ૧૫૧ એન્ટ્રી
૨. F-૨= ૬૪ એન્ટ્રી

૩. F-૩=૪૨૩ એન્ટ્રી
૪. F-૪= ૧૦૬ એન્ટ્રી
૫. F-૫= ૫૪ એન્ટ્રી
૬. F-૬= ૫ એન્ટ્રી

- IPPSN માં -૦૫ વેરાયટી આપેલ.
- ક્રોસીગ પોગ્રામ :-જેમાં નવા – ૯૩ ક્રોસ બનાવ્યા
- LOK-૧ ન્યુક્લીયસ -૩૦.૦ ક્વિન્ટલ બનાવ્યું.
- LOK-૧ બ્રીડર સીડ્સ ૧૧૦૫ ક્વિન્ટલ બનાવ્યું. નું વેચાણ કરેલ છે.
- Lok-૭૯ (લોક-૭૯) બ્રીડર સીડ્સ - ૧૫૦ ક્વિન્ટલ બનાવ્યું.
- શિયાળુ Soybean JS ૩૩૫ જાતનું Multiplication કરેલ છે.

**સોયાબીન :**

- ટ્રાયલ:-
  ૧. AVT-I & II-NM-ટ્રાયલ -૧૬ વેરાયટી ઈન્દોર થી
  ૨. AVT-EM-I R ટ્રાયલ -૬ વેરાયટી ઈન્દોર થી
  ૩. IVT -NM- ટ્રાયલ -૪૯ વેરાયટી ઈન્દોર થી
  ૪. G x E INTERACTION ટ્રાયલ – ૪૪ વેરાયટી ઈન્દોર થી
  ૬. AYT NM ટ્રાયલ -૧૦ વેરાયટી સ્થાનિક
  ૭. IYT ટ્રાયલ -૧૮ વેરાયટી સ્થાનિક
- **જમ્પ્લાઝમ (પેઢી)**
  - F-૧ જમ્પ્લાઝમ - ૧૧ એન્ટ્રી સ્થાનિક
  - F-૨ જમ્પ્લાઝમ - ૦૬ એન્ટ્રી સ્થાનિક
  - F-૩ જમ્પ્લાઝમ - ૨૪ એન્ટ્રી ઈન્દોરથી
  - F-૪ જમ્પ્લાઝમ – ૧૦૧ એન્ટ્રી સ્થાનિક
  - F-૫ જમ્પ્લાઝમ - ૨૧ એન્ટ્રી ઈન્દોરથી
- JS-૩૩૫નું બ્રીડર સીડ્સ બનાવ્યું -૮ ક્વિન્ટલ
- JS-૯૫-૬૦નું બ્રીડર સીડ્સ બનાવ્યું – ૧૨૦ ક્વિન્ટલ
- સોયાબીનમાં નવી વેરાયટી બનાવવામાં માટે ક્રોસિંગ પ્રોગ્રામ પણ કરેલ છે.
- ઘઉં અને સોયાબીન બ્રીડર સીડ્સનું મોનીટરીંગ કરાવ્યું.
- લાલજીભાઈ અને પ્રેમલાલ જોશી વિજાપુર (રાજ્ય સ્તરની ઘઉંની ટેક્નિકલ મિટિંગમાં) જઈ આવ્યા છે.
- ડૉ. સી.પી. સિંગ, લાલજીભાઈ અને ધવલ રાઠોડ ગ્વાલિયર(રાષ્ટ્રીય સ્તરની AICRP ઘઉંની વર્કશોપ ૨૦૨૫-૨૬માં) જઈ આવ્યા.

**-: લોકભારતી ગોશાળા :-**

લોકભારતી ગોશાળા દ્વારા મુખ્યત્વે ત્રણ પાસાંઓ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

જેમાં વાછરડી ઉછેર, ગીર અને કાંકરેજ ગાયોનું સંવર્ધન કરવું અને ગુણવત્તાયુક્ત ઘાસચારા ઉત્પાદન સામેલ છે.

- વર્ષ દરમિયાન ૫૭,૦૭૦ લિટર દૂધ ઉત્પાદન લેવામાં આવ્યું તથા તેમાંથી માવો, ઘી, માખણ, કેન્ડી, પેંડા અને આઈસ્ક્રીમ બનાવી વેચવામાં આવ્યાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક કૃષિના પ્રોજેક્ટ અંતર્ગત ગોશાળા ખાતે પ્રાકૃતિક કૃષિની તાલીમો દરમ્યાન

તાલીમાર્થીઓને વિવિધ પ્રાકૃતિક ખેત સામગ્રી બનાવવાના પ્રયોગો હાથ ધરવામાં આવ્યા તેમજ પ્રાકૃતિક કૃષિના નિદર્શન માટે વિવિધ પ્રાકૃતિક કૃષિ સામગ્રી આ સંશાધન કેન્દ્ર દ્વારા પૂરી પાડવામાં આવી. આ સંશોધન કેન્દ્ર અંતર્ગત વર્ષ દરમ્યાન નીચે મુજબના ઉત્પાદનોનું ઉત્પાદન કરવામાં આવ્યું.

| વિગત | ઉત્પાદન | વિગત | ઉત્પાદન |
|---|---|---|---|
| વર્મી કમ્પોસ્ટ ખાતર | ૨,૨૦૦ કિલો | જીવામૃત | ૧,૬૦૦ લીટર |
| ઘન જીવામૃત | ૫૦૦ કિલો | દશપરણી અર્ક | ૨૦૦ લીટર |
| અગ્નિ અસ્ત્ર | ૪૦૦ લીટર | બ્રહ્માસ્ત્ર | ૪૦૦ લીટર |

તદુપરાંત ગોશાળા દ્વારા ગાયોના છાણનું ૩૦૦થી ૩૨૫ ટન જેટલા સેન્દ્રીય ખાતરનું વેચાણ કરવામાં આવ્યું.

- હાલની સ્થિતિએ લોકભારતી ગોશાળાનું ધણ નીચે મુજબ છે.

| ગાયની વિગત | ગીર | કાંકરેજ | કુલ |
|---|---|---|---|
| ગાયો | ૩૪ | ૦૫ | ૩૯ |
| વાછરડી ૧ વર્ષથી મોટી | ૩૩ | ૧૧ | ૪૪ |
| વાછરડી ૧ વર્ષથી નાની | ૧૨ | ૦૪ | ૧૬ |
| વાછરડા ૧ વર્ષથી નાના | ૦૯ | ૦૦ | ૦૯ |
| કુલ | ૮૮ | ૨૦ | ૧૦૮ |

- સાબરમતી આશ્રમ ગોશાળા, અમદાવાદ સાથે જોડાણ કરી સારી ગુણવત્તાવાળા કૃત્રિમ બીજદાનના ડોઝ ગાયોમાં આપવામાં આવી રહ્યા છે.
- લોકભારતી ગૌશાળા દ્વારા ગાયોમાં થતા રોગને અટકાવવા માટે સામુહિક રસીકરણ તથા જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા.
- વર્ષ દરમિયાન થયેલ કૃત્રિમ બીજદાનની વિગત : કૃત્રિમ બીજદાન- ૩૪ ગાભણ ગાયો - ૨૭
- ઘાસચારા પ્લોટ ની વિગત

| ક્રમ | પ્લોટ નંબર | વિસ્તાર વીઘા | ઋતુ | | |
|---|---|---|---|---|---|
| | | | ચોમાસું | શિયાળો | ઉનાળો |
| ૧ | ૬ | ૨.૫૦ | જુવાર | - | - |
| ૨ | ૭ | ૪.૨૫ | જુવાર | - | - |
| ૩ | ૮ | ૭.૫૦ | જુવાર | - | - |
| ૪ | ૯ | ૭.૨૫ | જુવાર | જુવાર | - |
| ૫ | ૧૦ | ૭.૫૦ | જુવાર | ઘઉં | - |
| ૬ | ૧૧ | ૬.૦૦ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |
| ૭ | ૧૨ | ૭.૦૦ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |
| ૮ | ૧૩ | ૪.૦૦ | મકાઈ | જુવાર | - |
| ૯ | ૧૪ | ૪.૦૦ | જુવાર | જુવાર | નેપિયર ઘાસ |
| ૧૦ | ૧૫ | ૪.૦૦ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |
| ૧૧ | ૧૬ | ૩.૫૦ | નેપિયર ઘાસ | રજકો અને ચીકોરી | - |
| કુલ | ૫૭.૫૦ | | | | |

● **નવા શરૂ કરેલ પ્રોજેક્ટની વિગત**

**શીર્ષક : સ્વદેશી ગાયની જાતિ સુધારણા તથા દૂધ ઉત્પાદન અને વુધ્ધિ વિકાસ પર ગીર અને કાંકરેજ ગાયોનો તુલનાત્મક અભ્યાસ.**

હેતુ : આ અભ્યાસનો હેતુ ગીર અને કાંકરેજ ગાયો વચ્ચે દૂધ ઉત્પાદન અને વુધ્ધિ વિકાસની તુલના કરવાનો છે. આ અભ્યાસ બંને જાતિઓ માટે સરેરાશ દૂધ ઉપજ, દૂધની ગુણવત્તા (ચરબી અને પ્રોટીનનું પ્રમાણ) અને વાછરડાઓના વિકાસ દર (વજનમાં વધારો અને ખોરાક રૂપાંતર કાર્યક્ષમતા) જેવા મુખ્ય પરિમાણો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

અમલીકરણ ભાગીદારી : આ પ્રોજેક્ટ અંતગર્ત લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ દ્વારા પ્રોજેક્ટનું નાણાકીય સંચાલન અને વહીવટ કરવામાં આવશે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી પ્રોજેક્ટના અમલીકરણની જવાબદારી વહન કરશે. નિયમિત ટેકનીકલ અને વહીવટી પ્રવૃત્તિનું ધ્યાન રાખશે. પ્રોજેક્ટ હેઠળ તાલીમ અને અન્ય વિસ્તરણ પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ.

લોકભારતી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમની વ્યહારું તાલીમ તરીકે અવલોકનો લઈને નિયમિત તકનિકી પ્રવૃત્તિઓમાં મદદ કરશે.

**-:ખેતી વિભાગ સ્થાનિક:-**

● ચાલુ સાલ શરૂઆતથી જ ખૂબ સારો વરસાદ રહ્યો. તા.૧૬મી જૂનના જે વરસાદ થયો તેણે બધાં જ ચેક ડેમ અને તળાવડાં ઓવરફ્લો કરી દીધાં. જો કે વધારે વરસાદને કારણે સોયાબીન અને કપાસના પાકને સારું એવું નુકસાન થયું.

● સીતાફળ, જમરૂખ, બોરડી અને આંબામાં પ્રુનિંગ કરી તેના પર દવાનો છંટકાવ કરવામાં આવ્યો.

● બોર્ડર પર અને ખેતરની વચ્ચેનાં શેઢા-પાળા સાફ કર્યા.

● આ વર્ષે ગોશાળામાંથી ૬૪ ટ્રેક્ટર છાણિયું ખાતર નાંખવામાં આવ્યું.

● વડલાવાળા દાર ઉપરનો ચેકડેમ પીડીલાઈટના સહયોગથી માટી કાઢીને ઊંડો કરવામાં આવ્યો ને તે નીકળેલી માટી સામા કાંઠે ખેતરમાં નાંખવામાં આવી. આ લગભગ ૨૧૦૦ ટ્રેક્ટર ફેરા માટી નંખાણી. તદુપરાંત ચેક ડેમની ઊંચાઈ બે ફીટ વધારવામાં આવી.

● ત્રણ પ્લોટ્સમાં નેટાફીમ કંપનીના સ્પ્રીંકલર ફિટ કરવામાં આવ્યા.

● સોયાબીન :- JS-૯૫-૬૦.... ૭૨ વીઘામાં કરવામાં આવ્યું ને ઉત્પાદન ૪૯૬ મણનું આવ્યું.

● કપાસ ૨૦ વીઘામાંથી ૨૫૭ મણનું ઉત્પાદન આવ્યું. વધારે પડતા વરસાદને કારણે ઓછું ઉત્પાદન આવ્યું.

● સોયાબીન બિયારણનું વેચાણ હવે મે-જૂનમાં થશે.

● જમરૂખ, આંબા અને સીતાફળમાં ગેપફિલિંગ કરવામાં આવ્યું.

● ઘઉં લોક-૦૧ બ્રીડર સીડનું ૬૧ વીઘામાંથી ૧૪૫૬ મણ ઉત્પાદન થયું.

● આ વર્ષે ૭૨ વીઘામાં લોક-૦૧ ઘઉંની વાવણી કરેલ છે.

● ચાલુ સાલનો બાગાયતનો ઇજારો જાહેર હરાજીથી આપવામાં આવ્યો.

● આકાશ સીડ્ઝ કંપની-જૂનાગઢ પાસેથી કપાસની છ જાતોનું બિયારણ ડેમોન્સ્ટ્રેશન પ્લોટ તરીકે કરવામાં આવેલ છે અને તેના અધિકારીઓ દ્વારા પ્લોટની મુલાકાત પણ કરવામાં આવી.

**-:કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્ર-અરણેજ-નવાગામ:-**

● આ કેન્દ્ર હવે કૃષિ અને બાગાયત માટે આ વિસ્તારનું વિસ્તરણ કેન્દ્ર તરીકે ઘણું સફળ રીતે કાર્યરત છે.

● કોડીનાર તાલુકામાં અરણેજ અને નવાગામ ગામે સંસ્થાની ખાસ કરીને બાગાયત માટેની જમીન આવેલી છે.

● આ વિસ્તારમાં જમીન અને પાણીની ઘણી અનુકૂળતાઓ હોવાથી વિસ્તારના ખેડૂતો-પશુપાલકો-મહિલાઓ-

ગ્રામ યુવાનોને યોગ્ય તાલીમ, માર્ગદર્શન અને નિદર્શન મળી રહે તે માટે છેલ્લા પાંચ-સાત વર્ષથી ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન-મહુવાના સહયોગથી આ કેન્દ્ર વિકાસ પામ્યું છે.

- કાર્યાલય, તાલીમ માટેના શેડ, નિદર્શન માટેના શેડ અને ફાર્મ, કૌશલ્યવર્ધન માટે સાધનો અને ઇક્વીપમેન્ટસથી સુસજ્જ હોલ વગેરે બંધાઈને હાલ કાર્યરત છે.
- આજુબાજુના પંદર ગામોને ટારગેટ રાખીને જુદીજુદી તાલીમો, નિદર્શન, વિસ્તરણ પ્રવૃત્તિઓ, સખીમંડળો માટે પ્રેરણા અને પ્રોત્સાહન અને રચના જેવા કાર્યક્રમો હાથ ધરાઈ રહ્યા છે.
- નિદર્શન માટે સુગરકેન પ્લાન્ટર અને ફર્ટિલાઇઝર એપ્લિકેશન મશીન, ફોડર કટિંગ મશીન, પાવર વીડર મશીન, ટર્મરિક પ્રોસેસિંગ યુનિટ, મીની ટ્રેક્ટર રોટાવેટર જેવાં અદ્યતન સાધનો વસાવવામાં આવ્યાં છે.
- પ્રાકૃતિક ખેતી માટે સતત નિદર્શનો થઈ રહ્યા છે, જેમાં વર્મી કમ્પોસ્ટ બનાવવું, પ્રાકૃતિક જંતુનાશકો બનાવવાં, શાકભાજી અને ફળના જુદા જુદા પ્લોટ્સ અને પ્લાન્ટ્સના નિદર્શનો, અઝોલા બનાવવું, રોપા ઉછેર વગેરે સામેલ છે.
- આ કેંદ્ર હવે રીસોર્સ સેન્ટર તરીકે બહુ જ સફળતાપૂર્વક આ વિસ્તારના લોકો માટે કાર્યરત છે.
- એ જ રીતે સ્ત્રી સશક્તિકરણ માટેની તાલીમો અને એસ.એચ.જી. ગ્રુપ અને ઉત્પાદક ગ્રુપ્સ બનાવવા માટેની પ્રવૃત્તિને આ વિસ્તારમાંથી સારો એવો પ્રતિસાદ સાંપડ્યો છે.
- પશુપાલન માટેની તાલીમોની પ્રવૃત્તિને આ વિસ્તારમાંથી સારો એવો પ્રતિસાદ સાંપડ્યો છે.
- અરણેજની નજીકનાં ગામોની બહેનો માટે સિવણ વર્ગ અને બ્યૂટિપાર્લરની તાલીમના વર્ગો પણ બહુ સરસ રીતે કાર્યરત છે. આ બંને કોર્સની ૧૫-૧૫ બહેનોની બે બે બૅચ તાલીમ લઈને બહાર પડી ગઈ છે. ત્રીજી બૅચ હાલ ચાલુ છે. આપણે ૧૫ નંગ સિલાઈ મશીન વસાવ્યાં છે.

### -:એસ્ટેટ વિભાગઃ-

### ગોશાળા બાંધકામ

- ગીર અને કાંકરેજ ગાયોના તુલનાત્મક અભ્યાસ માટે ગૌશાળા શેડ ૭૫૦૦ ચોરસ ફૂટ બાંધકામ કરવામાં આવ્યું.
- એનિમલ ફૂડ પ્રોસેસિંગ યુનિટ મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે.

### એકેડમિક બિલ્ડિંગ બાંધકામ

- ૩૧,૨૦૮ ચો. ફૂટ બાંધકામ કરવામાં આવ્યું. અંદાજે કુલ ૦૬ કરોડ વપરાશે, તેમાંથી ૪.૪ કરોડનો ખર્ચ થયો.
- વિંગ – A ASPEE SHAKILAM SCHOOL OF AGRICULTURAL STUDIES
- વિંગ – B, વિંગ – C, વિંગ – D, એમ ચાર ભાગ છે.

### સોબત છાત્રાલય બાંધકામ

- ૧૦,૯૯૦ ચોરસ ફૂટ બાંધકામ કરવામાં આવ્યું. કુલ ૧.૫ કરોડનો ખર્ચ થયો.
- સોબત છાત્રાલયમાં ૯૬ વિદ્યાર્થીઓની રહેવાની વ્યવસ્થા કરવામાં આવી

### ગર્લ્સ છાત્રાલય બાંધકામ

- ગર્લ્સ છાત્રાલયનું ૩૦,૦૦૦ ચોરસ ફૂટ બાંધકામ ચાલી રહ્યું છે. ૨૦૦ બહેનોને રહેવા માટે વ્યવસ્થા થશે.

### હેલીપેડ બાંધકામ

- લોકભારતી પરિસરમાં જ હેલીપેડનું નિર્માણ કરવામાં આવ્યું.

### -: લોકભારતી કાર્યકર કૉ.ઓપ. સોસાયટી :-

- લોકભારતી કાર્યકર સહકારી મંડળી લિ.ના હાલ લોકભારતી સણોસરા, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણાર તેમ કુલ મળી ૭૮ જેટલા સભાસદો છે.

● ચાલુ વર્ષે ૦૧ સભાસદનું અવસાન થવાથી, તેમજ ૩ સભાસદો વય નિવૃત્ત થવાથી કુલ ૦૪ સભાસદો મુક્ત થયા તેમજ નવા ૦૨ સભાસદો દાખલ થયા છે. વર્ષ ૨૪-૨૫ દરમિયાન કુલ ૦૮ વખત કારોબારી સમિતિ મળેલ છે.

● છેલ્લા ઘણા વર્ષોથી મંડળીને 'એ' ગ્રેડ મળતો રહ્યો છે.

● હાલ મંડળીનું શેર ભંડોળ રૂ.૩,૪૨,૫૬૦/- થયેલ છે. સભાસદોને વર્ષ દરમિયાન ૨૫,૦૧,૭૦૨/-નું ધીરાણ આપવામાં આવેલ છે. તેમજ ચાલુ વર્ષ દરમિયાન બચત ૧૧,૮૧,૭૨૨/- થયેલ છે.

● મંડળીના ૯૦% વ્યવહારો ઓનલાઈન માધ્યમથી કરવામાં આવે છે.

● આ વખતે દરેક સભાસદોને બોનસ પેટે ગોશાળા વિભાગમાંથી ૧૦ લીટર દૂધના જુડા આપવામાં આવેલ.

● તા.૧૬-૦૯-૨૦૨૫ના રોજ લોકભારતી કાર્યકર કૉ-ઓપ.ક્રેડીટ સોસાયટીની શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષ સ્થાને વાર્ષિક સાધારણ સભા મળેલ હતી.

● દર વર્ષની જેમ આ વર્ષે પણ સભાસદોને ૧૫% ડીવીડન્ડ ચુકવવામાં આવ્યું.

**- : લોકભારતી કાર્યકર વીમા યોજના :-**

વર્ષોથી કાર્યરત આ યોજના હાલના સંજોગો પ્રમાણે પ્રસ્તુત ન રહેતાં તેની ખાસ સાધારણસભા બોલાવવામાં આવી અને પુખ્ત ચર્ચા-વિચારણાને અંતે આ યોજના સમેટી લેવી અને સૌની જમા રકમ સૌને પરત આપી દેવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે. તે મુજબ તેનો અમલ કરી નાંખેલ છે.

**-: સમાપન :-**

● હમણાં હમણાં લોકભારતીની મુલાકાત લેવા આવનાર શુભેચ્છકો તેમ જ નઈ તાલીમને સમજવાની કોશિશ કરનારા યુવાન મિત્રોની સંખ્યા પ્રમાણમાં ઘણી વધી રહી છે. એ જ રીતે પૂર્વ વિદ્યાર્થીઓની પોતપોતાના વર્ષ-જૂથમાં માતૃસંસ્થાની મુલાકાતે અને પોતાના એ સમયકાળના સંસ્મરણો વાગોળવા માટે શાંતિથી રહેવા આવવાનું વલણ પણ વધ્યું છે. આ માટે આપણે વ્યવસ્થા ગોઠવી આપવાની અનુકૂળતા કરી આપીએ છીએ. પૂર્વ વિદ્યાર્થીઓના આ વલણની પણ અત્રે હકારાત્મક નોંધ લઉં છું. આ વર્ષે તો પૂર્વ કાર્યકરોનાં સંતાનોનું લોકભારતીના ઇતિહાસમાં પ્રથમ વખત બહુ જ સફળ એવું મિલન થયું, ત્રણ-ત્રણ, ચાર-ચાર પેઢી એક સાથે આવીને પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં, તેનો ઉલ્લેખ કર્યા વિના રહી શકતો નથી.

● સંસ્થા અત્યારે બોંત્તેર વર્ષની લાંબી મજલ કાપી આઠમા દાયકામાં પ્રવેશી છે. આટલો લાંબો પથ કાપવામાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના સૌ હોદ્દેદારો મૅનેજિંગ ટ્રસ્ટી મા.શ્રી અરુણભાઈ દવે, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, વિભાગીય આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, સર્વે કાર્યકર્તાશ્રીઓ, પૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ, શુભેચ્છકશ્રીઓ વગેરેના સહયોગની આ તકે નોંધ લઉં છું. વિકાસના કાર્યો અને લોકભારતીના નવા સોપાન લોકભારતી યુનિવર્સિટીના સ્થાપનમાં ઉદાર સહયોગ આપનાર સૌ દાતાઓના નામોલ્લેખ અહીં શક્ય નથી, નાના-મોટા સૌ દાતાઓનો વિશેષ આભાર માનું છું.

હસમુખ દેવમુરારિ
નિયામક,
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ,
સણોસરા,
(તા.૧૮-૧૨-૨૦૨૫ના વાર્ષિકોત્સવ દિન નિમિત્તે)

## ૦૨ સંસ્થા સમાચાર (ડિસેમ્બર, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

### લોકભારતી સમાચાર

● તા.૦૧થી ૧૦ દરમિયાન સ્વદીપ શિક્ષણ સંસ્થા-રાજુલા દ્વારા રાજુલાની આસપાસનાં ગામડાંઓની પ્રાથમિકશાળાનાં બાળકોની ચાર-ચાર દિવસની એક એવી જુદીજુદી ત્રણ નિવાસી શિબિરો લોકભારતીના ભાવાવરણમાં યોજાઈ ગઈ. શિબિર સંચાલન શ્રી બિંદુબહેન ઝાલા અને શ્રી ઉમાબહેન તેરૈયાએ કર્યું. આ દરમિયાન સ્વદીપ શિક્ષણ સંસ્થાના સંવાહક શ્રી કલ્યાણભાઈ ડાંગર એક દિવસ આવીને રહી ગયા. સ્થાનિક વ્યવસ્થાપન શ્રી દિનુભાઈ ચુડાસમાએ સંભાળ્યું હતું.

● તા. ૦૨ અને ૦૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે ડૉ. નેહલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સાયબર સલામતી જાગૃતિ સેમિનાર તથા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

● વિશ્વકોશ ટ્રસ્ટ-અમદાવાદ તરફથી તારીખ ચોથી ડિસેમ્બરના રોજ શ્રી અરુણભાઈ દવેને 'શ્રી ચીનુભાઈ આર. શાહ 'જીવનશિલ્પી ઍવૉર્ડ' અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ સંસ્થાપ્રતિનિધિ તરીકે હાજરી આપી અને તે કાર્યક્રમમાં શ્રી અરુણભાઈનો પરિચય આપ્યો.

● તા. ૦૪ના રોજ આત્મા પ્રોજેક્ટની આયોજિત મિટિંગમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુકલ ભાવનગર જઈ આવ્યા.

● તા. ૦૫ અને ૦૬ના રોજ નીતિઆયોગ, ન્યુદિલ્હી દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો મૂલ્યાંકન અભ્યાસ કરીને કેન્દ્રને વધારે સક્ષમ કેમ બનાવી શકાય તે માટે ત્રણ સભ્યોની એક ટીમ તા. ૦૫ અને ૦૬ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તથા આસપાસના ગામોની મુલાકાતે આવી ગઈ.

● તા. ૦૫ના રોજ લોંગીયા ગામે ૬૧ ખેડૂતોની સાથે વિશ્વ જમીન દિવસની ઉજવણી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવી.

● તા.૦૬ ડિસે.ના રોજ વિદ્યાર્થી મંત્રીમંડળ દ્વારા 'આનંદબજાર'નું આયોજન થયું. એકવીશ જેટલા ખાણી-પીણીના સ્ટોલ્સ ઊભા થયા. ઉત્સાહ અને આનંદના માહૌલમાં આખો કાર્યક્રમ સંપન્ન થયો. વિદ્યાર્થી મંત્રીમંડળ અને ગૃહવિભાગે સૌનો સાથ-સહકાર લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો.

● લોકવિદ્યાલય-વાળુકડના સંવાહક તથા લો.ભા.ના પૂર્વ સન્માનિત વિદ્યાર્થી શ્રી નાનુભાઈ શિરોયાનાં ધર્મપત્ની શ્રી મંગળાબેનના નિધન નિમિત્તે શ્રી અરુણભાઈ દવે, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી રામચન્દ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ તા.૦૯ના રોજ શ્રદ્ધાંજલિ આપવા જઈ આવ્યા. ત્યાર બાદ તા.૧૧ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ તે નિમિત્તે યોજાયેલી પ્રાર્થનાસભામાં સંસ્થાવતી શ્રદ્ધાંજલિ અર્પવા જઈ આવ્યા.

● કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૦૯થી ૧૨ સુધી પ્રાકૃતિક ખેતી કરવા ઈચ્છુક એવા ખેડૂતોની તાલીમ યોજવામાં આવી.

● તા.૧૦ના રોજ સાંજના મ.કૃ.ભાવ.યુનિ.ના કુલપતિ શ્રી ભરતભાઈ રામાનુજ યુનિ.ના કેટલાક કાર્યકરો સાથે આગામી સમયમાં યોજાનારા ABRSMના સંમેલન અન્વયે આયોજન અર્થે લોકભારતીની મુલાકાતે પ્રાથમિક સર્વે માટે આવી ગયા.

● તા. ૧૦ના અધ્યાપનમંદિરમાં તાલીમાર્થીઓ સમક્ષ શ્રી હસમુખભાઈ દેવમુરારિનું 'બ્રહ્માંડની સફરે' વિષય તળે

વ્યાખ્યાન યોજાયું. આ ઉપરાંત શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ આકાશદર્શન અને તારાઓ, નક્ષત્રોની માન્યતાઓ , તેના સ્થાન વિષે રોચક માહિતી આપી.

● તા. ૧૧ના રોજ અધ્યાપનમંદિરમાં યોજાનાર બાલવાડી શિબિરની પૂર્વતૈયારી સ્વરૂપે શ્રી રામચંદ્રભાઈનું 'આપણા બાળકને ઓળખીએ' વિષય પર અને શ્રી જગદીશગિરિ ગોસાઈનું ગિજુભાઈ બધેકાના 'દિવાસ્વપ્ન' પુસ્તકનો આસ્વાદ કરાવતા વ્યાખ્યાનો યોજાઈ ગયા.

● તા.૧૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના શનિ સમેલનમાં શ્રી અવનીબહેન દવેએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા 'માનવજીવનમાં મેડીટેશનનું મહત્ત્વ' વિષે વક્તવ્ય આપ્યું.

●તા. ૧૫ના રોજ નર્મદા કિસાન સમૃદ્ધિ યોજના અંતર્ગત જી.એન.એફ.સી. ભાવનગર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સંયુકત ઉપક્રમે ૨૨૫ ખેડૂત ભાઈઓ-બહેનોનું સંમેલન યોજાઈ ગયું.

● આગામી વાર્ષિકોત્સવ નિમિત્તે સમગ્ર લોકભારતી પરિવારને કાર્યક્રમની વિગતોથી વાકેફ કરવાના હેતુથી અને કાર્યક્રમની ભૂમિકા અને વક્તાશ્રીનો વિગતે પરિચય આપવાના હેતુથી શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ તા.૧૬મીના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને વાત કરી.

● લોકભારતીનો વાર્ષિકોત્સવ અને સ્વ.પૂ.નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળાનો ત્રેસઠમો મણકો તા.૧૮મીના રોજ સંપન્ન થયો. પ્રારંભમાં શાંતિપાઠ અને ગીત સંગીતવૃંદે રજૂ કર્યાં. શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમની ભૂમિકા અને આવકાર તથા વક્તાશ્રીનો પરિચય આપ્યો. શ્રી કાંતિભાઈ ગોઠીએ શુભેચ્છા સંદેશાઓનું વાચન કર્યું. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સચિત્ર વાર્ષિક નિવેદન રજૂ કર્યું. ત્યાર બાદ સંગીતવૃંદના એક ગીત બાદ જાણીતા વક્તા અને લેખક શ્રી જયભાઈ વસાવડાએ વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન રજૂ કર્યું. બપોર પછી સંગીતવૃંદના ગીતગાન બાદ શ્રી જયભાઈ વસાવડાએ બીજું વ્યાખ્યાન એક કવિતાથી શરૂ કરી પ્રશ્નોત્તરરૂપે સંપન્ન કર્યું. શ્રોતાઓ તરફથી એટલા પ્રશ્નો પૂછાયા કે આખરે પ્રશ્નોનો પ્રવાહ અટકાવવો પડ્યો. ત્યાર બાદ વક્તાશ્રીનું અભિવાદન શ્રી અરુણભાઈ દવે અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી દ્વારા યુનિ.ના વિદ્યાર્થીઓ નિર્મિત અર્બન ગાર્ડન કિટ અર્પણ કરીને કરવામાં આવ્યું. અંતમાં શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ આભારદર્શન કર્યું. આ સાથે જ સાયં પ્રાર્થના યોજાઈ ગઈ. સવારની અને બપોરની બંને બેઠકોનું કાર્યક્રમ સંચાલન અનુક્રમે શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ કર્યું. રાત્રે સાડા આઠથી વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો. આ સમગ્ર કાર્યક્રમનું સઘળું આયોજન દરેક વિભાગના વિદ્યાર્થીઓ અને કાર્યકરોને સાથે રાખીને લો.ભા.યુનિ.ના વિદ્યાર્થીઓએ એક શૈક્ષણિક પ્રોજેક્ટરૂપે સુચારુ રીતે કર્યું. લોકભારતીની સફાઈ-સુઘડતા-મહેમાનગતિ-ભોજન-સંગીત-ઉતારા વગેરે સઘળી વ્યવસ્થા વિદ્યાર્થીઓના સહયોગથી કાર્યકરોએ સુચારુ રીતે સંપન્ન કરી, તેની આવેલા સૌ મહેમાનોએ નોંધ લીધી.

● વાત્સલ્યધામ-માલપરાના મોભી તથા લો.ભા.ના પૂર્વ અને સન્માનિત વિદ્યાર્થી શ્રી હીરજીભાઈ ભીંગરાડિયાના નાના ભાઈ શ્રી વલ્લભભાઈના નિધન નિમિત્તે શ્રી અરુણભાઈ દવે, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ તા.૧૯ના રોજ શ્રદ્ધાંજલિ આપવા જઈ આવ્યા.

● તા. ૧૯ના રોજ જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી, જિલ્લા પંચાયત, ભાવનગર દ્વારા આયોજિત 'સશક્તનારી મેળો'માં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી શીલાબહેન બોરીચાના માર્ગદર્શનમાં પ્રદર્શનમાં ભાગ લઈ મૂલ્યવર્ધિત ખેતી પેદાશોનું વેચાણ યોજવામાં આવ્યું હતું. અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલતા 'આર્યા' પ્રોજેકટ અંતર્ગત પ્રોત્સાહિત સ્વસહાયજૂથ દ્વારા મૂલ્યવર્ધિત પેદાશનું વેચાણ યોજવામાં આવ્યું.

● તા.૧૯થી ૨૧ દરમિયાન ચૈતન્ય બાલવિહાર 'શાર્દૂલ' આયોજિત ગુજરાતભરના એવા વાલીઓ કે જેઓ પોતાનાં બાળકોને શાળાએ મોકલવાને બદલે અન્ય વૈકલ્પિક સ્રોત દ્વારા ભણાવે છે, તેવા લગભગ ૧૬૦થી પણ વધુ સંખ્યાની ત્રિદિવસીય સઘન નિવાસી કાર્યશાળા લોકભારતીના ભાવાવરણમાં સંપન્ન થઈ. શ્રી અરુણભાઈ દવેએ પ્રારંભિક ચાવીરૂપ વક્તવ્ય આપ્યું. શ્રી વિશાલભાઈ ભાદાણીએ બાળશિક્ષણ અંગે અત્યાધુનિક વાતો રજૂ કરી. શ્રી દિનુભાઈ ચુડાસમા અને શ્રી ડાહ્યાભાઈ સેંધવે વ્યવસ્થાકીય સંકલન કર્યું.

● તા.૨૦ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના શનિ સમેલનમાં શ્રી અવનીબહેન દવેએ 'યુવાઓને મેડીટેશન' વિષય અંતર્ગત પ્રત્યક્ષ કાર્ય કરાવ્યું.

● તા.૨૦ ડિસેમ્બરથી તા. ૩ જાન્યુઆરી દરમિયાન લોકસેવા તૃતીયવર્ષની ગ્રામશિબિર લંગાળા ગામે યોજાઈ. ઉદ્ઘાટન સત્રના મુખ્ય અતિથી ડૉ.ભરતસિંહ ગોહિલ અને શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યું. સંયોજક શ્રી વિશાલભાઈ જોષીની સાથે શ્રી ભાનુપ્રસાદ ટુંડિયા અને શ્રી પુજાબેન પુરોહિત જોડાયા.

● તા. ૨૫ના લોકભારતી અધ્યાપનમંદિરમાં ૫૪મો બાલવાડી મહોત્સવ યોજાઈ ગયો.પ્રાથમિક શિક્ષણ વિભાગના શ્રેયાન અધિક્ષક શ્રી અલ્પેશભાઈ પીપળીયાના હસ્તે તેમજ શ્રી નલિનભાઈ પંડિત, શ્રી અરુણભાઈ દવે, જ્ઞાનલાઈવ એકેડેમી ગાંધીનગરના સંચાલક શ્રી ચેતનભાઈ પટેલ તેમજ સંસ્થાના વડીલો અને વિભાગીય હોદ્દેદારશ્રીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ થયો. આ વખતની શિબિરમાં શ્રી વાસુદેવભાઈ સોઢા, ડૉ. ભાવનાબેન પાઠક, શ્રી રમેશભાઈ પરમાર, શ્રી રાઘવજીભાઈ કટકિયા (રઘુભાઈ રમકડું), શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી વીરજીભાઈ બાલા, શ્રી ઈલ્યાસભાઈ કુરેશી વગેરે મહેમાનોના બાળગીત, અભિનય ગીત, નાટક, વાર્તાશાસ્ત્ર, ગિજુભાઈનું બાળસાહિત્ય, વિશ્વશાંતિની ગુરુકિલ્લી, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, આપણી દેશી રમતો જેવા વિષયો પર વ્યાખ્યાનો યોજાયા. સમગ્ર કાર્યક્રમને પ્રોત્સાહન સ્વરૂપે જ્ઞાન લાઈવ એકેડેમીના શ્રી ચેતનભાઈ પટેલ તરફથી રૂ. એકલાખ જેટલો આર્થિક સહયોગ કરવામાં આવ્યો. શિબિર સંયોજક અને સહ સંયોજક તરીકે શ્રી કવિતાબહેન વ્યાસ અને શ્રી સંદિપભાઈ ઉંડવિયાએ જવાબદારીનું વહન કર્યું. સમગ્ર સંકલન શ્રી જગદીશગિરિ ગોસાઈએ કર્યું.

● તા.૨૬ના રોજ શ્રી વિક્રમભાઈ ભટ્ટ અને ડૉ. સુધીરભાઈ પટેલને લઈને લોકભારતી મુલાકાતે આવી ગયા.

● તા.૨૬ના રોજ ગુજરાત રાજયના શિક્ષણ વિભાગના ઉપસચિવ શ્રી મનોજભાઈ વાઘ તેમના પરિવાર સાથે લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.

● તા.૨૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો ગ્રામશિબિર અભિમુખતા કાર્યક્રમ શ્રી કાંતિભાઈ ગોઠીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં આ મહિનામાં નીચે પ્રમાણે વર્ગોમાં તાલીમ આપવામાં આવી હતી. શ્રી દિલીપભાઈ શાહ 'ગ્રામપંચાયત અર્થશાસ્ત્ર' ઉપર રસપ્રદ વ્યાખ્યાન આપી ગયા. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ તાલીમાર્થીઓ સમક્ષ હળવાશ ભરી શૈલીમાં 'સૌરાષ્ટ્રની રસધાર' કૃતિમાંથી એક વાર્તા કહી સાહિત્યરસ પીરસ્યો હતો અને કેમ વાચન કરવું એની સમજણ આપી હતી.

● તા.૨૮મીના રોજ પીડીલાઈટના શ્રી પી.કે.શુક્લાજી, શ્રી પવનજી, શ્રી અરુણ ઉપાધ્યાયજી, ડૉ. રાનડેજી, શ્રી કિરીટભાઈ દોશી, કલસાર ક્લસ્ટરના બધા વેટરનરી ડૉક્ટર્સ વગેરેની એક મિટિંગ લોકભારતી મુકામે યોજાઈ ગઈ. સૌએ લોકભારતી ગોશાળાના નવા પ્રોજેક્ટની મુલાકાત લીધી. તેમ જ શુક્લાજીની ટીમે લોકભારતીના નવાં વિકાસ કાર્યોની મુલાકાત લીધી અને પ્રસન્નતા વ્યક્ત કરી.

● ABRSM(અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ)નો એક ત્રિદિવસીય નિવાસી કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગ લોકભારતીના ભાવાવરણમાં તા.૨૯થી ૩૧ યોજાઈ ગયો. ઉદ્ઘાટનસત્રના પ્રારંભમાં શ્રી અરુણભાઈ દવેએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. મ.કૃ.ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ શ્રી ભરતભાઈ રામાનુજે અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું. લગભગ ચૌદેક યુનિ.ઓના પંચાવનેક જેટલા વિભાગીય વડાઓ અને હોદ્દેદારો આ વર્ગમાં ઉપસ્થિત રહ્યા.

● તા.૩૦મીના રોજ સ્વામી શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલ-ટીંબીના અમેરિકાથી નિયમિત આવતા રહેતા ડૉક્ટર શ્રી નટુભાઈ રાજપરા, ડૉ.ભાલાણી(સ્ત્રી રોગ નિષ્ણાત) અને તેમની દીકરી ડૉ. ભાલાણી(સ્ત્રી રોગ નિષ્ણાત) તથા હોસ્પિટલના મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી અને તેમની ટીમ લોકભારતી આવી અને HPV વેક્સીનેશન અંગે લોકભારતી પરિવારની બધી જ વિદ્યાર્થિનીઓ અને કાર્યકર પરિવારની બહેનોને સમજણ આપી અને થોડા દિવસો પછી વેક્સીનેશનનો કેમ્પ ગોઠવાશે તેની વિગતો આપી.

● તા.૩૦મીના રોજ રાજસ્થાન ભીલવાડાના શ્રી આદિત્ય વેદજી અને તેમનો પરિવાર કે જેઓ પોતાનાં બાળકોને શાળાએ મોકલવાને બદલે અન્ય વૈકલ્પિક સ્રોત દ્વારા ભણાવે છે, લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા. તેઓએ સંસ્થાદર્શન કર્યું, લોકભારતીની ડોક્યૂમેન્ટરી જોઈ અને સાયં પ્રાર્થનામાં પણ જોડાયા.

● તા.૩૧મીના રોજ લોકભારતીના સ્થાપક શ્રીનાનાભાઈ ભટ્ટની ૬૪મી પૂણ્યતિથિ નિમિત્તે સાયં પ્રાર્થનામાં - સ્મરણવંદના કરવામાં આવી હતી. નાનાદાદાના તપસ્વી-ઓજસ્વી જીવનની પ્રેરક વાતો શ્રી દિનુભાઈ ચુડાસમાએ કરી.

**આંબલા સમાચાર**

● તા.૦૫ના રોજ શ્રી સરદાર વંદના પરીક્ષા લેવામાં આવેલ અને તેમાં પાસ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

●તા.૦૭ના રોજ વિદ્યાર્થીઓનો મનપસંદ કાર્યક્રમ સ્વયંપાક યોજાઈ ગયો. જેમાં સમગ્ર શાળાના વિદ્યાર્થીઓની પાંચ ટુકડી પાડવામાં આવી. દરેક વિદ્યાર્થી દીઠ સો રૂપિયા બજેટ ફાળવવામાં આવ્યું ૧૦૦ રૂપિયામાં બંને ટંક બપોર અને સાંજના ભોજનનું બજેટની મર્યાદામાં રહીને મેનુ તૈયાર કરવામાં આવ્યુ. મેનુ પ્રમાણે દરેક ટુકડીએ રસોઈ બનાવી. શાળાના તમામ કાર્યકર્તાઓને ટુકડી પ્રમાણે વહેંચવામાં આવ્યા અને પરિવાર સાથે કાર્યક્રમમાં જોડાયા. વિદ્યાર્થીઓમાં રસોઈના કૌશલ્યો, મેનેજમેન્ટ અને એડજેસ્ટમેન્ટના કૌશલ્ય વિકસે એવા શુભ આશયથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને બિરદાવવા માટે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના ઈ.આઈ. શ્રી સુવા સાહેબ, શ્રી દક્ષિણામૂર્તિ વિનય મંદિર-ભાવનગરના આચાર્ય પીઠાભાઈ કોડીયાતર, ભંડારીયા હાઈસ્કૂલના આચાર્ય શ્રી રાજુભાઈ ઘોઘારી ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત પાલીતાણા હાઈસ્કૂલના શિક્ષકો પરિવાર સાથે આ કાર્યક્રમને જોવા માટે ઉપસ્થિત રહ્યા કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવતા સંસ્થાના નિયામક શ્રી મેહુલભાઈ અને આચાર્ય વાઘજીભાઈ સૌને અભિનંદન પાઠવેલ.

● તા.૦૭ અને ૦૮ના રોજ પ્રદેશ કક્ષાના કલા મહાકુંભ સ્પર્ધા - ૨૦૨૫ અમરેલી ખાતે યોજાયેલ તેમાં મોજીલી શાળાની રાસની ટીમ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ.

● તા.૦૯ના રોજ નેશનલ કક્ષાની રંગોત્સવ મહોત્સવ સ્પર્ધામાં આપણી શાળાના કુલ ૮૮ બાળકોએ અલગ અલગ સ્પર્ધામાં ભાગ લીધેલો અને કુલ ૫૫ બાળકોએ ક્રમશઃ ગોલ્ડ,સિલ્વર, અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે અને તે દરેક બાળકો આગામી સમયમાં ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ભાગ લેવા માટે સિલેક્ટ થયેલ છે.

● તા.૧૨ના રોજ પ્રાર્થનાના અનુસંધાને શ્રી ગૌરાંગભાઈ તથા શ્રી ભારતીબહેને પોતાના ઓસ્ટ્રેલિયા પ્રવાસના અનુભવો સંદર્ભે વાતો કરી.

● તા.૧૩ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મકવાણા તથા હરપાલભાઈએ રોબેટીક અને AI અંગેનો વર્કશોપમાં રિલેની કામગીરી તથા કોડિંગની સમજ તેનો લાઈવ ડેમો બનાવી વિદ્યાર્થીઓને તાલીમ આપેલ.

● તા.૧૪ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા તથા શિશુવિહાર સંસ્થા, સિદ્ધિવિનાયક જનરલ હોસ્પિટલ અને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ બોર્ડના સંયુક્ત સહયોગથી લોકશાળા પરિસરમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પની શરૂઆત લોકશાળાની સંગીત ટુકડી દ્વારા સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનોનું તિલક કરી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ દરેક મહેમાનને ભેટરૂપે એક-એક પુસ્તક અર્પણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ભાવનગરના ખ્યાતનામ ડૉ.રાજીવ ઓઝા (એમ.ડી.) તથા તેમની ટીમ દ્વારા ડાયાબિટીસ, દાંતના રોગો, હૃદય સંબંધિત તકલીફો સહિત વિવિધ રોગોની તપાસ અને સારવાર આપવામાં આવી હતી. આંબલા, રામધરી તેમજ આજુબાજુના ગામોના મોટી સંખ્યામાં લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. આ સમગ્ર કેમ્પનું સફળ આયોજન શ્રી મેહુલભાઈ ભટ્ટ તથા શ્રી વાઘજીભાઈ કરમટિયા દ્વારા સંસ્થાના તમામ વિભાગના કાર્યકરો સાથે ભારે જહેમત ઉઠાવી કરવામાં આવ્યું હતું.

● તા.૧૯થી ૨૩ દરમિયાન સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા ૬૦વર્ષથી ચાલતી શિક્ષણ-સજ્જતા-સંગોષ્ઠિ ૬૦મી રેલી (ગણિત વિષય) પર શ્રી ભાગીરથી ઉ.બુ. વિદ્યાલય – ટાટમ તથા જીવનશાળા – આંબરડી ખાતે યોજાઈ હતી. આ

રેલીમાં રવિકૃપા ટ્રસ્ટ, શિક્ષણ ગુણવતા સંવર્ધન એકમ લોકભારતીનો સહયોગ ખૂબ સરસ રહેલ. જીવનશાળા આંબરડી સંસ્થામાં ઉદ્ઘાટનમાં મુખ્ય મહેમાન શ્રી અરુણભાઈ દવે, જ્યારે ટાટમ ખાતે મુખ્ય મહેમાન ડૉ.ભારતીબહેન શિયાળ અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી હાજર રહેલ હતા. રેલી દરમિયાન બંને સંસ્થાઓમાં વક્તા તરીકે શ્રી મેહુલભાઈ હરસોરા, શ્રી હરેશભાઈ રાજાઈ, શ્રી દીપિનભાઈ પીપડિયા, શ્રી પાર્થેશભાઈ પંડ્યા આવેલ. સમગ્ર રેલી દરમિયાન માર્ગદર્શકશ્રીઓ તરીકે શ્રી મેહુલભાઈ ભટ્ટ, શ્રી નાનુભાઈ શિરોયા, શ્રી જીજીભાઇ ચૌહાણ, શ્રી મનુભાઈ ખીમાણી, શ્રી નાગરભાઈ પટેલ, શ્રી માધુભાઈ નાંદરિયા, શ્રી રમેશભાઈ મકવાણાએ કમાન સંભાળી હતી, સમગ્ર રેલી દરમિયાન પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, મંત્રીશ્રી જસવંતભાઈ કાકડિયા, મંત્રીશ્રી સંજયભાઈ કાત્રોડિયા, મંત્રીશ્રી વાઘાજીભાઇ કરમટીયાએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સમાપન સંમેલનમાં આંબરડી મુકામે શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી હાજર રહેલ. જ્યારે ટાટમ મુકામે શ્રી અરુણભાઈ દવે હાજર રહેલ.

● તા. ૧૯થી ૨૩ દરમિયાન ધોરણ -૦૯ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ટાટમ મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત ૬૦મી રેલી (શિક્ષણ-સજ્જતા-સંગોષ્ઠિ)માં વિષય – ગણિતમાં ભાગ લઈ આવેલ. તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંગીત શિક્ષક શ્રી ભરતભાઈ દવેના માર્ગદર્શન હેઠળ '' જનક નંદીની સિતા'' નાટક રજૂ કરી દર્શકોને કળાનંદ આપ્યો હતો.

● તા.૧૮ના રોજ લોકભારતી સણોસરા ખાતેના વાર્ષિકોત્સવમાં કાર્યકર પરિવાર જઈ આવેલ.

● તા.૨૦ના રોજ સંસ્થાના કાર્યકર શ્રી મહર્ષિભાઈ સોલંકીના સાસુ અને બાલમંદિરના શિક્ષકા શ્રી સેજલબહેનના માતુશ્રી સ્વ. જયાબહેનનું દુઃખદ અવસાન થતાં આશ્વાસન આપવામાં આવેલ.

● તા.૨૪ના રોજ સંસ્થાના અગ્રેજી વિષયના શિક્ષક શ્રી બિપિનભાઈ ઠાકોરના નાનાબહેન શ્રી મંજુબહેનનું દુઃખદ અવસાન થતાં દિલસોજી વ્યકત કરાઈ હતી.

**મણાર સમાચાર**

● તા. ૦૫ના રોજ તળાજા તાલુકા કક્ષાનો યુવા ઉત્સવ લોકશાળા મણારના આંગણે યોજાઈ ગયો. લોકગીત , લોકનૃત્યવ, ભજન, કાવ્ય સ્પર્ધા જેવા વિભાગોમાં બાળકોએ ભાગ લીધો હતો.

● તા. ૦૭ ના રોજ ૬૯ મી રાજ્યકક્ષા SGFI THANG -TA માર્શલ આર્ટ અન્ડર ૧૭ માં લોકશાળા મણારના છ ભાઈઓ જઈ આવ્યા જેમાં એક ગોલ્ડ મેડલ એક સિલ્વર મેડલ અને એકે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. આગામી દિવસોમાં ગોલ્ડ મેડલ મેળવનાર મિલન મકવાણા દિલ્હી ખાતે રાષ્ટ્રીય કક્ષાએ જઈ આપણી સંસ્થા અને ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. આ તકે કોચ, મિત્રો અને ખેલાડીઓને આચાર્યશ્રી અને ટ્રસ્ટીશ્રીઓએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ

● ભાવનગર જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ તા. ૧૫ ના રોજ યોજાયેલ હતો, જેમાં હળવું કંઠ્ય ગાયનમાં શ્રી બારિયા ઋષિતા જિલ્લામાં દ્વિતીય ક્રમે આવી.

● ધો.૯ના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો ૧૯ ડિસેમ્બર થી છ દિવસ સુધી ૬૦ મી રેલી શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિ (વિષય - ગણિત શાસ્ત્ર)માં ટાટમ મુકામે જઈ આવ્યા.

● તા. ૧૯ ડિસેમ્બર ના રોજ લોકભારતી સણોસરા ખાતે બારશના કાર્યક્રમમાં આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગર જઈ આવ્યા.

● તા. રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ (N.S.S) શિબિર ભદ્રાવળ મુકામે યોજાઈ ગઈ જેમાં કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ભાવનાબેન પાઠક અને ઉદ્‌ઘાટક કથાકાર સંજયદાસ રામકબીર રહ્યા હતા. એન.એસ.એસ શિબિરનું સાત દિવસનું સુકાન પ્રોગ્રામ ઓફિસર શ્રી કંચનબેન થડોદાએ સંભાળ્યું હતું. સ્વચ્છતા અભિયાન, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી અનેક પ્રવૃત્તિઓ એન.એસ.એસ. ના સ્વયંસેવકોએ કરી હતી.

● વર્ષ ૨૦૨૫ ૨૬ના વાર્ષિક નિરીક્ષણ નિમિત્તે જિલ્લા શિક્ષણ અધિકારી ભાવનગરથી અધિકારીની ટીમ શાળા નિરીક્ષણ માટે આવી હતી. સંસ્થાની મુલાકાત લેતા વિવિધ પ્રવૃત્તિઓ વિષયક તથા વિવિધ ક્ષેત્રે સિદ્ધિઓથી તમામ

અધિકારીઓ ખૂબ પ્રભાવિત થયેલ તેમજ વિદ્યાર્થીઓને જીવનલક્ષી માર્ગદર્શન આપેલ. આ નિરીક્ષણની ટીમમાં નાયબ ડી.પી.ઓ શ્રી વિશાલભાઈ રાજ્યગુરુ ઉપસ્થિત હતા તેમણે પણ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

● રાજ્યકક્ષાના યુવા ઉત્સવ ૨૦૨૫-૨૬માં લોકશાળા મણારની બહેનોની ટીમે મોરબી મુકામે લોકનૃત્યનું ખૂબ જોરદાર પર્ફોર્મન્સ આપ્યું હતું તેમની સાથે સંગીત શિક્ષક મહેન્દ્રભાઈ અને ભાવેશભાઈ જઈ આવ્યા.

● તા. ૨૯ થી ૩૧ સુધી સ્વરક્ષણની તાલીમનું આયોજન અલંગ મરીન પોલીસ સ્ટેશન, અને સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કરવામાં આવ્યું હતું જેમાં સમાપન સમારોહમાં અલંગ મરીન પોલીસ સ્ટેશનના પી.આઈ શ્રી ગુર્જર સાહેબ હાજર રહી અને બાળકોને પ્રેરક ઉદબોધન આપ્યું હતું. સમાપન સમારોહમાં શ્રી મેહુલભાઈ ભટ્ટ પણ હાજર રહ્યા હતા.

● શુભેચ્છા મુલાકાતે શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ પરિવાર સાથે આવી ગયા.

**માઈધાર સમાચાર**

● તા.૪ના રોજ ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ શ્રી ટી.એસ.જોષી સાહેબ અને તેમના પત્ની મેનાબેન માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.

● તા.૪ના રોજ ગીતાજયંતિની ઉજવણી કરવામાં આવી.

● તા.૬ના રોજ લોકવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને કાર્યકરો દ્વારા સ્વયં પાક યોજાયો.

● તા.૮ના રોજ કુંઢેલી ગામે ૪૦ ખેડૂત ભાઈઓ અને ૨૫ બહેનો સાથે કૃષિ વિકાસ કેન્દ્ર માઈધાર દ્વારા ખેડૂત મિટિંગ યોજાઈ.

● તા. ૧૩ના રોજ શિશુવિહાર સંસ્થા યોજિત ૨૯માં શ્રી હીરાબહેન ભટ્ટ મહિલા ઉત્કર્ષ કાર્યક્રમમાં ૨૦ બહેનોને લઈને જગદીશભાઈ ડાંગર, નાથીબેન ભમ્મર અને વિજયભાઈ કુવાડિયા જઈ આવ્યા.

● તા. ૧૪ના રોજ ૮૪ વિદ્યાર્થીઓ સાથે કાર્યકરો GKIQની પરીક્ષા આપવા માટે ભાવનગર જઈ આવ્યા.

● તા. ૧૭ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ભાઈઓ-બહેનો માઈધાર કેન્દ્રના મોજીલા શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓ સમજવા માટે આવી ગયા.

● તા. ૧૮ના રોજ લોકભારતી વાર્ષિકોત્સવમાં કાર્યકરો ભાગ લઈ આવ્યા.

● તા.૧૯ના રોજ આંબલા મોજીલી શાળાના બાળકો આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં પ્રયોગો શીખવા માટે આવી ગયા.

● તા.૧૯ના રોજ છાયાબેન દ્વારા વિદ્યાર્થીઓને યોગા,પ્રણાયામ કરાવવામાં આવ્યા અને માર્ગદર્શન આપ્યું.

● તા.૨૧ના રોજ લોકશાળા મણાર ગ્રામશિબરના વિદ્યાર્થીઓ અને કાર્યકરો પ્રવૃત્તિઓ શીખવા માટે આવી ગયા. શ્રી અરુણભાઈ સાથે પ્રશ્નોતરી કરવામાં આવી.

● તા.૨૨ના રોજ રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી કરવામાં આવી. શ્રી ભાવનાબેન પાઠક દ્વારા પ્રશ્નોત્તરી અને કોયડા દ્વારા રજૂઆત કરવામાં આવી.

● તા. ૨૩ના રોજ કૃષિવિકાસ કેન્દ્ર માઈધાર દ્વારા લાપાળીયા ગામે રાષ્ટ્રીય કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી.

● તા.૨૬ના રોજ શ્રી ભરતભાઈ દવેએ દુનિયામાં ચાલતી યુદ્ધ પરિસ્થિતિ અને વૈશ્વિક સમસ્યાઓ ઉપર પ્રાર્થનાના અનુસંધાને વાર્તાલાપ કર્યો.

● તા. ૨૬ના રોજ શ્રી ભાવનાબેહન પાઠક લોકભારતી અધ્યાપનમંદિરના બાલવાડી શિબિરના કાર્યક્રમમાં ગિજુભાઈના બાળસાહિત્યનો આસ્વાદ કરાવવા જઈ આવ્યા.

● તા. ૨૮ના રોજ ડૉ.નલિનભાઈ પંડિત સાહેબની વાડીએ યોજાયેલ સંગીત કાર્યક્રમમાં શ્રી ભાવનાબહેન, શ્રી પાતુભાઈ, શ્રી મનીષભાઈ જઈ આવ્યા.

● તા.૨૯ના રોજ શ્રી જગદીશભાઈ સરવૈયા પરિવાર સાથે માઈધાર કેન્દ્રમાં આવી ગયા અને પ્રાર્થના અનુસંધાને ભજનો-ગીતો ગાઈને વિદ્યાર્થીઓને મોજ કરાવી.

## સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા : મણકો- ૬૩



સંચાલન : શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા



મંત્રમુગ્ધ કરતા શ્રી જયભાઈ વસાવડા



અભિવાદન : શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી અરુણભાઈ દવે



આનંદદર્શન : શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી













કલા અભિવ્યકિત દર્શાવતા વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ




To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-